Current Affairs December -2018

## 1.December 2018

**(૧) વિશ્વ એઇડ્સ દિવસ :**

- દર વર્ષે ૧ ડિસેમ્બરના રોજ આંતરરાષ્ટ્રીય એઇડ્સ દિવસ મનાવવામાં આવે છે.
- આ દિવસની ઉજવણી વર્ષ ૧૯૮૮ થી કરવામાં આવે છે.
- આ દિવસ વિશ્વમાં એઇડ્સ રોગ પ્રત્યે જાગૃતતા ફેલાવવા અને તેનું નિવારણ કરવાના હેતુથી મનાવવામાં આવે છે.
- એઇડ્સ HIV ના કારણે થતો રોગ છે.
- એક્વાયર્ડ ઇમ્યુનો ડિફિશિયન્સી સિન્ડ્રોમ
- ૨૦૧૮ની થીમ- Know Your Status

**(૨) બેસ્ટ ઇન્ફ્રાસ્ટ્રક્ચર એવોર્ડ :**

- નવી દિલ્હી ખાતે યોજાયેલ 'ઇન્ડિયા ટુ-ડે સ્ટેટ ઓફ ધ સ્ટેટ કોન્કલેવ- ૨૦૧૮' માં ગુજરાતને બેસ્ટ ઇન્ફ્રાસ્ટ્રક્ચર એવોર્ડ એનાયત થયો.
- આ એવોર્ડ ઉપરાષ્ટ્રપતિ શ્રી વેંકૈયા નાયડુના હસ્તે રાજ્યના મુખ્યમંત્રી વિજયભાઇ રૂપાણીને આપવામાં આવ્યો.

**(૩) શાળા – આરોગ્ય રાષ્ટ્રીય બાળ સ્વચ્છતા કાર્યક્રમ :**

- તાજેતરમાં શ્રી વિજયભાઇ રૂપાણીએ રાજ્ય વ્યાપી શાળા– આરોગ્ય રાષ્ટ્રીય બાળ સ્વચ્છતા કાર્યક્રમની શરૂઆત કરી.
- તેમણે પંચમહાલ જિલ્લાના જાંબુઘોડા ખાતેથી આ કાર્યક્રમની શરૂઆત કરાવી.
- નાયબ મુખ્યમંત્રી નીતિનભાઇ પટેલે મહેસાણા શહેરની પ્રાથમિક શાળાથી આ કાર્યક્રમની શરૂઆત કરી હતી.
- આ કાર્યક્રમનો મુખ્ય ઉદ્દેશ બાળકોને થયેલ નાનપણની ગંભીર બીમારીનું નિદાન કરી સારવાર કરવાનો છે.
- કાર્યક્રમ અંતર્ગત હૃદય રોગ, કેન્સર જેવી ગંભીર બીમારીથી પીડાતા બાળકોને સરકાર દ્વારા સુપર સ્પેશ્યાલિટી સારવાર આપવામાં આવે છે.

**(૪) રાષ્ટ્રીય પુસ્તક મેળો :**

- મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણીએ અમદાવાદ ખાતે જીએમડીસી ગ્રાઉન્ડમાં 'રાષ્ટ્રીય પુસ્તક મેળા' નું ઉદ્દઘાટન કર્યું.
- 'રાષ્ટ્રીય પુસ્તક મેળા' નું સાતમું આયોજન થયું હતું.
- ગુજરાત સરકાર દ્વારા ૨૦૧૨ થી આ મેળાનું આયોજન કરવામાં આવે છે.
- આ મેળો ' વાંચે ગુજરાત' મિશનના અંતર્ગત યોજવામાં આવે છે.

**(૫) ઇ-દ્રષ્ટિ :**

- તાજેતરમાં રેલવે પ્રધાન પીયૂષ ગોયલે ઇ- દ્રષ્ટિ સૉફ્ટવેર લોન્ચ કર્યું.
- આ સૉફ્ટવેરની મદદથી ટ્રેનોની નિયમિતતા પર દેખરેખ રાખી શકાય. છે, તેનો ઉપયોગ પેસેન્જર ટ્રેનો અને ફ્રેઇટ ટ્રેન બંને માટે થઇ શકે છે.
- આ સૉફ્ટવેર સેન્ટ્રલ રેલવે ઇન્ફર્મેશન સિસ્ટમ દ્વારા વિકસાવવામાં આવ્યું છે.
- રેલવેની પારદર્શિતાને પ્રોત્સાહન આપવા માટે આ સિસ્ટમ સામાન્ય જનતા માટે પણ ઉપલબ્ધ થશે.

**(૬) અભિનવ બિન્દ્રા – બ્લૂ ક્રોસ એવોર્ડ :**

- ભારતીય શુટર અભિનવ બિન્દ્રાને તાજેતરમાં ISSF બ્લૂ ક્રોસ એવોર્ડ એનાયત થયો.
- આ એવોર્ડ શૂટિંગનો વિશ્વમાં સર્વોચ્ચ એવોર્ડ છે.
- અભિનવ બિન્દ્રા આ એવોર્ડ મેળવનાર પ્રથમ ભારતીય ખેલાડી છે.
- અભિનવ બિન્દ્રાએ ૨૦૦૮ ની બેઇજિંગ ઓલિમ્પીક ગેમ્સમાં ૧૦ મીટર એર રાઇફલ ઇવેન્ટના સુવર્ણચંદ્રક જીતીને ઇતિહાસ બનાવ્યો હતો.
- ઇન્ટરનેશનલ શૂટિંગ સ્પોર્ટ્સ ફેડરેશન (આઇએસએસએફ) દ્વારા તેમને આ સન્માન આપવામાં આવ્યું.
- અભિનવ બિન્દ્રાનો જન્મ ૨૮ સપ્ટેમ્બર, ૧૯૮૨ના રોજ ઉત્તરાખંડના દહેરાદૂનમાં થયો હતો.
- તેઓ વર્ષ ૨૦૧૦ થી વર્ષ ૨૦૧૪ અને આઇએસએસએફ એથ્લેટ કમિટીના સભ્ય હતા.

પ્રશ્નો :

૧ વિશ્વ એઇડ્સ દિવસ ક્યારે ઉજવાય છે ?
- ૧ ડીસેમ્બર

૨ AIDS નું પુરૂનામ જણાવો ?
- એક્વાયર્ડ ઇમ્યુનો ડેફિશિયન્સી સિન્ડ્રોમ

૩ એઇડ્સ શેનાથી થાય છે ?
- HIV ના લીધે

૪ બેસ્ટ ઇન્ફ્રાસ્ટ્રક્ચર એવોર્ડ કયાં રાજ્યને એનાયત થયો અને કોના હસ્તક દ્વારા એનાયત થયો ?
- ગુજરાત, વૈકેયા નાયડુના હસ્તક

૫ વિજયભાઇ રૂપાણીએ શાળા– આરોગ્ય રાષ્ટ્રીય બાળ સ્વચ્છતા કાર્યક્રમની શરૂઆત ક્યાંથી કરાવી ?
- પંચમહાલ જિલ્લાના જાંબુઘોડા ખાતેથી

૬ રાષ્ટ્રીય પુસ્તક મેળાનું આયોજન કયાં વર્ષથી કરવામાં આવે છે. આ વખતનો ક્રમ જણાવો ?
- ૨૦૧૨ ક્રમ ૭ મો

૭ ઇ- દ્રષ્ટિ સોફ્ટવેર કોણે લોન્ચ કર્યું ?
- પીયુષ ગોયલે

૮ તાજેતરમાં કયા ભારતીયને ISSF બ્લુ ફોસ એવોર્ડ એનાયથ થયો ?
- અભિનવ બિન્દ્રા

૯ અભિનવ બિન્દ્રા નો જન્મ કયાં થયો હતો ?
- દહેરાદૂન, ઉત્તરાખંડ

## 2.December 2018

**(૧) બોર્ડર સિક્યુરિટી ફોર્સ સ્થાપના દિન-૧ ડિસેમ્બર**

- દર વર્ષે ૧ ડિસેમ્બરના રોજ બોર્ડર સિક્યુરિટી ફોર્સ સ્થાપના દિવસ મનાવવામાં આવે છે.
- બીએસએફની સ્થાપના ૧ ડિસેમ્બર ૧૯૫૬ના રોજ થઇ હતી.
- બીએસએફનો મોટો : જીવંત પર્યંત કર્તવ્ય

Vivekanand Academy Gandhinagar

- આ ફોર્સ પાકિસ્તાન અને બાંગ્લાદેશ સાથે ભારતીય સીમાની સુરક્ષા કરે છે.
- બીએસએફ દુનિયાની સૌથી મોટી સીમા સુરક્ષા ફોર્સ છે.

**(૨) સંરક્ષણ મંત્રાલય ત્રણ હજાર કરોડની ડિફેન્સ ડીલ મંજૂર કરી :**

- સંરક્ષણમંત્રી નિર્મલા સીતારમણના વડપણ હેઠળ થયેલી સંરક્ષણ ખરીદ પરિષદની બેઠકમાં આ ડિફેન્સ ડીલને મંજૂરી આપવામાં આવી હતી.
- આ ડીલ હેઠળ નેવીનાં બે યુદ્ધજહાજો માટે બ્રહ્મોસ મિસાઇલ ખરીદવામાં આવશે.
- સેનાની મુખ્ય યુદ્ધ ટેન્ક અર્જુન માટે બખ્તરિયાં રિકવરી વાહનો પણ ખરીદવામાં આવશે.
- ભારત લગભગ એક અબજ ડોલરના ખર્ચે બે યુદ્ધ જહાજ ખરીદી રહ્યું છે.
- દેશમાં વિકસિત બ્રહ્મોસ મિસાઇલ આ જહાજોની હથિયાર પ્રણાલીમાં મુખ્ય રહેશે.
- અર્જુન ટેન્ક માટે ખરીદનારાં બખ્તરિયા રિકવરી વાહનો ડીઆરડીઓએ ડિઝાઇન કર્યા છે.
- સંરક્ષણ ક્ષેત્રના જાહેર ઉપક્રમ ભારત અર્થ મૂવર્સ લિમિટેડ તેનું નિર્માણ કરશે.

**(૩) ફોર્બ્સ ૫૦ ફિમેલ્સ – ટેકનોલોજી :**

- તાજેતરમાં ફોર્બ્સ મેગેઝિન દ્વારા ટેકનોલૉજી ક્ષેત્રની ૫૦ મહિલાઓની યાદી જાહેર કરવામાં આવી.
- આ યાદીમાં મૂળ ભારતીય મહિલાઓનો સમાવેશ થયો છે.
- આઇબીએમના મુખ્ય અધિકારી જેની રોમેટી અને નેટફ્લિક્સના કાર્યકારી એની એરોન સામેલ છે.
- આ યાદીમાં સિસ્કોના ભૂતપૂર્વ ચીફ ટેકનોલોજી ઓફિસર પદ્મશ્રી વોરિયર, ઉબેરના સિનિયર ડિરેક્ટર કોમલ મંગતાની, કોન્ફ્યુએન્ટના સહસંસ્થાપક નેહા નારખેડે અને પહચાન પ્રબંધન કંપની દ્રબ્રિજના સ્થાપક કામાક્ષી શિવરામ કૃષ્ણનનો સમાવેશ થાય છે.

**(૪) રજનીકાંત મિશ્રા – બિએસએફ ડિરેક્ટર જનરલ**

- વરિષ્ઠ આઇપીએસ અધિકારી રજનીકાંત મિશ્રાને બોર્ડર સિક્યુરિટી ફોર્સ (બીએસએફ)ના ડિરેક્ટર જનરલ તરીકે નિયુક્ત કરવામાં આવ્યા.
- ૧ ઓગસ્ટ ૨૦૧૯ના રોજ તેમના સુપરન્યુએશન સુધીના સમયગાળા દરમિયાન તેમને બીએસએફનું અધ્યક્ષપદ સોંપવામાં આવ્યું હતું.
- મિશ્રા ઉત્તર પ્રદેશ કેડરના ૧૯૮૪– બેચ આઇપીએસ અધિકારી છે.
- હાલમાં તેઓ સશસ્ત્ર સીમા બળ (એસએસબી) ના ડીજી તરીકે સેવા આપી રહ્યા છે.

**(૫) પૂર્વ અમેરિકી રાષ્ટ્રપતિ જ્યોર્જ બુશનું નિધન :**

- અમેરીકાના પૂર્વ રાષ્ટ્રપતિ જ્યોર્જ એચ.ડબલ્યુ. બુશનું ૩૦ નવેમ્બરના રોજ નિધન થયું.
- તેઓ ૧૯૮૯ થી ૧૯૯૩ સુધી અમેરિકાના ૪૧માં પ્રમુખ રહ્યા હતા.
- તેઓ મૃત્યુ પહેલા સૌથી મોટી ઉંમરના જીવીત અમેરિકી રાષ્ટ્રપતિ હતા.
- તેઓ વર્ષ ૨૦૦૬ માં ભારતની મુલાકાતે આવેલ ૫ માં અમેરિકી રાષ્ટ્રપતિ હતા.
- જ્યોર્જ એચ. ડબલ્યુ. બુશનું પુરું નામ જ્યોર્જ હર્બર્ટ વોકર બુશ હતું.
- બુશનો જન્મ ૧૨ જૂન ૧૯૨૪ના રોજ મિલ્ટન, મેસેચ્યુસેટ્સમાં થયો હતો.
- ૧૯૮૮ માં પ્રમુખ તરીકે ચૂંટાયા પહેલા તેઓ યુનાઇટેડ નેશન્સ અને ચીનમાં યુ.એસ.ના રાજદૂત હતા.
- તેઓ સેન્ટ્રલ ઇન્વેસ્ટિગેશન એજન્સીના નિયામક હતા.
- તેઓ ૮ વર્ષથી અમેરિકાના વાઇસ પ્રેસિડેન્ટ પણ હતા.

**(૬) કમ્પ્યુટર લિટ્રેસી ડે**

પ્રશ્નો :

૧ બોર્ડર સિક્યુરિટી ફોર્સ સ્થાપના દિવસ ક્યારે ઉજવાય છે ?
- ૧ ડિસેમ્બર

૨ BSF ની સ્થાપના ક્યારે થઇ હતી ?
- ૧ ડિસેમ્બર ૧૯૬૫

૩ ભારતીય સેનાની મુખ્ય યુદ્ધ ટેન્કનું નામ જણાવો ?
- અર્જુન

૪ ફોર્બ્સ મેગેઝિન દ્વારા ટેકનોલોજી ક્ષેત્રની ૫૦ મહિલાઓની યાદીમાં કુલ કેટલી ભારતીય મહિલાઓનો સમાવેશ થયો છે ?
- ૪ (ચાર)

૫ BSF ના ડિરેક્ટર જનરલ તરીકે કોની નિમણૂક કરવામાં આવી છે ?
- રજનીકાંત મિશ્રા

૬ કેન્દ્રીય સંરક્ષણ મંત્રીનું નામ જણાવો ?
- નિર્મલા સિતારામન

## 3.December 2018

**(૧) વિશ્વ વિકલાંગ દિવસ :**

- વિશ્વભરમાં ૦૩ ડિસેમ્બરના રોજ વિશ્વ વિકલાંગ દિવસ મનાવવામાં આવે છે.
- યુનાઇટેડ નેશન્સની સામાન્ય સભા એ વર્ષ ૧૯૯૨ માં આ દિવસની પ્રથમ વખત જાહેરાત કરી હતી.
- આ દિવસ ઉજવવાનો હેતુ તમામ ક્ષેત્રોમાં વિકલાંગ વ્યક્તિઓના અધિકારો અને સુખાકારીને પ્રોત્સાહિત કરવાનો અને સામાજિક, આર્થિક અને સાંસ્કૃતિક જીવનના દરેક પાસામાં વિકલાંગ વ્યક્તિઓની સ્થિતિ અંગે જાગરૂકતા વધારવાનો છે.

**(૨) એન્જિન વિનાની ટ્રેન ૧૮ નું દિલ્હી– મુંબઇ રૂટ પર પ્રથમ ટ્રાયલ સફળ :**

- ભારતીય રેલવેની એન્જિન વિનાની પ્રથમ ટ્રેને સ્પીડનો નવો રેકોર્ડ બનાવ્યો છે.
- દિલ્હી – મુંબઇ રૂટ પર ટ્રેન ૧૮ ની પ્રથમ ટ્રાયલ થઇ હતી.
- જે ૧૮૦ કિલોમીટરની ઝડપે દોડી હતી.
- આ નિર્માણ પર ૧૦૦ કરોડનો ખર્ચ થયો છે.
- ટ્રેનની મહત્તમ સ્પીડ ૨૦૦ કિમી થઇ શકે છે.

Vivekanand Academy Gandhinagar

- વર્તમાનમાં ભારતની સૌથી ઝડપી ટ્રેન દિલ્હીથી ઝાંસી વચ્ચે દોડતી ગતિમાન એક્સપ્રેસ છે જેની સ્પીડ ૧૬૦ કિમીની છે.
- દેશની પ્રથમ એન્જિન વિનાની ટ્રેન–૧૮ ચેન્નાઇની ઇન્ટીગ્રલ કૉચ ફેક્ટરી (આઇસીએફ) ખાતે બનેલ છે.

**(૩) અલ્ટ્રારનિંગ – ઉલ્લાસ નારાયણ ઇન્ટરનેશનલ મેડલ જીતનાર પહેલો ભારતીય બન્યો**

- ઉલ્લાસ નારાયણ ઇન્ટરનેશનલ અલ્ટ્રા રનિંગમાં આંતરરાષ્ટ્રીય મેડલ જીતનારો ભારતનો પહેલો ખેલાડી બની ગયો છે.
- તેણે ઇન્ટરનેશનલ એસોસિએશન ઓફ અલ્ટ્રા રનિંગ ૨૪ ઓવર એશિયા અને ઓસાનિયા ચેમ્પિયનશિપમાં બ્રોન્ઝ મેડલ જીત્યો.
- તેણે ૨૪ કલાકમાં ૨૫૦ કિ.મી. નું અંતર કાપી ત્રીજું સ્થાન મેળવ્યું.
- જાપાનના યોશિહિકો ઇશિકાવા ૨૫૩ કિ.મી.નું અંતર પુરું કરી પહેલા અને નોબુયુકી તાકાહાશી ૨૫૨ કિ.મી.નું અંતર પૂરું કરી બીજા નંબરે રહ્યા.

**(૪) ૧૩ મી જી–૨૦ ૨૦૧૮**

- અર્જેન્ટીનાની રાજધાની બ્યુનોસ એરેસ ખાતે બે દિવસની જી–૨૦ સમિટનું આયોજન કરવામાં આવ્યું હતું.
- જી–૨૦ ની રચના સપ્ટેમ્બર ૧૯૯૯ના રોજ કરવામાં આવી હતી.
- તેનું મુખ્ય લક્ષ્ય મુખ્ય મુદ્દાઓ અને વૈશ્વિક અર્થતંત્રની સમસ્યાઓ અંગે ચર્ચા કરવા માટે સભ્ય દેશો એકત્રિત કરવાનો છે.
- ૧૯૯૯ માં જી–સાત દેશોના નાણાં પ્રધાનોએ આંતરરાષ્ટ્રીય મંચ તરીકે જી–૨૦ ની રચના કરી હતી.
- જી–૨૦ તેના સભ્યો માટે આંતરરાષ્ટ્રીય આર્થિક સહકાર અન જે કેટલાક મુદ્દાઓ પણ નિર્ણય લેવાનો મુખ્ય મંચ છે.
- તેમાં ૧૯ દેશો અને યુરોપિયન સંઘનો સમાવેશ થાય છે.
- ભારત વર્ષ ૨૦૨૨ માં ૧૭ મી જી–૨૦ સમિટની યજમાની કરશે.
- ભારત વડાપ્રધાન નરેન્દ્ર મોદી જી–૨૦ સમિટ દરમિયાન યુનાઇટેડ સ્ટેટ્સ, જાપાન સહિતના ઘણા દેશોના રાષ્ટ્રપતિને મળ્યા.
- યુ.એસ. અને જાપાન સાથેની મિટિંગ બાદ વડાપ્રધાન મોદીએ JAI સૂત્ર આપ્યું હતું. (JAI - જાપાન, અમેરિકા, ભારત)
- આ બેઠક જાપાન– અમેરિકા અને ભારતની પ્રથમ ત્રિપક્ષીય બેઠક હતી.

**જી–૨૦ ના સભ્ય દેશો :**

- અર્જેન્ટીના, ઓસ્ટ્રેલિયા, બ્રાઝીલ, કેનેડા, ચાઇના, ફ્રાન્સ, જર્મની, ભારત, ઇન્ડોનેશિયા, ઇટાલી, જાપાન, મેક્સિકો, રશિયા, સાઉદી અરેબિયા, દક્ષિણ આફ્રિકા, દક્ષિણ કોરિયા, તૂર્કી, યુનાઇટેડ કિંગડમ, યુ.એસ, અને યુરોપિયન સંઘ

**(૫) ભારત અને અમેરિકાના એરફોર્સ જવાનો વચ્ચે ડ્રિલ :**

- ભારત અને અમેરિકાના હવાઇ દળો પશ્ચિમ બંગાળના બે એરફોર્સ બેઝ પરથી આગામી ૧૨ દિવસ સુધી અભ્યાસ કરશે.
- આ અભ્યાસ કલાઇકુંડા અને પાનગઢના અર્જુન સિંહ વાયુસેના સ્ટેશન પર થશે.
- આ સંયુક્ત અભ્યાસને 'એક્સ કોપ ઇન્ડિયા –૧૮' નામ અપાયું છે.
- આ સૈન્ય અભ્યાસ ૧૪ ડિસેમ્બર સુધી ચાલશે.
- બંને હવાઇ દળો વચ્ચે આ ચોથો સંયુક્ત અભ્યાસ છે.
- પહેલી વાર અભ્યાસ બે એરફોર્સ સ્ટેશનો પર થશે.
- અગાઉ બંને દેશો વચ્ચે કોપ ઇન્ડિયા અભ્યાસ ૮ વર્ષ અગાઉ ૨૦૧૦ માં થયો હતો.
- પેહલી વાર કોપ ઇન્ડિયા અભ્યાસ ૨૦૦૪ માં ગ્વાલિયર એરફોર્સ સ્ટેશનના ટેકનપુરમાં યોજાયો હતો.
- આ અભ્યાસનું આયોજન માત્ર ભારતમાં જ કરવામાં આવે છે.
- અભ્યાસમાં અમેરિકી હવાઇ દળના ૨૦૦ સૈનિક અને ૧૫ વિમાન જોડાશે.
- અમેરીકાએ ઓફ ૧૫ સી/ડી અને સી–૧૩૦ સૈન્ય વિમાનોનો કાફલો મોકલ્યો છે.
- ભારતના સુખોઇ–30 એમકેઆઇ, જેગુઆર, મિરાજ ૨૦૦૦, સી–૧૩૦ જે અને AWACS વિમાનો સામેલ છે.

**(૬) રોનાલ્ડો વર્ષે ૨૦૧૮ માં સૌથી વધુ ગોલ કરનારો ખેલાડી બન્યો.**

- ક્રિસ્ટિયાનો રોનાલ્ડો વર્ષે ૨૦૧૮ માં યુરોપની ટોપ–૫ લીગમાં સૌથી વધુ ગોલ કરનારો ખેલાડી બન્યો.
- તેણે વર્ષ ૨૦૧૮માં ૩૨ ગોલ કર્યા.
- બાર્સેલોનાનો લિયેનોલ મેસ્સી ૨૮ ગોલ સાથે બીજા નંબરે છે.

પ્રશ્નો :

૧ વિશ્વ વિકલાંગ દિવસ ક્યારે મનાવાય છે ?
- 3 ડિસેમ્બર

૨ ટ્રેન–૧૮નું સફળ ટ્રાયલ ક્યાં બે સ્થળો વચ્ચે થયું ?
- દિલ્હી – મુંબઇ રૂટ

૩ દેશની પ્રથમ એન્જિન વિનાની ટ્રેનનું નામ જણાવો ?
- ટ્રેન– ૧૮

૪ જી–૨૦ સમિટ – ૨૦૧૮નું આયોજન ક્યાં કરવામાં આવ્યું હતું ?
- અર્જેન્ટીનાની રાજધાની બ્યુનોસ ખાતે

૫ ભારત ક્યાં વર્ષમાં જી–૨૦ સમિટનું આયોજન કરવામાં આવશે ?
- ૨૦૨૨

૬ શ્રી નરેન્દ્ર મોદીએ જી–૨૦ સમિટમાં કયું સુત્ર આપ્યું ?
- JAI

(૭) એક્સ ટોપ ઇન્ડિયા – ૧૮ સંયુક્ત અભ્યાસ કયાં બે દેશો વચ્ચે યોજાયો હતો ?
- ભારત અને અમેરિકા

૮ લક્ષ્ય સેન કઇ રમત સાથે સંકળાયેલ છે ?

– બેડમિન્ટન
૯ ૨૦૧૮માં સૌથી વધુ ગોલ કરનાર ખેલાડી જણાવો ?
– રોનાલ્ડો

## 4.December 2018

**(૧) રાષ્ટ્રીય નૌસેના દિવસ :**

**(૨) યુનિલિવર હોર્લિક્સ સહિત ફૂડનો હિસ્સો ખરદશે**

– એંગ્લો ડચ એફએમસીજી જાયન્ટ હિન્દુસ્તાન યુનિલિવર લિમિટેડ ગ્લેક્સો સ્મિથ ક્લાઇનની પોપ્યુલર બ્રાન્ડ હોર્લિક્સ, બુસ્ટ સહિતનો હેલ્થ ફૂડ પોર્ટફોલિયોનો હિસ્સો ૨૭,૭૫૦ કરોડમાં ખરીદશે.
– જેની સાથે ૧૦ હજાર કરોડના ટર્ન ઓવર સાથે ફૂડ એન્ડ રિફ્રેશમેન્ટ બિઝનેસ દેશનો સૌથી મોટો એફએન્ડયાર બિઝનેસ બનશે.

**(૩) એશિયા પેસિફિક બિઝનેસ સ્કૂલ રેકિંગ :**

– ઇન્ડિયન ઇન્સ્ટિટ્યૂટ ઓફ મેનેજમેન્ટ અમદાવાદનો ફાઇનાન્સિયલ ટાઇમ્સ એશિયા પેસિફિક બિઝનેસ સ્કૂલ રેકિંગમાં ચોથો ક્રમ પ્રાપ્ત કર્યો છે.
– આ રેંકિંગમાં આઇઆઇએમ કલકત્તા ૧૩માં સ્થાને છે.
– ખાનગી ઇન્સ્ટિટ્યૂશનમાં માત્ર ઇન્ડિયન સ્કૂલ ઓફ બિઝનેસ ૧૭ માં ક્રમે રહ્યું હતું.
– રેકિંગમાં ચીનની શાંઘાઇ જિયાઓ ટોંગ યુનિવર્સિટી પ્રથમ સ્થાને છે.

**(૪) નવનિયુક્ત નાણાંસચિવ– એ.એન. ઝા**

– પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીની આગેવાની હેઠળ કેબિનેટની નિમણૂક સમિતિએ એ.એન. ઝાને નાણાં સચિવ તરીકે નિયુક્તિ કર્યા.
– તેઓ હસમુખ અઢીયાનું સ્થાન લેશે.
– એ.એન. ઝા મણિપુર – ત્રિપુરા કેડરના ૧૯૮૨ની બેચના આઇએએસ અધિકારી છે.
– અજય નારાયણ ઝા અગાઉ પર્યાવરણ અને વન વિભાગ, મણિપુરમાં મુખ્ય સચિવ તરીકે સેવા આપી ચૂક્યા છે.
– ભારતીય ચલણમાં એક રૂપિયાની નોટમાં નાણા સચિવ દ્વારા સહી કરવામાં આવે છે.

**(૫) બૈલન ડિ' ઓર – ૨૦૧૮**

– ક્રો એશિયાના ફૂટબોલ ખેલાડી લુકા મોડ્રિકે વર્ષ ૨૦૧૮ નો બૈલન ડિ 'ઓર પુરસ્કાર જીત્યો.
– તેઓ પ્રથમ વખત ક્રોએશિયાને ફિફા વિશ્વકપના ફાઇનલ સુધી પહોચાડનાર કપ્તાન છે.
– આ પુરસ્કાર ફ્રેન્ચ મેગેઝિન 'ફ્રાન્સ ફૂટબોલ' દ્વારા દર વર્ષે આપવામાં આવે છે.
– નોર્વેના ફોરવર્ડ એડા હેગરબર્ગેએ મહિલા વર્ગમાં બલોન ડિ'ઓર જીત્યો.
– લુકા આ એવોર્ડ જીતનાર ક્રોએશિયાનો પ્રથમ ફૂટબોલર બન્યા.
– લુકાએ ચેમ્પિયન્સ લીગની સીઝનમાં રીયલ મેડ્રિડને ચેમ્પિયન બનાવવાની મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી હતી.
– રોનાલ્ડોએ આ એવોર્ડ ૨૦૦૮, ૨૦૧૩, ૨૦૧૪, ૨૦૧૬, ૨૦૧૭ માં જીત્યો છે.
– જ્યારે લાયોનેલ મેસીએ ૨૦૦૯, ૨૦૧૦, ૨૦૧૧, ૨૦૧૫ માં એવોર્ડ જીત્યો હતો.
– આ પુરસ્કાર રોનાલ્ડો અને મેસીએ છેલ્લા દસ વર્ષ (૨૦૦૮ થી ૨૦૧૭ સુધી) માં પાંચ – પાંચ વખત જીત્યો હતો.

પ્રશ્નો :

૧ એશિયા પેસિફિક બિઝનેસ સ્કૂલ રેન્કિંગમાં અમદાવાદનો ક્રમ જણાવો ?
– ચોથો
૨ કેન્દ્રીય નવા નાણાસચિવનું નામ જણાવો ?
– એ.એન. ઝા
૩ ભારતીય ચલણ એક રૂપિયાની નોટમાં કોની સહી હોય છે ?
– નાણા સચિવ
૪ બેલોત ડિ'ઓર – ૨૦૧૮ના વિજેતા જણાવો ?
– લુકા મોડિકે
૫ બેલોન ડિ' ઓર–૨૦૧૭ના વિજેતા જણાવો ?
– રોનાલ્ડો

## 5.December 2018

**(૧) આંતરરાષ્ટ્રીય સ્વયંસેવક દિવસ :**

– દર વર્ષે ૫ ડિસેમ્બરના રોજ સંયુક્ત રાષ્ટ્ર દ્વારા આંતરરાષ્ટ્રીય સ્વયંસેવક દિવસ ઉજવવામાં આવે છે.
– સ્વયંસેવકો અને તેમના સંગઠનોએ કરેલા તેમના કાર્યને પ્રોત્સાહિત કરવા માટે આ દિવસ ઉજવવામાં આવે છે.
– ૨૦૧૮ થીમ : Volunteers build resilient Communities

**(૨) બેટ્સમેન ગૌતમ ગંભીરે તમામ ફોર્મેટમાંથી સંન્યાસ લીધો.**

– ભારતીય ક્રિકેટ ટીમના દિગ્ગજ ખેલાડી ગૌતમ ગંભીરે આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાંથી સંન્યાસની જાહેરાત કરી.
– ગંભીરે ભારત માટે ૫૮ ટેસ્ટમેચ, ૧૪૭ વન–ડે મેચ અને ૩૭ ટી–૨૦ આંતરરાષ્ટ્રીય મેચ રમી છે.
– ૨૦૦૩ માં ક્રિકેટમાં ડેબ્યુ કરનાર ગંભીરે ૨૦૦૭ના ટી–૨૦ વર્લ્ડકપ અને ૨૦૧૧ વિશ્વકપની જીતમાં મહત્વપૂર્ણ યોગદાન આપ્યું હતું.
– આ બંને વર્લ્ડ કપની ફાઇનલમાં ભારત તરફથી સૌથી વધુ રન કરનાર બેટ્સમેન હતો.
– તેણે ૨૦૦૭ ટી–૨૦ વર્લ્ડ કપની ફાઇનલમાં ૭૫ રન અને ૨૦૧૧ વર્લ્ડ કપની ફાઇનલમાં ૯૭ રન કર્યા હતા.
– તેણે છેલ્લી ટેસ્ટ ૨૦૧૬ માં ઇંગ્લેન્ડ સામે રાજકોટ રમી હતી.
– છેલ્લી વન–ડે ૨૦૧૩ ધર્મશાળામાં અને છેલ્લી ટી–૨૦ આંતરરાષ્ટ્રીય મેચ ૨૦૧૨માં અમદાવાદમાં રમી હતી.
– તે આઇસીસીના ત્રણેય ફોર્મેટમાં નંબર એક બેટ્સમેન રહી ચૂક્યો છે.
– ગંભીરે આઇપીએલમાં કોલકત્તા ટીમમાં પોતાની સુકાની પદ હેઠળ ૨૦૧૨ અને ૨૦૧૪ માં બે ટાઇટલ જીત્યા હતા.
– તેણે આઇપીએલમાં ૧૨૯ મેચમાં ૭૧ મેચ જીત સાથે કુલ ૪૨૧૮ રન કર્યા છે.

- આંધ્રપ્રદેશ સામે રણજી મેચમાં તેણે કારકિર્દીની અંતિમ મેચ રમી હતી.
- ગૌતમ ગંભીરે તેની આગેવાની હેઠળ આઇપીએલની કોલકત્તા ટીમને ચેમ્પિયન બનાવ્યું હતું.

**(૩) કતાર ઓપેક સંગઠન છોડશે :**

- કતારે જાન્યુઆરી ૨૦૧૯ થી પેટ્રોલિયમ એક્સપોર્ટિંગ દેશોના સંગઠન ઓપેકને છોડી દેવાનો નિર્ણય જાહેર કર્યો છે.
- કતારના નવા ઊર્જા પ્રધાન સાદ અલ- કાબી દ્વારા જાહેરાત કરવામાં આવી હતી.
- કતાર લિક્વિફાઇડ નેચરલ ગેસનું સૌથી મોટું સપ્લાયર છે.
- જે વિશ્વમાં લગભગ ૩૦ ટકા છે.
- ઓપેક પેટ્રોલિયમ ઉત્પાદક ૧૪ દેશોનું સંગઠન છે.
- સભ્યો : અલજીર્યા, અંગોલા, ઇક્વેડોર, ઇરાન, ઇરાક, કુવૈત, સાઉદી અરેબિયા, સંયુક્ત આરબ અમીરાત, કતાર, નાઇજીરીયા, લિબિયા, વેનેઝુએલા, ગેબન, ઇક્વેટોરિયલ ગિની
- ઓર્ગેનાઇઝેશન ઓફ પેટ્રોલિયમ એક્સપોર્ટિંગ કન્ટ્રીઝ
- મુખ્યાલય : વિયેના, ઓસ્ટ્રિયા
- કતાર : રાજધાની દોહા

પ્રશ્નો :

૧ આંતરરાષ્ટ્રીય સ્વયંસેવક દિવસ ક્યારે ઉજવવામાં આવે છે ?

- ૫ ડિસેમ્બર

૨ ગૌતમ ગંભીરનું કાર્યક્ષેત્ર જણાવો ?

- ક્રિકેટ

૩ ઓપેકનું પુરૂનામ જણાવો ?

- ઓર્ગેનાઇઝેશન ઓફ પેટ્રોલિયમ એક્સપોર્ટિંગ કન્ટ્રીઝ

૪ ઓપેક પેટ્રોલિયમમાં કુલ કેટલા ઉત્પાદક દેશો છે ?

- ૧૪

૫ કતારની રાજધાની જણાવો ?

- દોહા

## 6.December 2018

**(૧) હોમગાર્ડઝ ડે :**

- દર વર્ષે ૬ ડિસેમ્બરના રોજ હોમગાર્ડઝ ડે તરીકે ઉજવવામાં આવે છે.
- ડૉ. ઝાકીર હુસૈનએ હોમગાર્ડઝ દળની સ્થાપના કરી હતી.
- ૧૯૪૬માં આ દળની સ્થાપના થઇ હતી.
- આ દળ કોઇપણ આફતના સમયમાં ભારતીય નાગરિકોની રક્ષા કરવાનું કાર્ય કરે છે.
- વર્ષ ૧૯૫૭માં લેડિઝ હોમગાર્ડઝની સ્થાપના થઇ હતી.

**(૨) ડૉ. બાબા સાહેબ આંબેડકર મહાપરિનિર્માણ દિવસ :**

- ડૉ. બી.આર. આંબેડકરનો ૬૨ મો મહાપરિનિર્માણ દિવસ છે.
- તેમનું મૃત્યુ ૬ ડિસેમ્બર ૧૯૫૬ના રોજ દિલ્લી ખાતે થયું હતું.
- ડૉ. બાબાસાહેબ આંબેડકરનો જન્મ મધ્યપ્રદેશના મહુમાં થયો હતો.
- પુરૂનામ – ડૉ. ભીમરાવ રામજીભાઇ આંબેડકર
- તેમણે ભારતીય બંધારણનો ડ્રાફ્ટ તૈયાર કર્યો હતો તેથી તેઓ ભારતીય બંધારણના પિતા તરીકે ઓળખવામાં આવે છે.
- વર્ષ ૧૯૩૬માં તેમણે ‘સ્વતંત્ર મજૂર પક્ષ’ ની સ્થાપના કરી હતી.
- ઓગસ્ટ ૧૯૪૭માં રચાયેલ વચગાળાની સરકારમાં આંબેડકર ભારતના પ્રથમ કાયદા પ્રધાન બન્યા હતા.
- વર્ષ ૧૯૯૦માં તેમને મરણોપરાંત ‘ભારત રત્ન’ થી સન્માનીત કર્યા હતા.

**(૩) યૂઝડ કૂકિંગ ઓઇલ માટેની એપ્લિકેશન રૂકો લોન્ચ કરાઇ :**

- વપરાયેલ રાંધણ તેલ (આરયુસીઓ) ને બાયોડીઝલમાં તબદીલ કરવાના અભિયાન હેઠળ વધુ લોકો યૂઝડ કૂકિંગ ઓઇલ આપી શકે તે માટે મુખ્યમંત્રી વિજય રૂપાણીના હસ્તે ‘રૂકો’ એપ્લિકેશન લોન્ચ કરાઇ.
- આ એપ્લિકેશન બાયોડિઝલ એસોસિયેશન ઓફ ઇન્ડિયા અને ફૂડ સેફ્ટી એન્ડ સ્ટાન્ડર્ડ ઓથોરિટી ઓફ ઈન્ડિયાની સંયુક્ત પહેલ છે.
- ૨૦૧૮ યૂકોની નવી બાયોફ્યૂઅલ નીતિ હેઠળ યૂઝડ કૂકિંગ ઓઇલને સ્વચ્છ ઇંધણમાં રૂપાંતરિત કરાશે.
- જેનાથી ઊર્જા સલામતી માટે આરોગ્ય અને ટકાઉ ગ્રીન ઇંધણને ખાતરી આપી શકાય.

**(૪) રાષ્ટ્રીય રેલ સંગ્રહાલય અને મેડમ તુસાદ વેક્સ મ્યુઝિયમ વચ્ચે કરાર :**

- રેલવે મંત્રાલયના રાષ્ટ્રીય રેલ સંગ્રહાલયએ પ્રવાસીઓને લાભ આપવા માટે મેડમ તુસાદ વેક્સ મ્યુઝિયમ સાથે કરાર કર્યા છે.
- બંને મ્યુઝિયમના આ કરાર નો હેતુ રાષ્ટ્રીય રેલ મ્યુઝિયમ અને મેડમ તુસાદ વેક્સ મ્યુઝિયમના પ્રવાસીઓની સંખ્યામાં વધારો કરવાનો છે.
- આ કરાર હેઠળ રાષ્ટ્રીય રેલ મ્યુઝિયમના મુલાકાતીઓ મેડમ તુષાદ મ્યુઝિયમની મુલાકાત લેશે, તેમને ટિકિટ પર ૩૫ ટકા આકર્ષક ડિસ્કાઉન્ટ આપવામાં આવશે.

**રાષ્ટ્રીય રેલ મ્યુઝિયમ :**

- રાષ્ટ્રીય રેલ મ્યુઝિયમએ એક નવી દિલ્હી, ચાણક્યપુરી ખાતે આવેલ છે, જે ભારતની રેલવે હેરિટેજ તરફ ધ્યાન ખેંચે છે.

**મેડમ તુસાદ વેક્સ મ્યુઝિયમ**

- મૅડમ તુસાદ વેક્સ મ્યુઝિયમ વિશ્વની મીણ સંગ્રહાલયની અગ્રણી ચેન છે.
- મેડમ તુસાદ મ્યુઝિયમ વર્ષ ૨૦૧૭માં નવી દિલ્હીના કોનોટ પેલેસમાં બનેલ વિશ્વનું ૨૩ મુ વેક્સ મ્યુઝિયમ છે.
- ભારતનું આ પહેલું વેક્સ મ્યુઝિયમ છે.
- તુસાદ મ્યુઝિયમમાં મહાત્મા ગાંધી, અમિતાભ બચ્ચન, સચિન તેંડુલકર અને શાહરૂખ ખાન જેવા સેલિબ્રિટીઝની મીણની મૂર્તિઓ છે.

**(૫) ફોર્બ્સ ઇન્ડિયા સેલિબ્રિટી – ૧૦૦**

- તાજેતરમાં ફોર્બ્સ દ્વારા ઇન્ડિયા સેલિબ્રિટી–૧૦૦ લિસ્ટ જાહેર કરવામાં આવ્યું.
- અભિનેતા સલમાન ખાન સતત ત્રીજા વર્ષે સૌથી વધુ કમાણી કરનાર સેલિબ્રિટી બન્યો છે.
- તેણે ૧ ઓક્ટોબર ૨૦૧૭ થી લઇને ૩૦ સપ્ટેમ્બર ૨૦૧૮ વચ્ચે સલમાને ફિલ્મ રિલીઝ, ટીવી શો અને જાહેરાતથી અંદાજે ૨૫૩.૨૫ કરોડ રૂપિયાની કમાણી કરી છે.
- લિસ્ટમાં બીજા નંબરે ભારતીય ક્રિકેટ કેપ્ટન વિરાટ કોહલી છે.
- ૨૦૧૭માં વિરાટની કમાણી ૧૦૦.૭૨ કરોડ રૂપિયા હતી અને તે ત્રીજા નંબરે હતો.
- લીસ્ટમાં ત્રીજા સ્થાને અભિનેતા અક્ષય કુમાર છે.
- આ વર્ષે તેની કમાણી ૨૨૮.૦૯ કરોડ રૂપિયા છે અને વિરાટે શાહરૂખ ખાનને પાછળ છોડીને નંબર–૨ પોઝિશન મેળવી છે.
- ૧) સલમાન ખાન – ૨૫૩.૨૫
  ૨) વિરાટ કોહલી – ૨૨૮.૦૯
  ૩) અક્ષયકુમાર ૧૮૫
  ૪) દીપિકા પાદુકોણ–૧૧૨.૮
  ૫) મહેન્દ્રસિંહ ધોની– ૧૦૧.૭૭
  ૬) આમીર ખાન – ૯૭.૫
  ૭) અમિતામ બચ્ચન – ૯૬.૧૭
  ૮) રણવીર સિંહ – ૮૪.૬૭
  ૯) સચિન તેડુંલકર – ૮૦
  ૧૦) અજય દેવગણ – ૭૪.૫

પ્રશ્નો :

૧ હોમગાર્ડઝ ડે ક્યારે ઉજવાય છે ?
- ૬ ડિસેમ્બર

૨ હોમગાર્ડઝ દળની સ્થાપના કોણે કરી હતી ?
- ડૉ. ઝાકીર હુસૈન

૩ હોમગાર્ડઝ દળની સ્થાપના ક્યારે થઇ હતી ?
- ૧૯૪૬

૪ બાબાસાહેબનું પુરૂનામ જણાવો ?
- ડૉ.ભીમરાવ રામજીભાઇ આંબેડકર

૫ સ્વતંત્ર મજુર પક્ષની સ્થાપના ક્યારે અને કોણે કરી ?
- ૧૯૩૬ માં બાબાસાહેબે

૬ બાબાસાહેબને ભારત રત્ન ક્યારે એનાયત થયો હતો ?
- ૧૯૯૦

૭ ‘રૂકો એપ્લિકેશન કોના દ્વારા લોન્ચ કરાઇ ?
- વિજય રૂપાણી

૮ રાષ્ટ્રીય રેલ મ્યુઝિયમ કયાં આવેલ છે ?
- ચાણક્યપુરી, નવી દિલ્હી

૯ ભારતનું પ્રથમ વેક્સ મ્યુઝિયમ જણાવો ?
- મેડમ તુસાદ વેક્સ મ્યુઝિયમ

## 7.December 2018

**(૧) આર્મ્ડ ફોર્સીસ ફ્લેગ ડે :**

- દેશની સ્વતંત્રતા અને સન્માનનું જીવના ભોગે રક્ષણ કરનારા વીર સૈનિકો અને સશસ્ત્ર સેનાઓ સાથે દેશની ભલી લાગણી અને તેમના કલ્યાણની ભાવનાને જોડવા દર વર્ષે ૭ મી ડિસેમ્બરના રોજ આર્મ્ડ ફોર્સીસ ફ્લેગ ડે એટલે કે સશસ્ત્ર સેના ધ્વજ દિવસની ઉજવણી કરવામાં આવે છે.
- આર્મ્ડ ફોર્સીસ ફ્લેગ ડે ની શરૂઆત વર્ષ ૧૯૪૯ માં થઇ હતી અને તેનો હેતુ સેનાઓને તેમને યોગ્ય સન્માન આપવાનો હતો.

**(૨) સાહિત્ય અકાદમી પુરસ્કાર –૨૦૧૮**

- સાહિત્ય અકાદમી દ્વારા વર્ષ ૨૦૧૮ના પુરસ્કાર વિજેતાના નામોની જાહેરાત કરી.
- સાહિત્ય એકેડમી પુરસ્કાર – ૨૦૧૮ માટે ૨૪ લેખકોની પસંદગી કરવામાં આવી છે.
- જેમાં સાત કવિતા સંગ્રહો, છ નવલકથાઓ, છ વાર્તા સંગ્રહો ત્રણ ટીકા સંગ્રહો અને બે નિબંધ સંગ્રહો પસંદગી એવોર્ડ કરવામાં આવ્યા છે.
- સાહિત્ય અકાદમીના આ પુરસ્કાર ૨૯ જાન્યુઆરી ૨૦૧૯ના રોજ રાજધાની દિલ્હી ખાતે એક ખાસ કાર્યક્રમમાં આપવામાં આવશે.
- આ પુરસ્કારમાં ગુજરાતી ભાષામાં શરીફ વીજળીવાલાને તેમના નિબંધ ‘વિભાજનની વ્યથા’ માટે પસંદ કરવામાં આવ્યા છે.
- ગુજરાતી ભાષામાં સૌ પ્રથમ સાહિત્ય અકાદમી પુરસ્કાર વર્ષ ૧૯૫૫ માં મહાદેવભાઇ દેસાઇને ‘મહાદેવભાઇની ડાયરી’ માટે એનાયત થયો હતો.
- તેઓ વીર નર્મદ ગુજરાત યુનિવર્સિટી ખાતે પ્રોફેસર છે.
- સાહિત્ય અકાદમી અધ્યક્ષ – ડૉ. ચંદ્રશેખર

**(૩) અઝીમ પ્રેમજીને ફ્રાન્સનો સર્વોચ્ચ પુરસ્કાર :**

- WIPRO ના અધ્યક્ષ અઝીમ પ્રેમજીને ફ્રાન્સનો સર્વોચ્ચ નાગરિક પુરસ્કાર એનાયત થયો.
- Chevalier de la Legion d’ Honnerur’ નામનો આ પુરસ્કાર તેમને આઇટી ઉદ્યોગમાં પ્રદાન બદલ આપવામાં આવ્યો છે.
- WIPRO ની સ્થાપના ૧૯૪૫માં થઇ હતી.
- તેનું હેડક્વાટર બેંગ્લોર ખાતે આવેલું છે.

**(૪) નરેન્દ્ર મોદી સૌથી વધુ ફોલોઅર્સ ધરાવતા વૈશ્વિક નેતા – ઇન્સ્ટાગ્રામ :**

- પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી ફોટો શેરિંગ પ્લેટ ફોર્મ ઈન્સ્ટાગ્રામ પર સળંગ બીજા વર્ષે સૌથી વધુ ફોલોઅર્સ ધરાવતા વૈશ્વિક નેતા બની ગયા છે.
- ઇન્સ્ટાગ્રામ પર ૧૫.૫ કરોડ ફોલોઅર્સ સાથે પ્રધાનમંત્રી ટોચ પર છે.
- બીસીડબલ્યુ (બર્સન કોહ્ન અને વોલ્ફ) કંપનીના વૈશ્વિક દ્વારા ડિપ્લોમેસી અભ્યાસ ૨૦૧૮ મુજબ ઇન્સ્ટાગ્રામ પર તેઓ સૌથી અનુસરાતા વૈશ્વિક નેતા છે.
- ૧૨.૨ કરોડ ફોલોઅર્સ સાથે ઇન્સ્ટ્રાગ્રામ પર બીજા ક્રમ આ વૈશ્વિક અગ્રણી નેતા ઇન્ડોનેશિયાના પ્રમુખ જોકો વિડોડો છે.
- યુએસના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પમાં ૧૦.૦૯ કરોડ ફોલોઅર્સ સાથે વિશ્વના ત્રીજા સૌથી વધુ અનુસરાતા વિશ્વની નેતા છે.

Vivekanand Academy Gandhinagar

**(૫) રેલવેએ પહેલીવાર ડીઝલ એન્જિનને ઇલેક્ટ્રિક એન્જિનમાં બદલ્યું :**

– ભારતીય રેલવેના ડીઝલ લોકોમેટિવ વર્ક્સે પહેલીવાર વારાણસીના ડીઝલ રેલવે એન્જિન કારખાનામાં ડીઝલ રેલવે એન્જિનને ઇલેક્ટ્રિક એન્જિનમાં બદલીને ઇતિહાસ રચી દીધો છે.

– ૨૬૦૦ હોર્સ પાવરના ડબલ્યુજીસી ૩ શ્રેણીના એન્જિનને ૫ હજાર હોર્સ પાવરનું ઇલેક્ટ્રિક એન્જિન બનાવી દેવાયું છે.

– મેક ઇન ઇન્ડિયા હેઠળ ડબ્લ્યુજીસી ૩ શ્રેણીના એન્જિનને ઇલેક્ટ્રિક એન્જિનમાં બદલવાની શરૂઆત કરાઇ છે.

– ડીઝલ લોકોમોટિવને ઇલેક્ટ્રિક એન્જિનમાં બદલવાનું કામ ૬૯ દિવસમાં પૂરું કરાયું હતું.

**(૬) આઇસીસી વર્લ્ડ કપની ટ્રોફી અમદાવાદમાં :**

– આંતરરાષ્ટ્રીય ક્રિકેટ કાઉન્સિલ (ICC) ૫૦ ઓવરનો વર્લ્ડ કપ જૂન–૨૦૧૯ માં શરૂ થઇ રહ્યો છે.

– તેના ભાગ રૂપે વર્લ્ડ કપની ટ્રોફી અમદાવાદ ખાતે આવી પહોંચી હતી.

– આ ટ્રોફીને વિશ્વભરમાં ફેરવવામાં આવશે જેમાં ભારત તેનો આઠમો પડાવ છે.

– ભારતભરમાં આ ટ્રોફી ૨૩ દિવસ સુધી અલગ અલગ ૯ શહેરોમાં ફરશે.

– આ વર્લ્ડ કપ ઇંગ્લેન્ડમાં રમાશે, આ ટુર્નામેન્ટમાં કુલ ૧૦ ટીમો ભાગ લઇ રહી છે.

**(૭) યાસિરે ટેસ્ટમાં સૌથી ઝડપી વિકેટનો ૮૨ વર્ષ જૂનો રેકોર્ડ તોડ્યો :**

– પાકિસ્તાનના લેગ સ્પિનર યાસિર શાહ ટેસ્ટ ક્રિકેટમાં સૌથી ઝડપી ૨૦૦ વિકેટ લેનાર બોલર બની ગયો છે.

– ન્યુઝીલેન્ડ સામે ત્રીજી ટેસ્ટમાં યાસિરે સોમરવિલેને આઉટ કરીને આ સિદ્ધિ મેળવી છે.

– તેણે પોતાની ૩૩ મી ટેસ્ટ (ટેસ્ટ નંબર ૨૩૩૨) માં સિદ્ધિ મેળવી છે.

– આ પહેલા આ રેકોર્ડ ઓસ્ટ્રેલિયાના લેગ સ્પિનર ક્લેરી ગ્રિમેટના નામે હતો.

– ગ્રિમેટે ૧૯૩૬માં પોતાની ૩૬ મી ટેસ્ટ (ટેસ્ટ નંબર–૨૫૦) માં આ રેકોર્ડ બનાવ્યો હતો.

– યાસિરે ૮૨ વર્ષ અને ૨૦૮૨ ટેસ્ટ બાદ આ રેકોર્ડ તોડ્યો છે.

– યાસિરે કારકિર્દીમાં ૧ મેચમાં ૧૬ વાર ૫ વિકેટ અને ૩ વાર ૧૦ વિકેટ ઝડપી ચુક્યો છે.

પ્રશ્નો :

૧ સશસ્ત્ર સેના ધ્વજ દિવસની ઉજવણી ક્યારે કરવામાં આવે છે ?

– ૭ ડિસેમ્બર

૨ સાહિત્ય અકાદમી પુરસ્કાર –૨૦૧૮ માટે ક્યાં ગુજરાતી લેખકને પસંદ કરવામાં આવ્યા છે ?

– શરીફ વીજળીવાળા

૩ સાહિત્ય અકાદમીના અધ્યક્ષ જણાવો ?

– ડૉ. ચંદ્રશેખર

૪ તાજેતરમાં કયા ભારતીયને ફ્રાન્સનો સર્વોચ્ચ પુરસ્કાર એનાયત કરવામાં આવ્યો ?

– અઝીમ પ્રેમજી

૫ વર્લ્ડ કપ–૨૦૧૯નું આયોજન કયાં થશે ? :

– ઇંગ્લેન્ડ

૬ તાજેતરમાં ટેસ્ટ ક્રિકેટમાં સૌથી ઝડપી ૨૦૦ વિકેટ લેનાર બોલરનું નામ જણાવો ?

– યાસિર શાહ

## 8.December 2018

**(૧) કૃષ્ણમૂર્તિ સુબ્રમણ્યમ દેશના નવા મુખ્ય આર્થિક સલાહકાર :**

– કેન્દ્ર સરકારે કૃષ્ણમૂર્તિ સુબ્રમણ્યમે મુખ્ય આર્થિક સલાહકાર તરીકે નિયુક્ત કર્યા.

– તેઓ અરવિંદ સુબ્રમણ્યમનું સ્થાન લેશે.

– અરવિંદ સુબ્રમણ્યમે મુખ્ય આર્થિક સલાહકાર તરીકે રાજીનામું આપ્યું હતું.

– કૃષ્ણમૂર્તિ સુબ્રમણ્યમ ભારતના ૧૭મા મુખ્ય આર્થિક સલાહકાર બન્યા છે, તેમનો કાર્યકાળ ત્રણ વર્ષ હશે.

– કૃષ્ણમૂર્તિ સુબ્રમણ્યમ બેન્કિંગ, કોર્પોરેટ ગવર્નન્સ અને આર્થિક નીતિમાં વિશ્વના અગ્રણી નિષ્ણાંત છે.

– હાલમાં સુબ્રમણ્યમ ઇન્ડિયન સ્કૂલ ઓફ બિઝનેસમાં એસોસિએટ પ્રોફેસર છે અને તે એનાલિટિકલ ફાયનાન્સ સેન્ટરના એક્ઝિક્યુટિવ ડિરેક્ટર છે.

– મુખ્ય આર્થિક સલાહકાર વિવિધ આર્થિક મુદ્દાઓ પર કેન્દ્ર સરકાર સાથે સલાહ પૂરી પાડે છે.

– તેઓ નાણા મંત્રાલય હેઠળ કામ કરે છે.

– દેશના પ્રથમ મુખ્ય આર્થિક સલાહકાર જે.જે. અંજીરિયા હતા.

– તેઓ ૧૯૫૬ થી ૧૯૬૧ સુધી દેશના મુખ્ય આર્થિક સલાહકાર હતા.

**(૨) વિશ્વના સૌથી વધુ વિકસતા શહેરમાં સુરત અને રાજકોટનો સમાવેશ :**

– બ્રિટનની રિસર્ચ સંસ્થા ઓક્સફર્ડ ઇકોનોમિક્સ દ્વારા ગ્લોબલ સિટીઝ રિપોર્ટ જાહેર કરવામાં આવ્યો.

– આ રિપોર્ટ મુજબ વર્ષ ૨૦૧૯ થી ૨૦૩૫ સુધી વિશ્વના સૌથી વધુ ઝડપથી વિકસતા ટોપ–૧૦ શહેરોમાં તમામ ભારતના છે.

– રિપોર્ટ મુજબ વિશ્વના સૌથી વધુ ઝડપથી વિકસતા શહેરની યાદીમાં સમગ્ર વિશ્વમાં ગુજરાતનું સુરત પ્રથમ ક્રમે છે.

– જયારે ઉત્તરપ્રદેશનું આગ્રા અને કર્ણાટકનું બેંગ્લોર આ યાદીમાં અનુક્રમે બીજા અને ત્રીજા ક્રમે છે.

– આ યાદીમાં ગુજરાતનું રાજકોટ સાતમા ક્રમે છે.

**(3) નીતિ આયોગ દ્વારા આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ પર વર્લ્ડ હેકથોન :**

– નીતિ આયોગ દ્વારા આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ પર વર્લ્ડ હેકથોન લોન્ચ કરવામાં આવ્યું છે.

– 'આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ – ફોર ઓલ'

- આ ઇવેન્ટનો ધ્યેય વિકાસમાં વિવિધ પડકારોને હલ કરવા માટે પગલાં સૂચવવાનો છે.
- આ હેકથોન બે તબક્કામાં ચાલશે. પ્રથમ તબક્કો ૧૫ જાન્યુઆરી ૨૦૧૯ના રોજ પૂરો થશે અને બીજો તબક્કો ૧૫ માર્ચ, ૨૦૧૯ના રોજ સમાપ્ત થશે.
- હેકેથોનના વિજેતાઓને ૫૦ હજાર યુએસ ડોલરનો ઇનામ આપવામાં આવશે.

**(૪) કાર્બન ડાયોક્સાઇડ ગેસ ઉત્સર્જન મામલે ભારત ચોથા ક્રમે :**

- તાજેતરમાં ગ્લોબલ કાર્બન પ્રોજેક્ટ દ્વારા કાર્બન ડાયોક્સાઇડ ગેસ ઉત્સર્જન સર્વે જાહેર કરવામાં આવ્યો.
- આ સર્વે યુનાઇટેડ નેશન્સ ક્લાયમેન્ટ કોન્ફરન્સ ૨૦૧૮ના પ્રસંગે જાહેર થયો હતો.
- કાર્બન ડાયોક્સાઇડ ગેસ ઉત્સર્જનની દ્રષ્ટિએ ભારત ચોથા સ્થાને છે.
- સર્વે મુજબ ભારતે વર્ષ ૨૦૧૭ માં વિશ્વનાં ૭ ટકા કાર્બન ડાયોક્સાઇડ ઉત્સર્જન કર્યું હતું. જે વર્ષ ૨૦૧૮ માં ૬.૩% હતું.
- સૌથી વધુ ઉત્સર્જન કરતો દેશ ચીન છે જે ૨૭ ટકા ઉત્સર્જન કરે છે.
- અમેરિકા ૧૫% ઉત્સર્જન સાથે બીજા ક્રમે છે.

**(૫) મુંબઇમાં WCO પોલિસી કમિશન**

- મુંબઇ ખાતે વર્લ્ડ કસ્ટમ્સ ઓર્ગેનાઇઝેશનનું ૮૦ મું સત્ર શરૂ થયું.
- તેમાં બિઝનેસ સુવિધા અને ગેરકાયદે નાણાંકીય વ્યવહાર સંબંધિત મુદ્દાઓ પર ચર્ચા કરવામાં આવશે.
- આ બેઠકનું આયોજન WCO દ્વારા કરવામાં આવે છે.
- જે સેન્ટ્રલ ઇનડાયરેક્ટ કર અને કસ્ટમ્સ બોર્ડ દ્વારા યોજવામાં આવે છે.
- WCO ની સ્થાપના વર્ષ ૧૯૫૨ માં કરવામાં આવી હતી તેમા ૧૮૨ સભ્ય દેશ છે.

**(૬) દુનિયાની પ્રથમ આર જે રોબોટ રશ્મિ :**

- રાંચીના સોફ્ટવેર એન્જિનિયર રણજીત શ્રીવાસ્તવે સોફિયા રોબોટનું ઇન્ડિયન વર્ઝન બનાવ્યું છે.
- રશ્મિ નામથી ઓળખાતો આ રોબોટ દુનિયાની પ્રથમ રેડિયો જોકી રોબોટ બની.
- દિલ્હીના રેડિયો સ્ટેશન રેડ એફએમ પર ૩ ડિસેમ્બરથી આસ્ક રશ્મિ નામનો શો શરૂ થયો છે.
- શોના પ્રથમ દિવસે તેણે ટ્રાફિક અંગે શ્રોતાઓ સાથે વાત કરી હતી.

**(૭) આંતરરાષ્ટ્રીય વ્હીલચેર બાસ્કેટબોલનું ટુર્નામેન્ટ :**

- ભારતીય ટીમે પહેલી વાર્ષિક હેના લાહોદ આંતરરાષ્ટ્રીય વ્હીલચેર બાસ્કેટબોલ ટુર્નામેન્ટમાં કાંસ્ય પદક જીત્યો હતો.
- લેબનાનમાં આયોજીત ટુર્નામેન્ટમાં અફઘાનિસ્તાને ગોલ્ડ અને સીરિયાએ સિલ્વર મેડલ જીત્યો હતો.
- આ ટુર્નામેન્ટમાં ઇરાક અને લેબનાનની ટીમોએ ભાગ લીધો હતો.
- ટુર્નામેન્ટ આંતરરાષ્ટ્રીય કમીટી ઓફ રેડક્રોસ અને ત્રીપોલીના ડિસેબલ સ્પોર્ટ્સ એસોસિએશને દિવ્યાંગ ખેલાડીઓને પ્રોત્સાહીત કરવા માટે આયોજીત કર્યું.

**(૮) ભારતની ગોલ્ડ મેડાલિસ્ટ રિલે ટીમ 'એલ મેગેઝિનમાં પ્રકાશિત થઇ :**

- જકાર્તા એશિયન ગેમ્સમાં ગોલ્ડ જીતનાર ભારતીય મહિલા રિલે ટીમે ફ્રાન્સના ફેશન મેગેઝિન ' એલ' ની ડિજિટલ એડિશનની ૨૨ મી એનિવર્સરીના ઇસ્યુમાં ભારતીય ખેલાડીઓને કવર પેજ પર જગ્યા આપી હતી.
- આ વિશ્વના સૌથી મોટા ફેશન મેગેઝિન ગણવામાં આવી છે.
- હિમા દાસ, વિસ્માયા, સરિતા દેવી, પુવમ્મા એ આ વર્ષે જકાર્તા માં મહિલા રિલેમાં ગોલ્ડ જીત્યો.
- 'એલ' મેગેઝિન ૧૯૪૫માં શરૂ થઇ હતી.
- આ ફ્રાંન્સમાં વીકલી, ફોર્ટનાઇટલી અને અન્ય દેશોમાં મંથલી મેગેઝિન પ્રકાશીત થયા છે.

પ્રશ્નો :

૧ દેશના નવા મુખ્ય આર્થિક સલાહકાર જણાવો ?
- કૃષ્ણમૂર્તિ સુબ્રમણ્યમ્

૨ દેશના પ્રથમ મુખ્ય આર્થિક સલાહકારનું નામ જણાવો ?
- જે.જે. અંજીરિયા

૩ વિશ્વના સૌથી વધુ ઝડપથી વિકસતા શહેરની યાદીમાં ગુજરાતનું કયું શહેર પ્રથમ ક્રમે છે ?
- સુરત

૪ 'વર્લ્ડ હેકથોન' કોના દ્વારા લોન્ચ કરવામાં આવ્યું ?
- નીતિ આયોગ

૫ સૌથી વધુ કાર્બન ડાયોક્સાઇડ ઉત્સર્જન કરતો દેશ જણાવો ?
- ચીન

૬ WCO નું પુરૂનામ જણાવો ?
- વર્લ્ડ કસ્ટમ્સ ઓર્ગેનાઇઝેશન

૭ જી– વિશ્વના પ્રથમ આર જે રોબોટનું નામ જણાવો ?
- રશ્મિ

૮ તાજેતરમાં ભારતની ગોલ્ડ મેડાલિસ્ટ રિલે ટીમ ફ્રાન્સનાં કયા મેગેઝિનમાં પ્રકાશિત થઇ ?
- એલ મેગેઝિન

## 9.December 2018

**(૧) આંતરરાષ્ટ્રીય ભ્રષ્ટાચાર વિરોધી દિવસ– ૯ ડિસેમ્બર :**

- દર વર્ષે ૯ ડિસેમ્બરના રોજ ભ્રષ્ટાચાર સામે જાગૃતતા લાવવા માટે આ દિવસની ઉજવણી કરવામાં આવે છે.
- સંયુક્ત રાષ્ટ્ર દ્વારા ૩૧ ઓક્ટોબર ૨૦૦૩ ના રોજ આ દિવસ મનાવવાનું નક્કી કરવામાં આવ્યું હતું.

**(૨) વિશ્વની ૧૦૦ સૌથી શક્તિશાળી અને પ્રભાવશાળી મહિલાઓ – ફોર્બ્સ**

- ફોર્બ્સે વિશ્વની ૧૦૦ સૌથી શક્તિશાળી અને પ્રભાવશાળી મહિલાઓની યાદી જાહેર કરી.
- તેમાં ભારતની ચાર મહિલાઓ, એચસીએલનાં સીઇઓ રોશની નાદર, બાયોકોનનાં ફાઉન્ડર કિરણ મજમુદાર

Vivekanand Academy Gandhinagar

શો, એચ ટી મીડિયાનાં મેનેજિંગ ડિરેક્ટર શોભના ભરતિયા તેમજ અભિનેત્રી પ્રિયંકા ચોપરાના સામેલ છે.
- તેમાં સૌથી સારું રેન્કિંગ રોશનીને મળ્યું છે. તે ૫૧ માં સ્થાને, કિરણ ૬૦માં, શોભના ૮૮ માં અને પ્રિયંકા ૯૪ માં ક્રમે છે.
- ફોર્બ્સ ૧૫ વર્ષથી આ યાદી બહાર પાડે છે.
- તેમાં ૧૩ વખત જર્મન ચાન્સેલર એન્જેલા મર્કેલ જ ટોપ રહ્યાં હતાં.
- આ વર્ષે સતત ૮ મી વાર મર્કેલ લિસ્ટમાં ટોપ પર છે.
- બ્રિટિશ પીએમ થેરેસામે સતત બીજા વર્ષે નંબર ૨ પર છે.
- આ યાદીમાં ક્રિસ્ટીન લાગાર્ડ ત્રીજા સ્થાને છે.

**(૩) કોહલીએ ઓસ્ટ્રેલિયામાં સૌથી ઓછી ઇનિંગ્સમાં ૧૦૦૦ રન પૂરા કર્યા.**
- કોહલીએ ઓસ્ટ્રેલિયામાં ૧૮ મી ઇનિંગ્સમાં ૧૦૦૦ રન પુરા કર્યા હતા.
- તેણે ભારતીય બેટ્સમેનોમાં સૌથી ઓછી ઇનિંગ્સમાં આ સિદ્ધિ મેળવી છે.
- લક્ષ્મણે ૧૯ અને સચિને ૨૨ ઇનિંગ્સમાં આ રેકોર્ડ કર્યો હતો.
- કોહલી ઓસ્ટ્રેલિયામાં ૧૦૦૦ રન કરનાર ૨૮ મો વિદેશી બેટ્સમેન છે.
- કોહલીએ ઓસ્ટ્રેલિયામાં ૫૯.૦૫ ની એવરેજથી ૧૦૦૦ રન કર્યા છે.

**(૪) મિસ વર્લ્ડ ૨૦૧૮**
- મેક્સિકોની વનિસા પોન્સ ડી લિયોનએ મિસ વર્લ્ડ ૨૦૧૮નું ટાઇટલ જીત્યું.
- આ ઇવેન્ટમાં ભારતની અનુકૃતિ વાસ ટોપ-૩૦ માં સામેલ હતી.
- આ ઇવેન્ટમાં ૩૨ દેશોની સુંદરીઓએ ભાગ લીધો હતો.
- ગત વર્ષની મિસ વર્લ્ડ ભારતીય માનુષી ચિલ્લરે વનિસાને તાજ પહેરાવ્યો હતો.
- આ ૭૦ મી મિસ વર્લ્ડ સ્પર્ધા ચીનના સાનિયા શહેરમાં યોજાઇ હતી.
- થાઇલેન્ડની નિકોલેન પિશાપાને પ્રથમ રનરઅપ તરીકે પસંદ કરાઈ છે.
- વનિસા પોન્સ ડી લિયોનનો જન્મ ૭ માર્ચ ૧૯૯૨ના રોજ થયો હતો.
- મિસ વર્લ્ડ ૨૦૧૮ વિજેતા વનિસા ઇન્ટરનેશનલ બિઝનેસમાં સ્નાતક થઇ છે.
- મિસ વર્લ્ડનો ખિતાબ જીતનાર ભારતીય સુંદરીઓ :
  - રિટા ફરિયા (૧૯૬૬)
  - ઐશ્વર્યા રાય (૧૯૯૪)
  - ડાયના હેડન (૧૯૯૭)
  - યુક્તા મુખી (૧૯૯૯)
  - પ્રિયંકા ચોપડા (૨૦૦૦)
  - માનુષી ચિલ્લર (૨૦૧૭)

**(૫) ઇશાંત શર્માએ ઓસ્ટ્રેલિયા સામે ૫૦ વિકેટ પૂરી કરી :**
- ઇશાંત શર્માએ ઓસ્ટ્રેલિયા સામે ટેસ્ટ ક્રિકેટમાં પોતાની ૫૦ વિકેટ ઝડપી હતી.
- તે આ સિદ્ધી મેળવનાર ભારતનો ત્રીજો ફાસ્ટ બોલર બન્યો હતો.
- આ પહેલા ભૂતપૂર્વ સુકાની કપિલ દેવ (૨૦ મેચમાં ૭૯ વિકેટ) અને ઝહીર ખાતે ૧૯ મેચમાં ૬૧ વિકેટ) આ સિદ્ધી મેળવી છે.
- ઇશાંત શર્મા બાદ ચોથા સ્થાને ઉમેશ યાદવ છે.
- ઉમેશ યાદવે ઓસ્ટ્રેલિયા સામે ૧૧ મેચમાં ૪૨ વિકેટ ઝડપી છે.

**(૬) ગોલ્ફ શુભાંકર એશિયાઇ ટુર ઓર્ડર ઓફ મેરિટ જીતનાર સૌથી યુવા ભારતીય :**
- શુભાંકર શર્માએ એશિયન ટુર ઓર્ડર ઓફ મેરિટનો ખિતાબ જિત્યો છે.
- શુભાંકર શર્મા આ ખિતાબ જીતનાર સૌથી યુવા ભારતીય ગોલ્ફર બન્યો હતો.
- શુભાંકર પહેલા જ્યોતિ રંધાવા (૨૦૦૨), અર્જુન અટવાલ (૨૦૦૩) જીવ મિલ્ખા સિંહ (૨૦૦૬, ૨૦૦૮) અને અનિર્બાન લાહિડી (૨૦૧૫) એ આ ખિતાબ જીત્યા છે.

પ્રશ્નો :

૧ આંતરરાષ્ટ્રીય ભ્રષ્ટાચાર વિરોધી દિવસ ક્યારે મનાવાય છે ?
- ૯ ડિસેમ્બર

૨ મિસ વર્લ્ડ – ૨૦૧૮ વિજેતા જણાવો ?
- વનિસા પોન્સ ડી લિયોન

૩ મિસ વર્લ્ડ નો ખિતાબ જીતનાર પ્રથમ ભારતીય મહિલા જણાવો ?
- રિટા ફારિયા (૧૯૬૬)

૪ ઇશાંત શર્મા કઇ રમત સાથે સંકળાયેલ છે ?
- ક્રિકેટ

૫ શુભાંકર શર્મા કઇ રમત સાથે સંકળાયેલ છે ?
- ગોલ્ફ

## 10.December 2018

**(૧) વિશ્વ માનવ અધિકાર દિવસ :**
- દર વર્ષે ૧૦ ડિસેમ્બરના રોજ વિશ્વ માનવ અધિકાર દિવસ ઉજવવામાં આવે છે.
- ૨૦૧૮ થીમ 'Stand Up For Human Rights' છે.
- ભારતમાં માનવ અધિકાર એક્ટ ૨૮ સપ્ટેમ્બર ૧૯૯૩ થી અમલમાં આવ્યો.
- ભારત સરકારે ૧૨ ઓક્ટોબર, ૧૯૯૩ના રોજ રાષ્ટ્રીય માનવ અધિકાર કમિશનની રચના કરી હતી.
- યુનાઇટેડ નેશન્સ દ્વારા ડિસેમ્બર ૧૯૪૮ થી દર વર્ષે આ દિવસ ઉજવવામાં આવે છે.

**(૨) આરબીઆઇના ગવર્નર ઉર્જિત પટેલનું રાજીનામું :**
- આરબીઆઇના ગવર્નર ઉર્જિત પટેલે રાજીનામું આપ્યું છે.
- રઘુરામ રાજનની નિવૃત્તિ પછી તેમણે સપ્ટેમ્બર ૨૦૧૬માં આ પદ સંભાળ્યું હતું.
- તેઓ આરબીઆઇના ૨૪ માં ગવર્નર હતા. તેમની નિમણૂંક ત્રણ વર્ષ માટે કરવામાં આવી હતી. તેમનો કાર્યકાળ સપ્ટેમ્બર ૨૦૧૯માં પૂર્ણ થવાનો હતો.

Vivekanand Academy Gandhinagar

- વર્ષ ૧૯૯૨ બાદ તેમનો ગવર્નર તરીકેનો કાર્યકાળ સૌથી ઓછો છે.
- ૧૯૯૨માં એસ. વેંકટરામનનો કાર્યકાળ બે વર્ષથી ઓછો હતો.
- તેઓ ૭ જાન્યુઆરી ૨૦૧૩ના રોજ ડેપ્યુટી ગવર્નર તરીકે રિઝર્વ બેન્ક ઓફ ઇન્ડિયામાં જોડાયા.
- તેમણે ૧૯૯૮ થી ૨૦૦૧ સુધી ઊર્જા અને આર્થિક બાબતો વિભાગમાં પણ સેવા આપી છે.
- વર્ષ ૧૯૯૫ થી ૧૯૯૭ સુધી તેઓ આરબીઆઇમાં સલાહકાર તરીકે કામ કરતા હતા.
- રિઝર્વ બેન્ક ઓફ ઇન્ડિયા એક્ટ ૧૯૩૪ અંતર્ગત આરબીઆઇની સ્થાપના ૧ એપ્રિલ ૧૯૩૫ના રોજ કરવામાં આવી હતી.

**(૩) રાજ્યમાં કઝાકિસ્તાનની કોન્સયુલ કાર્યાલયનો આરંભ :**

- ગુજરાતમાં કોઇપણ દેશના પ્રથમ કોન્સયુલ કાર્યાલયનો સેક્ટર આઠ–બી, ગાંધીનગરમાં મુખ્યમંત્રી વિજય રૂપાણીએ આરંભ કરાવ્યો.
- આ પ્રસંગે કઝાકિસ્તાનના ભારત ખાતેના રાજદૂત બુલાત સરસેન્વાયેબ હાજર રહ્યા હતા.
- ગાંધીનગરના કોન્સયુલ કાર્યાલયમાં કોન્સયુલર તરીકે દિલીપસિંહ ચંદનની નિયુક્તિ કરાઇ છે.
- ગુજરાતની જેમ કઝાકસ્તાન પણ ૩૫૦૦ કિમીનો વિશાળ દરિયાકિનારો ધરાવે છે.
- ગુજરાતની પોર્ટ કનેક્ટીવીટી, મેડિકલ, ટુરીઝમ, કલ્ચર જેવી બાબતોને ધ્યાનમાં રાખીને કચેરીનો શરૂ કરવામાં આવી છે.

**(૪) વિશ્વનો સૌથી ઊંચો બ્રિજ મણિપુરમાં :**

- મણિપુરમાં વિશ્વનો સૌથી ઊંચો બ્રિજ બાંધવામાં આવી રહ્યો છે.
- રેલવે મંત્રાલય અનુસાર આ બ્રિજ ૧૪૧ મીટર ઊંચો હશે.
- જે યુરોપના મોન્ટેનેગ્રોમાં ૧૩૯ મીટરના ઊંચા પુલ કરતા વધારે છે.
- તેનું નિર્માણ કાર્ય ૨૦૨૦ સુધીમાં પૂર્ણ થવાની ધારણા છે.
- આ રેલવે બ્રિજ મણિપુરમાં ૧૧૧ કિમી લાંબી જિરીબામ–તુપુલ– ઇમ્ફાલ વચ્ચેની નવી બ્રોડ ગેજ લાઇન હેઠળ બાંધવામાં આવી રહ્યો છે.
- નવી બ્રોડ ગેજ લાઇનની કુલ લંબાઈ ૭૦૩ મીટર હશે.

**(૫) સામાન્ય લોકો માટે પાકિસ્તાનનું રાષ્ટ્રપતિ ભવન ખુલ્લુ મુકાયુ :**

- પાકિસ્તાન સરકારે આકરી સુરક્ષા ધરાવતા રાષ્ટ્રપતિ ભવનને સામાન્ય લોકો માટે ખુલ્લુ મૂક્યું.
- પાકિસ્તાનમાં આ નિર્ણય પ્રથમ વખત લેવામાં આવ્યો છે.
- સામાન્ય નાગરિકોને આ વિશેષાધિકાર સરકારી ઇમારતોને એક્સેસ કરવાની યોજના અંતર્ગત આપવામાં આવ્યો છે.
- રાષ્ટ્રપતિ ભવન ખાતે લોકો માટે મહમ્મદ અલી ઝીણા અને લિયાકત અલી ખાનના ઐતિહાસિક દસ્તાવેજો પ્રદર્શિત કરશે.
- રાષ્ટ્રપતિ ભવનનું સત્તાવાર નામ એવાન એ – સદર છે.
- આ રાજધાની ઇસ્લામાબાદના રેડ ઝોનના કોન્સ્ટિટ્યૂશન એવન્યૂમાંદ મારગલ્લા હિલ્સ પર સ્થિત છે.
- રાષ્ટ્રપતિ ભવન આધુનિક પિરામિડ વાસ્તુ શાનદાર શૈલીને દર્શાવે છે
- પાકિસ્તાન વડાપ્રધાન – ઇરામન ખાન, રાષ્ટ્રપતિ – અરફ અલ્વી

**(૬) ભારતનો રશિયા સાથે સંયુક્ત અભ્યાસ :**

- ભારત અને રશિયાની એરફોર્સ જોધપુરમાં સંયુક્ત સૈન્ય અભ્યાસ ૧૨ દિવસ કરશે.
- તેનો ઉદ્દેશ્ય ઓપરેશન સ્કિલ વધારવાનો છે.
- ડ્રિલનું નામ અવિન્દ્ર રખાયું છે.
- ડ્રિલ માટે અભ્યાસમાં રશિયા નિર્મિત ભારતીય વિમાનોનો ઉપયોગ કરશે.
- ૨૦૧૭ ઓક્ટોબરમાં ભારત અને રશિયાએ ૧૦ દિવસ સુધી સૈન્ય અભ્યાસ કર્યો હતો. તેમાં તેની ત્રણેય સેનાઓ સામેલ થઇ હતી.

પ્રશ્નો :

૧ વિશ્વ માનવ અધિકાર દિવસ ક્યારે ઉજવાય છે ?
– ૧૦ ડિસેમ્બર

૨ ભારતે રાષ્ટ્રીય માનવ અધિકાર કમિશનની રચના ક્યારે કરી હતી ?
– ૧૨ ઓક્ટોબર ૧૯૯૩

3 RBI ના ૨૪માં ગર્વનરનું નામ જણાવો ?
– ઉર્જિત પટેલ

૪ ની સ્થાપના ક્યારે કરવામાં આવી હતી ?
– ૧ એપ્રિલ ૧૯૩૫

૫ વિશ્વનાં સૌથી ઉંચો બ્રિજ ક્યાં બનાવવામાં આવશે ?
– મણીપુર

૬ મણિપુરમાં કઇ નદી પર સૌથી ઉંચો બ્રિજ બનાવવામાં આવશે ?
– આઇરિંગ નદી

૭ 'અવિન્દ્ર ડ્રિલ' કયાં બે દેશો વચ્ચેના અભ્યાસનું નામ છે ?
– ભારત અને રશિયા

## 11.December 2018

**(૧) આંતરરાષ્ટ્રીય પર્વત દિવસ – ૧૧ ડિસેમ્બર :**

- દર વર્ષે ૧૧ ડિસેમ્બરના રોજ સંયુક્ત રાષ્ટ્ર દ્વારા આંતરરાષ્ટ્રીય પર્વત દિવસ મનાવવામાં આવે છે.
- વિશ્વના પર્વતોની જાણવાની અને તેના ઇતિહાસને જાળવવા માટે વર્ષ ૨૦૦૩ માં ૧૧ ડિસેમ્બરે સંયુક્ત રાષ્ટ્ર મહસભા દ્વારા એક ઠરાવ પસાર કર્યો હતો ત્યારથી આ દિવસની ઉજવણી કરવામાં આવે છે.
- ૨૦૧૮ થીમ : Mountains Matter

**(૨) યુનિસેફ દિવસ – ૧૧ ડિસેમ્બર :**

- દર વર્ષે ૧૧ ડિસેમ્બર યુનિસેફ દિવસ મનાવવામાં આવે છે.

- ૧૧ ડિસેમ્બર, ૧૯૪૬ના રોજ યુનાઇટેડ નેશન્સ ઇન્ટરનેશનલ ચિલ્ડ્રન્સ ઇમર્જન્સી ફંડ તરીકે સ્થાપના કરી હતી.
- સ્થાપક : લુડવાવિક વિટોલ્ડ રાજ્યમેન

**(૩) અગ્નિ–૫નું ૭ મું સફળ પરીક્ષણ કરવામાં આવ્યું :**

- સ્વદેશી બેલાસ્ટિક મિસાઇલ અગ્નિ–૫ નું ૭ મું સફળ પરીક્ષણ કરવામાં આવ્યું હતું.
- આ પરીક્ષણ ઓરિસ્સા ના દરિયા કિનારે કરવામાં આવ્યું.
- અગ્નિ– ૫ મિસાઇલની મારક ક્ષમતા ૫,૫૦૦ કિલોમીટર સુધીની છે.
- આ મિસાઇલ ટેકનોલોજીની દ્રષ્ટિએ અત્યાધુનિક છે તેમાં નેવિગેશન, માર્ગદર્શન, વોરહેડ અને એન્જિન જેવા સાધનો જોડાયેલ છે.
- અગ્નિ–૫ મિસાઇલ ૧.૫ ટન વિસ્ફોટક વહન કરવાની શક્તિ ધરાવે છે. તેની ઝડપ અવાજની ઝડપ કરતાં ૨૪ ગણી વધારે છે.
- અગાઉ વર્ષ ૨૦૧૨ માં અગ્નિ – ૫ નું પ્રથમ સફળ પરીક્ષણ કરવામાં આવ્યું હતું.
- ત્યારબાદ ૨૦૧૩, ૨૦૧૫, ૨૦૧૬ જાન્યુઆરી ૨૦૧૮ અને જૂન ૨૦૧૮ માં સફળતાપૂર્વક પરીક્ષણ કરવામાં આવ્યું હતું.
- આ મિસાઇલને લક્ષ્ય બિંદુ પર ચોક્કસ રીતે પ્રહાર કરવા માટે બનાવવામાં આવી છે.
- મિસાઇલને તેમાં સામેલ કમ્પ્યુટર દ્વારા માર્ગદર્શન આપવામાં આવશે.

**(૪) દિલ્હી મેટ્રો વિશ્વની ૭મી સૌથી વ્યસ્ત ટ્રેન સેવા બની :**

- દિલ્હી મેટ્રો પ્રવાસીઓની સંખ્યાની રીતે વિશ્વની સાતમી વ્યસ્ત મેટ્રો ટ્રેન સેવા બની છે.
- યુનિયન ઇન્ટરનેશનલ ડસ ટ્રાન્સપોર્ટેટ્સ પબ્લિક્સ ના તાજેતરના સર્વે મુજબ ૨૦૧૭માં ૧૮૮.૯ કરોડ લોકોએ દિલ્હી મેટ્રોમાં પ્રવાસ કર્યો હતો.
- ટોક્યો મેટ્રો ૩૪૬.૩ કરોડ મુસાફરો સાથે પ્રથમ સ્થાને છે.
- મોસ્કો મેટ્રો ૨૩૬.૯ કરોડ સાથે બીજા સ્થાને છે અને શાંઘાઇ મેટ્રો ૨૦૪.૪ કરોડ સાથે ત્રીજા સ્થાને છે.

**(૫) ભારતનું પ્રથમ અંડરવોટર મ્યુઝિયમ :**

- પુડુચેરી ખાતે દેશનું પ્રથમ અંડરવોટર મ્યુઝિયમ બનશે.
- માર્ચ ૨૦૧૮માં સેવા નિવૃત્તિ થયેલ માઇન્સવીપર આઇએનએસ. કુડ્ડાલોરને સંગ્રહાલયમાં રૂપાંતરિત કરવામાં આવશે.
- માઇન્સવીપરને પુડુચેરી દરિયા કિનારે ૭ કિલોમીટર દૂર તૈનાત કરવામાં આવશે.

**(૬) લક્ઝમબર્ગ જાહેર પરિવહનને મફત કરનાર વિશ્વનો પ્રથમ દેશ :**

- લક્ઝમબર્ગ દેશ પોતાના તમામ જાહેર પરિવહન સેવાને મફત કરનાર પ્રથમ દેશ બન્યો.
- ૨૦ વર્ષથી નીચેના તમામ નાગરિક માટે ટ્રેનો, ટ્રામ અને બસોની સેવા મફત મળશે.
- રાજધાની : લક્ઝમબર્ગ સિટી
- વડાપ્રધાન : ઝેવિયર બેટટેલ

પ્રશ્નો :

૧ આંતરરાષ્ટ્રીય પર્વત દિવસ ક્યારે ઉજવાય છે ?
– ૧૧ ડિસેમ્બર
૨ પર્વત દિવસ – ૨૦૧૮ની થીમ જણાવો ?
– Mountains Matter
૩ યુનિસેફ દિવસ ક્યારે મનાવાય છે ?
– ૧૧ ડિસેમ્બર
૪ અગ્નિ–૫ મિસાઇલની મારકક્ષમતા (કિ.મી.માં) જણાવો ?
– ૫૫૦૦ કિ.મી. સુધી
૫ ભારતનું પ્રથમ અંડરવોટર મ્યુઝિયમ કયાં બનશે ?
– પુડુચેરી
૬ જાહેર પરિવહનને મફત કરનાર વિશ્વનો પ્રથમ દેશ જણાવો ?
– લક્ઝમબર્ગ
૭ લક્ઝમબર્ગના વડાપ્રધાનનું નામ જણાવો ?
– ઝેવિયર બેટટેલ

## 12.December 2018

**(૧) કન્નુર આંતરરાષ્ટ્રીય એરપોર્ટ**

- કેરળના મુખ્યમંત્રી પિનારાઇ વિજયન અને કેન્દ્રિય ઉડ્ડયન મંત્રી સુરેશ પ્રભુ દ્વારા કન્નુર આંતરરાષ્ટ્રીય એરપોર્ટ ઉદ્દ્ઘાટન કર્યુ.
- આ સાથે ભારતમાં સૌથી વધુ ઇન્ટરનેશનલ એરપોર્ટ ધરાવનાર રાજ્ય કેરલ બન્યુ જ્યાં ચાર આંતરરાષ્ટ્રીય એરપોર્ટ છે.
- નવનિર્મિત હવાઇમથક ૨,૩૩૦ એકર જમીનમાં ફેલાયેલા છે.
- ૯૫,૦૦૦ સ્કવેર મીટર ટર્મિનલ ઇમારત દેશની આઠમાં ક્રમની સૌથી મોટી ઇમારત છે.
- હવાઇમથકમાં ૪,૦૦૦ મીટર રનવે પણ હશે જે દેશમાં લંબાઇની દ્રષ્ટિએ ચોથા ક્રમે છે. જેમાં દિલ્હી (૪,૪૩૦ મીટર), હૈદરાબાદ, (૪૨૬૦ મીટર) અને બેંગલુરૂ (૪૧૨૦ મીટર) છે.
- કેરળમાં કાલિકટ, કોચી, અને તિરુવનંતપુરમ્, અને કન્નુર કુલ ચાર એરપોર્ટ્સ છે.

**(૨) પાંચ રાજ્યની વિધાનસભા ચૂંટણીના પરિણામ :**

- દેશના પાંચ રાજ્યો મધ્યપ્રદેશ, રાજસ્થાન, છત્તીસગઢ, તેલંગણા અને મિઝોરમમાં ચૂંટણીના મતદાનની ગણતરી ૧૧ ડિસેમ્બરે યોજાઇ હતી.

**(૧) મધ્યપ્રદેશ :**

- મધ્યપ્રદેશ વિધાનસભાની ૨૩૦ બેઠકોની ચૂંટણીમાં કોંગ્રેસ ૧૧૪ બેઠકો સાથે સૌથી મોટી પાર્ટી તરીકે ઊભરી આવી.
- મધ્યપ્રદેશના શાસક પક્ષ ભાજપને ૧૦૯ બેઠકો મળી.
- અન્ય પક્ષમાં ૨ બેઠકો બસપા મળીને મળી, ૧ બેઠક સપાને મળી અને ૪ બેઠક અન્યના ફાળે ગઇ હતી.
- મધ્યપ્રદેશ : રાજધાની – ભોપાલ, રાજ્યપાલ– આનંદીબેન પટેલ

**(૨) રાજસ્થાન :**

- રાજસ્થાન વિધાનસભાની ૧૯૯ બેઠકોની ચૂંટણીમાં કોંગ્રેસ ૧૦૦ બેઠકો જીતવામાં સફળ રહી હતી.

- રાજસ્થાનના શાસક પક્ષ ભાજપને ૭૩ બેઠકો મળી.
- જ્યારે ૨૬ બેઠકો પર અન્ય પક્ષોએ જીત મેળવી હતી.
- રાજસ્થાન : રાજધાની – જયપુર, રાજ્યપાલ – કલ્યાણસિંહ

**(૩) છત્તીસગઢ**

- છત્તીસગઢની વિધાનસભાની ૯૦ બેઠકોની ચૂંટણીમાં કોંગ્રેસે ૬૮ બેઠક જીતી અને સ્પષ્ટ બહુમતી પ્રાપ્ત કરી.
- છત્તીસગઢના શાસક પક્ષ ભાજપને માત્ર ૧૫ બેઠકો મળી.
- છત્તીસગઢ : રાજધાની – રાયપુર, રાજ્યપાલ, આનંદીબેન પટેલ

**(૪) તેલંગણા :**

- તેલંગણા વિધાનસભાની ૧૧૯ બેઠકોની ચૂંટણીમાં ટીઆરએસએ ૮૮ બેઠકો જીતી અને સ્પષ્ટ બહુમતી જીતી લીધી.
- કોંગ્રેસને ૨૧ અને અન્ય પક્ષોએ ૧૦ બેઠકો જીતી છે.
- તેલંગણા : રાજધાની હૈદબાદ, રાજ્યપાલ– નરસિમ્હન

**(૫) મિઝોરમ :**

- મિઝોરમ વિધાનસભાની ૪૦ બેઠકોની ચૂંટણીમાં એમએનએફ ૨૬ બેઠકો જીતી અને સ્પષ્ટ બહુમતી જીતી લીધી.
- કોંગ્રેસને ૫ અને અન્ય પક્ષોએ ૯ બેઠકો જીતી છે.
- મિઝોરમ : રાજધાની – એઝવાલ, રાજ્યપાલ – કુમામાનમ રાજશેખરન

**(૬) ગૃહ મંત્રાલયે ટ્વિટર એકાઉન્ટ લોન્ચ કર્યું :**

- ગૃહમંત્રાલયે ટ્વિટર હેન્ડલ @ સાઇબરદોસ્ત' શરૂ કર્યું હતું.
- આ ટ્વિટર એકાઉન્ટનો ઉદ્દેશ સાયબર ગુના અટકાવવા માટે સાવચેતીના ઉપયોગ વિશે લોકોને મૂળભૂત જ્ઞાન વધારવાનો છે.
- આ ટ્વિટર હેન્ડલ વિક્ષેપકારક વ્યવસાય પ્રવૃત્તિઓ અને સાયબર ગુનાઓમાં દખલની શક્યતાને લીધે નુકસાનને ઘટાડે છે.

**(૭) શક્તીકાંત દાસ રિઝર્વ બેન્કના ૨૫ મા ગવર્નર :**

- નિવૃત્ત બ્યુરોક્રેટ શક્તીકાંત દાસની નિમણૂક રિઝર્વ બેન્કના ૨૫ મા ગવર્નર તરીકે કરાઇ છે.
- તેઓ ૩ વર્ષ માટે આ હોદ્દા પર રહેશે.
- તેઓ ઉર્જિત પટેલનું સ્થાન લેશે.
- શક્તીકાંત દાસ મહેસૂલ અને આર્થિક બાબતોના સચિવપદે રહી ચૂક્યા છે.
- ૨૦૦૮માં પ્રથમ વાર નાણા મંત્રાલયમાં શક્તીકાંત દાસને સંયુક્ત સચિવ તરીકે નિમવામાં આવ્યા હતા, તે સમયે પી ચિદમ્બરમ નાણા પ્રધાન હતા.
- તેઓ તમિલનાડુ કેડરના ૧૯૮૦ બેચના આઇએએસ અધિકારી છે.
- શક્તીકાંત દાસ ઓડિશાના વતની છે.

**(૮) ફિફા ક્લબ વર્લ્ડ કપની શરૂઆત :**

- ફિફા ક્લબ વર્લ્ડ કપની યુએઇમાં શરૂઆત થઇ.
- આ વર્લ્ડ કપની ૧૫મી સીઝન છે.
- જેમાં ૬ કન્ફેડરેશનની ૭ ક્લબ ટીમો ભાગ લઇ રહી છે.
- ટૂર્નામેનટની ઇનામી રકમ ૧૧૯ કરોડ છે. આ ટૂર્નામેન્ટમાં ચેમ્પિયન ટીમને ૩૬ કરોડ મળશે. રનર્સ અપ ટીમને ૨૯ કરોડ મળશે.
- ટૂર્નામેન્ટમાં રિયલ મેડ્રિડ ટીમે બે વાર ચેમ્પિયન ટાઇટલ જીત્યું છે.
- જેમાં ફૂટબોલની સૌથી નાની ટૂર્નામેન્ટ છે. જેમાં માત્ર ૮ મેચ જ છે.
- જેની તમામ મેચ યુએઇના બે શહેરો અલ એન અને અબુ ધાબીમાં રમાશે.

**(૯) મેરી કોમને મણિપુરનું સર્વોચ્ચ નાગરિકનું સન્માન :**

- મણિપુર સરકારે 'મિથોઇલિમા શીર્ષક સાથે મેરી કોમને સન્માનિત કર્યા.
- વર્ષ ૨૦૧૮ માં વર્લ્ડ બોક્સિંગ ચેમ્પિયનશીપમાં સુવર્ણ ચંદ્રક જીતવા માટે તેમને 'મેથિઓલિમા' શીર્ષક આપવામાં આવ્યું હતું.
- સન્માન સાથે રાજ્યના મુખ્યપ્રધાન બિરેનસિંહે રૂા. ૧૦ લાખનો ચેક ઇનામમાં આપ્યો.
- મણિપુર– રાજધાની – ઇમ્ફાલ, મુખ્યપ્રધાન – એન.બિરેન.સિંહે, રાજ્યપાલ – ડૉ. નજમા હેપ્તુલ્લાહ

**(૧૦) ભારતે ઓસ્ટ્રેલિયાને પહેલી ટેસ્ટમાં ઇતિહાસ રચ્યો :**

- ભારતે ઓસ્ટ્રેલિયાને પહેલી ટેસ્ટમાં ૩૧ રને હરાવ્યું.
- ભારતે ઓસ્ટ્રેલિયાને કોઇપણ સીરિઝમાં પહેલી મેચ જીતવા માટે ૧૨ સીરિઝ અને ૪૫ મેચની રાહ જોવી પડી હતી.
- ટીમ ઇન્ડિયાએ ઓસ્ટ્રેલિયામાં પહેલી સીરિઝ ૭૧ વર્ષ પહેલા રમી હતી.
- ભારતીય ટીમે ન્યુઝિલેન્ડમાં સૌથી વધુ ત્રણવાર સીરિઝની પહેલી ટેસ્ટ જીતી છે.
- આ ટેસ્ટ દરમિયાન પૂજારા ત્રણ ટેસ્ટમાં ૫૦ થી વધુ રન કરનાર એક માત્ર બેટ્સમેન બન્યો.
- ભારતને ઓસ્ટ્રેલિયામાં પહેલી જીત ૨૦૦૩માં મળી હતી. જેમાં દ્રવિડે ૨૩૩ અને ૭૨ રન કર્યા હતા અને દ્રવિડ મેન ઓફ ધ મેચ બન્યો હતો.
- ૧૫ વર્ષ બાદ દ્રવિડની નકલ કરનારા પૂજારાએ ૧૨૩ અને ૭૧ રન કરી આ જ મેદાન પર બીજી જીત અપાવી.
- ભારતીય સુકાની વિરાટ કોહલીએ ઓસ્ટ્રેલિયા ટેસ્ટ મેચ જીતવાની સાથે જ સાઉથ આફ્રિકા, ઇંગ્લેન્ડ તથા ઓસ્ટ્રેલિયામાં ટેસ્ટ મેચ જીતનારો પ્રથમ એશિયન સુકાની બની ગયો છે.
- વિરાટ કોહલી ત્રણ દેશોમાં ટેસ્ટ જીતનાર પહેલો ભારતીય સુકાની બન્યો.
- આ ઉપરાંત, ભારત એક જ વર્ષમાં ઓસ્ટ્રેલિયા, સાઉથ આફ્રિકા તથા ઇંગ્લેન્ડમાં ટેસ્ટ મેચ જીતનારો પ્રથમ એશિયન દેશ બન્યો છે.
- ભારતે ૧૯૬૮ બાદ એશિયાની બહાર એક વર્ષમાં ત્રણ ટેસ્ટ મેચ જીતી છે.
- ટેસ્ટ ક્રિકેટના ઇતિહાસમાં એવું પ્રથમ વખત બન્યું છે કે મેચની કુલ ૪૦ વિકેટમાંથી ૩૫ વિકેટ કેચ આઉટ દ્વારા પડી હોય.
- ભારતીય વિકેટકિપર રીષભ પંતે મેચમાં ૧૧ કેચ પકડ્યા હતા.

Vivekanand Academy Gandhinagar

- ભારતીય વિકેટકીપર તરીકે ૧ મેચમાં સૌથી વધુ કેચ પકડવાના વર્લ્ડ રેકોર્ડની બરોબરી કરી લીધી.
- અગાઉ ૨૦૧૩માં દ.આફ્રિકામાં ડિવિલિયર્સ અને ૧૯૯૫ માં ઇંગ્લેન્ડના રસેલ આ સિદ્ધિ મેળવી ચુક્યા છે.

પ્રશ્નો :

૧ કન્નુર આંતરરાષ્ટ્રીય એરપોર્ટ કયાં રાજ્યમાં આવેલ છે ?
- કેરળ

૨ ભારતમાં સૌથી વધુ ઇન્ટરનેશનલ એરપોર્ટ ધરાવતું રાજ્ય જણાવો ?
- કેરળ

૩ મધ્યપ્રદેશના રાજ્યપાલનું નામ જણાવો ?
- આનંદીબેન પટેલ

૪ તેલંગણાની રાજધાનીનું નામ જણાવો ?
- હૈદરાબાદ

૫ સાયબર ગુના અટકાવવા માટે ગૃહમંત્રાલયે કયું ટ્વિટર અકાઉન્ટ લોન્ચ કર્યું.
- સાઇબર દોસ્ત

૬ રિઝર્વ બેન્કના ૨૫માં ગર્વનર નું નામ જણાવો ?
- શશીકાંત દાસ

૭ ફિફા ક્લબ વર્લ્ડકપની ૧૫મી સીઝનની શરૂઆત ક્યાં થઇ ?
- યુએઇ

૮ 'મેચોઇલિમાં શીર્ષક સાથે મેરીકોમને કયાં રાજ્યમાં સન્માનિત કર્યા ?
- મણિપુર

## 13. December 2018

**(૧) શહીદ નાગાજણ સિસોદિયા :**

- પોરબંદર જિલ્લાના મોઢવાડાના શહીદ નાગાજણ સીસોદિયાની આજે ૪૭ મી પુણ્યતિથિ છે.
- તેઓ ૧૯૭૧ના પાકિસ્તાન સામેના યુદ્ધના કાશ્મિરના છમ્બ મોરચે લડતા ૧૩ ડિસેમ્બરના રોજ શહીદ થયા હતા.
- તેમણે પુના ખાતે આવેલી સૈનિક સ્કૂલ નેશનલ ડિફેન્સ એકેડમીમાં અભ્યાસ કર્યો.
- તેઓ માત્ર ૨૧ વર્ષની વયે ભારતીય સૈન્યમાં ઓફિસર તરીકે નિયુક્ત થયા હતા.

**(૨) સુરજીત ભલ્લાનું રાજીનામું :**

- પ્રખ્યાત અર્થશાસ્ત્રી સુરજીત ભલ્લાએ વડાપ્રધાનની આર્થિક સલાહકાર પરિષદના અંશકાલીન સભ્યપદ પરથી રાજીનામું આપ્યું.
- વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આર્થિક સલાહકાર પરિષદમાં અંશ કાલીન સભ્ય તરીકે અર્થશાસ્ત્રી સુરજીત ભલ્લાના રાજીનામું સ્વીકારી લીધું છે.
- આ પરિષદની આગેવાની નીતિ આયોગના સભ્ય વિવેક દેબરોય કરે છે.

**વડાપ્રધાનની આર્થિક સલાહકાર પરિષદ :**

- આ પરિષદ વડાપ્રધાન આર્થિક બાબતોમાં સલાહ આપે છે.
- સમિતિમાં એક અધ્યક્ષ અને ચાર સભ્યોનો સમાવેશ થાય છે.
- તેના સભ્યોનો કાર્યકાળ વડાપ્રધાનના કાર્યકાળની સમાન છે.

**(૩) હેન્ડ ઇન હેન્ડ :**

- ભારત અને ચીન વચ્ચે સંયુક્ત સૈન્ય અભ્યાસ શરૂ થયો હતો.
- આ યુદ્ધ અભ્યાસ ચીનના ચાંગડુ શહેરમાં આયોજન આવ્યો છે.
- આ અભ્યાસ ૧૦ ડિસેમ્બર થી ૨૩ ડિસેમ્બર સુધી યોજાશે.
- અભ્યાસમાં ભારતીય ટુકડીની આગેવાની કર્નલ પુની કરશે.
- કવાયતનો ઉદ્દેશ આતંકવાદ સામેની લડાઇમાં પરસ્પર સૈન્ય સહકારને પ્રોત્સાહન આપવાનો છે.
- આ સંયુક્ત સૈન્ય કસરતને 'હેન્ડ ઇન હેન્ડ' આપવામાં આવ્યું છે.
- તે બંને દેશો વચ્ચે સાતમી સંયુક્ત લશ્કરી કવાયત છે.

**(૪) જમાલ ખશોગગી ટાઇમ મેગેઝિન 'પર્સન ઓફ ધ યર'**

- ટાઇમ મેગેઝિને સાઉદી પત્રકાર જમાલ ખશોગગીને પર્સન ઓફ ધ યર માટે નામાંકિત કર્યા.
- આ પ્રથમ વખત છે કે 'પર્સન ઑફ ધ યર' એ એક મૃત વ્યક્તિ છે.
- ઓક્ટોબર ૨૦૧૮માં જમાલ ખશોગગીની હત્યા કરવામાં આવી હતી.
- ટાઇમ મેગેઝિનની શરૂઆત હેનરી લુસ અને બ્રિટોન હૈડન દ્વારા કરવામાં આવી હતી. તેનું પ્રથમ વેચાણ માર્ચ ૧૯૨૩ માં શરૂ થયું હતું.
- ટાઇમ મેગેઝિનની દુનિયામાં વિવિધ આવૃત્તિઓ પ્રકશિત થાય છે.

**(૫) મણિકા બત્રા ઇન્ટરનેશનલ ફેડરેશન એવોર્ડ મેળવનાર પ્રથમ ભારતીય :**

- ભારતની મણિકા બત્રા આ વર્ષની બ્રેક થ્રૂ ટેબલ ટેનિસ સ્ટાર એવોર્ડ માટે પસંદ કરાઇ.
- ઇન્ટરનેશનલ ટેબલ ટેનિસ ફેડરેશન (આઇટીટીએફ) એ તેનું સન્માન કર્યું.
- મણિકા ઇન્ટરનેશનલ ફેડરેશન એવોર્ડ મેળવનારી ભારતની પ્રથમ ખેલાડી છે.
- ભારતની રાઇઝિંગ સ્ટાર મણિકાએ આ વર્ષે કોમનવેલ્થ ગેમ્સમાં ૪ અને એશિયન ગેમ્સમાં એક મેડલ જીત્યો હતો.
- મણિકાએ ગોલ્ડ કોસ્ટ કોમનવેલ્થ ગેમ્સમાં મહિલા સિંગલ્સમાં ગોલ્ડ જીત્યો હતો.

પ્રશ્નો :

૧ નાગાજણ સિસોદિયા કયા યુદ્ધમાં શહિદ થયાં હતા ?
- ૧૯૭૧ના પાકિસ્તાન યુદ્ધમાં

૨ સુરજીત ભલ્લાએ તાજેતરમાં કયા પદેથી રાજીનામું આપ્યું ?
- આર્થિક સલાહકાર પરિષદની પદેથી

૩ 'હેન્ડ ઇન હેન્ડ' સંયુક્ત અભ્યાસ કયા બે દેશો વચ્ચે યોજાયો હતો ?
- ભારત અને ચીન

Vivekanand Academy Gandhinagar

૪ ૨૦૧૮નાં ટાઇમ મેગેઝિનનાં 'પર્સન ઓફ ધી યર' જણાવો ?
– જમાલ ખશોગગી
૫ ઇન્ટરનેશનલ ફેડરેશન એવોર્ડ મેળવનાર પ્રથમ ભારતીય જણાવો ?
– મનિકા બત્રા
૬ મનિકા બત્રાનું નામ કઈ રમત સાથે સંકળાયેલ છે ?
– ટેબલ ટેનિસ

## 14. December 2018

**(૧) INS કાલવરી સબમરીનું લોકાર્પણ :**

– મુંબઇ ખાતે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ સ્કોપેન વર્ગની સબમરીન આઇએનએસ કાલવરીનું લોકાર્પણ કર્યું.
– સ્કોર્પિયન શ્રેણીની ૬ સબમરીનમાંથી કાલવરી પ્રથમ સબમરીન છે. જેને ભારતીય નૌસેનામાં સામેલ કરવામાં આવી રહી છે.
– આ સબમરીનનું કાલવરી નામ હિંદ મહાસાગરમાં મળતી શાર્કના નામથી રાખવામાં આવ્યું છે.
– કાલવરી ભારતીય નૌસેના માટે મઝાગાંવ ડૉક શિપબિલ્ડર્સ લિમિટેડ દ્વારા બનાવવામાં આવી છે.
– કાલવરી ૧૭ વર્ષ પછી નૌકાદળમાં જોડનાર સબમરીન છે, અગાઉ જુલાઇ ૨૦૦૦માં આઇએનએસ સિંધુશસ્ત્ર નૌકાદળમાં જોડાઇ હતી.
– કાલવરી ભારતીય નૌકાદળમાં જોડનાર સૌથી આધુનિક પરમાણુ સબમરીન છે.
– કાલવરીની લંબાઈ ૬૭.૫ મીટર છે, તેની ઊંચાઇ ૧૨.૩ મીટર છે.

**(૨) મૃત્યુ પછી પણ બળાત્કાર પીડિતોની ઓળખ જાહેર ન કરો : સુપ્રીમ કોર્ટ**

– સુપ્રીમ કોર્ટે સમાજમાં ભેદભાવ અંગે ચિંતા વ્યક્ત કરતાં બળાત્કાર પીડિતોની ઓળખ મૃત્યુ પછી પણ ઓળખ જાહેર ન કરવા જણાવ્યું.
– સુપ્રિમ કોર્ટે ૧૧ ડિસેમ્બર, ૨૦૧૮ના રોજ આ હુકમ જાહેર કર્યો છે.
– ન્યાયમૂર્તિ મદન બી લોકુર અને ન્યાયમૂર્તિ દીપક ગુપ્તાની બેચે આ ચુકાદો આપ્યો.
– કોઇપણ ભોગ બનેલ પીડિતાની મૃત્યુ પછી પણ ઓળખ જાહેર કરવા પર સંપૂર્ણ પ્રતિબંધ મૂકવામાં આવ્યો.
– સુપ્રીમ કોર્ટે તેના સંબંધિત દિશાનિર્દેશો જાહેર કરી દેશના દરેક રાજ્યના દરેક જિલ્લામાં બળાત્કારના ભોગ બનેલા લોકોના પુનર્વસન માટે એક સ્ટોપ સેન્ટર બનાવવાની સૂચનાઓ આપી છે.

**(૩) કે. ચંદ્રશેખર રાવ – તેલંગાણાના મુખ્ય પ્રધાન :**

– તેલંગણા રાષ્ટ્ર સમિતિના વડા કે. ચંદ્રશેખર રાવે તેલંગાણાના મુખ્યપ્રધાન તરીકે ડિસેમ્બર ૧૩, ૨૦૧૮ના રોજ શપથ લીધા હતા.
– આ તેમનું સતત બીજું ટર્મ હશે.
– રાજ ભવન ખાતે તેમણે મુખ્યમંત્રી તરીકે શપથ લીધા હતા.
– રાજ્યપાલ નરસિમ્હન કે. ચંદ્રશેખર રાવને ગુપ્તતાના શપથ લેવડાવ્યા હતા.
– તેલંગણા વિધાનસભાની ૧૧૯ બેઠકોની ચૂંટણીમાં ટીઆરએસએ ૮૮ બેઠકો જીતી અને સ્પષ્ટ બહુમતી જીતી લીધી હતી.
– કલ્વાકુંતલા ચંદ્રશેખર રાવનો જન્મ ૧૭ ફેબ્રુઆરી, ૧૯૫૪ના રોજ થયો હતો.
– અગાઉના તેમણે ૨ જૂન, ૨૦૧૪ના રોજ તેલંગણાના મુખ્યપ્રધાનની શપથ લીધી હતી.
– તેલંગણા : રાજધાની – હૈદરાબાદ

**(૪) પેનક સિલટ : બિશન અને જોનસનની જોડીએ વર્લ્ડ ચેમ્પિયનશીપમાં બ્રોન્ઝ :**

– બિશન અને જોનસનની ભારતીય જોડીએ ૧૮ મી પેનક સિલટ વર્લ્ડ ચેમ્પિયનશિપમાં બ્રોન્ઝ મેડલ જીત્યો.
– મેન્સ ડબલ્સ ઇવેન્ટમાં ભારતીય જોડી ૫૫૩ પોઇન્ટ સાથે ત્રીજા નંબરે રહી.
– મલેશિયાને ૫૭૬ પોઇન્ટ સાથે ગોલ્ડ મેડલ મળ્યો.
– ભારત તરફથી ટુર્નામેન્ટમાં ૨૦થી વધુ ખેલાડી ભાગ લઇ રહ્યા છે.
– આ ઇવેન્ટમાં ૪૦ થી વધુ દેશોના ખેલાડી ભાગ લઇ રહ્યા છે.

**(૫) વિશ્વની સૌથી વધુ વયની મહિલા સ્કાય ડાઇવર – ઇરેન :**

– ઓસ્ટ્રેલિયામાં ૧૦૨ વર્ષની મહિલા ઇરેને ઓશિયા ૧૪ હજાર ફૂટની ઊંચાઇ પરથી છલાંગ લગાવી વિશ્વની સૌથી વધુ વયની મહિલા સ્કાય ડાઇવર બની ગઇ છે.
– તેણે ૨૨૦ કિ.મી. પ્રતિ કલાકની ઝડપે ડાઇવિંગ કર્યું હતું.
– તેમણે પહેલી વાર તેમના ૧૦૦ મા જન્મદિને સ્કાય ડાઇવિંગ કર્યું હતું.

પ્રશ્નો :

૧ INS કલવરી સબમરીનનું લોકાર્પણ કોના દ્વારા કરવામાં આવ્યું ?
– વડાપ્રધાન નરેન્દ્ર મોદી
૨ સુપ્રીમ કોર્ટની કઇ બેંચે બળાત્કાર પીડિતોની ઓળખ મૃત્યુ પછી પણ ઓળખ જાહેર ન કરવા જણાવ્યું ?
– મદન બી લોકુર અને દીપક ગુપ્તાની બેન્ચ
૩ તેલંગણાના નવા મુખ્યમંત્રીનું નામ જણાવો ?
– કે.ચંદ્રશેખર રાવ
૪ પેનક સિલટ ચેમ્પિયશીપ–૨૦૧૮નું આયોજન ક્યાં થયું ?
– સોંખલા, થાઇલેન્ડ
૫ વિશ્વની સૌથી વધુ વયની મહિલા સ્કાય ડાઇવરનું નામ જણાવો ?
– ઇરેન એશિયા

## 15. December 2018

**(૧) વિશ્વના ૧૦૦ સૌથી મોટા શસ્ત્રો ઉત્પાદક :**

– તાજેતરમાં સ્ટોકહોમ આંતરરાષ્ટ્રીય શાંતિ રિસર્ચ સંસ્થાએ દુનિયાની ૧૦૦ સૌથી મોટી હથિયાર નિર્માતા કંપનીઓનો રિપોર્ટ જાહેર કર્યો.
– આ રિપોર્ટમાં ભારતની ચાર સરકારી કંપનીઓનો સમાવેશ થયો છે.
– જેમાં ઇન્ડિયન આર્ડિનેંસ ફેક્ટરીઝ ૩૭માં સ્થાને રહી છે, હિન્દુસ્તાન એરનોટિક્સ ૩૮માં સ્થાને છે, ભારત

ઇલેક્ટ્રોનિક્સ ૬૪માં સ્થાન છે જ્યારે ભારત ડાયનમિક્સ આ યાદીમાં ૯૪માં સ્થાને છે.
- આવું પ્રથમ વખત બન્યું છે જ્યારે વિશ્વની ૧૦૦ સૌથી મોટી હથિયાર નિર્માતા કંપનીઓમાં ભારતની ચાર કંપનીનો સમાવેશ થયો હતો.
- સ્ટોકહોલ્મ આંતરરાષ્ટ્રીય શાંતિ રિસર્ચ સંસ્થાની સ્થાપના ૧૯૬૬ માં થઇ હતી.
- હથિયાર નિર્માતા કંપનીઓમાં પ્રથમ સ્થાને લોકહિડ માર્ટિન છે.

**(૨) અશોક ગેહલોત – રાજસ્થાન મુખ્યપ્રધાન :**
- કોંગ્રેસના વરિષ્ઠ નેતા અશોક ગેહલોતને રાજસ્થાનના મુખ્યમંત્રી તરીકે નિયુક્ત કર્યા હતા.
- તેઓ રાજસ્થાનની ત્રીજી વાર કમાન સંભાળી.
- રાજસ્થાન કોંગ્રેસ પ્રમુખ સચિન પાયલોટને રાજ્યના નાયબ મુખ્યમંત્રી તરીકે નિમવામાં આવ્યા.
- વિધાનસભાની ૧૯૯ બેઠકોની ચૂંટણીમાં કોંગ્રેસ ૧૦૦ બેઠકો જીતવામાં સફળ રહી હતી.
- તેઓ અગાઉ રાજસ્થાનના ૨૧ માં અને ૨૩માં મુખ્યપ્રધાન તરીકે ફરજ બજાવી ચૂક્યા છે.
- વર્ષ ૧૯૯૮ ના રોજ પ્રથમ વખત અશોક ગેહલોત રાજસ્થાનના મુખ્ય પ્રધાન બન્યા હતા.
- ત્યારબાદ વર્ષ ૨૦૦૮ તેઓ મુખ્ય પ્રધાન બન્યા હતા.
- અશોક ગેહલોત સરદારપુરા (જોધપુર) વિધાનસભા મતદારક્ષેત્રમાંથી પ્રથમ વખત ચૂંટાયા હતા તે સમયે તેઓ રાજસ્થાનની ૧૧ મી વિધાનસભાના સભ્ય બન્યા હતા.
- ઇન્દિરા ગાંધી સરકારમાં સૌપ્રથમ વખત તેઓ પ્રવાસન અને નાગરિક ઉડ્ડયન રાજ્ય પ્રધાન બન્યા.
- તેઓ રાજીવ ગાંધી સરકારમાં અને પી.વી. નરસિંમ્હા રાવ સરકારમાં અલગ અલગ મંત્રાલયમાં મંત્રી તરીકે રહી ચૂક્યા છે.
- રાજસ્થાન : રાજધાની – જયપુર
- રાજ્યપાલ – કલ્યાણસિંહ

**(3) નેપાળમાં ભારતની રૂપિયા ૧૦૦ ની ચલણી નોટ જ ચાલશે**
- નેપાળ કેબિનેટની બેઠકમાં રૂપિયા ૨૦૦, ૫૦૦, અને ૨૦૦૦ ની ભારતીય ચલણની નોટના વપરાશ પર પ્રતિબંધ મૂકવાનો નિર્ણય લેવાયો.
- નેપાળે ભારતીય ચલણની રૂપિયા ૧૦૦ ના ચલણને જ ચાલુ રાખવાનો નિર્ણય કર્યો છે.

**(૪) અંગ્રેજી લેખક અમિતાભ ઘોષને જ્ઞાનપીઠ પુરસ્કાર :**
- જાણીતા અંગ્રેજી ભાષાના લેખક અમિતાભ ઘોષને વર્ષે ૨૦૧૮ના જ્ઞાનપીઠ પુરસ્કાર માટે પસંદ કરવામાં આવ્યા.
- ઘોષે તેમની નવલકથાઓમાં આધુનિક યુગના સંદર્ભમાં ઇતિહાસ રજૂ કર્યો છે.
- તેમની પ્રખ્યાત નવલકથાઓમાં શેડો ઓફ લાઇન્સ, ધ ગ્લાસ પેલેસ, રિવર ઓફ સ્મોક અને ફલડ ઓફ ફાયરનો સમાવેશ થાય છે.
- ઘોષને અગાઉ પદ્મશ્રી અને સાહિત્ય અકાદમી પુરસ્કારોથી સન્માનિત કરવામાં આવ્યા છે.
- તેઓ ૧૯૮૯ માં શેડો લાયન્સ પુસ્તક માટે સાહિત્ય અકાદમીનો એવોર્ડ મળ્યો હતો.
- જ્ઞાનપીઠ પુરસ્કાર જ્ઞાનપીઠ ટ્રસ્ટ દ્વારા ભારતીય સાહિત્ય માટે આપવામાં આવતો સર્વોચ્ચ પુરસ્કાર છે.
- ભારતના કોઇપણ નાગરિક જે આઠમી સૂચિમાં ઉલ્લેખિત ૨૨ ભાષાઓમાંથી કોઇપણમાં લખે છે તે આ પુરસ્કાર માટે લાયક છે.
- જ્ઞાનપીઠ પુરસ્કાર ૧૯૬૫ થી આપવામાં આવે છે પ્રથમ પુરસ્કાર મલયાલમ લેખક જી. શંકર કુરૂપને આપવામાં આવ્યો હતો.

**(૫) ટાટા સ્ટીલને પ્રધાનમંત્રી પુરસ્કાર :**
- ૨૦૧૬-૧૭ માટે ખાનગી સ્ટીલ ટાટા સ્ટીલ લિમિટેડને 'બેસ્ટ પર્ફોમન્સ ઇન્ટિગ્રેટેડ સ્ટીલ પ્લાન્ટ' માટે પ્રધાનમંત્રી પુરસ્કાર જિત્યો.
- ટાટા સ્ટીલે ૨૦૧૪-૧૫ અને ૨૦૧૫-૧૬ માં પણ આ પુરસ્કાર એનાયત થયો.
- તેણે સતત ત્રીજા વર્ષે આ પુરસ્કાર જીત્યો છે.
- આ પુરસ્કાર દેશના સ્ટીલ ઉત્પાદનને પ્રોત્સાહન આપવા માટે એનાયત કરવામાં આવે છે.
- આ એવોર્ડ હૈદરાબાદ ખાતે યોજાયેલ એક કાર્યક્રમમાં ભારતના ઉપરાષ્ટ્રપતિ શ્રી એમ. વૈંકૈયા નાયડુ દ્વારા આપવામાં આવ્યો.
- આ પુરસ્કારની શરૂઆત ૧૯૯૨ – ૯૩ માં તત્કાલીન વડાપ્રધાન શ્રી. પી.વી. નરસિંહ રાવના સૂચનથી થઇ હતી.

**(૬) બ્રિજેન્દ્ર પાલ સિંહ FTII ના નવા અધ્યક્ષ**
- માહિતી અને પ્રસારણ મંત્રાલયે ભારતીય ફિલ્મ અને ટેલિવિઝન ઇન્સ્ટિટ્યૂટના અધ્યક્ષ તરીકે બ્રિજેન્દ્ર પાલ સિંહની નિમણૂક કરી છે.
- તેઓ એફટીઆઇઆઇના ઉપપ્રમુખ હતા.
- તેઓ અધ્યક્ષ તરીકે અનુપમ ખેરનું સ્થાન લેશે.
- બિજેન્દ્ર પાલ સિંહ ભારતીય ધરાવાહીક સર્જક અને દિગ્દર્શક છે.
- અનુપમ ખેરે ઓક્ટોબર ૨૦૧૮માં પદ પરથી રાજીનામું આપ્યું હતું.
- કેન્દ્ર સરકાર દ્વારા અનુપમ ખેરને ઓક્ટોબર ૨૦૧૭ માં એફટીટીઆઇના અધ્યક્ષ તરીકે નિમવામાં આવ્યા હતા.
- અનુપમ ખેર પહેલાં, અભિનેતા ગજેન્દ્ર ચૌહાણ એફટીટીઆઇના ચેરમેન હતા.
- ભારતીય ફિલ્મ અને દૂરદર્શન સંસ્થા ભારતનું મુખ્યાલય પૂણેમાં છે.

**(૭) ફ્રાંસના વિદેશ પ્રધાન ભારતની મુલાકાત :**
- ફ્રાંસના વિદેશ અને યુરોપીયન બાબતોના મંત્રી લી દ્રાયન પોતાના મંત્રાલયના પ્રતિનિધિમંડળ સાથે બે દિવસના ભારત પ્રવાસ પર આવ્યા.
- તેમણે ભારતના વિદેશ પ્રધાન સુષ્મા સ્વરાજ સાથે નવી દિલ્લી ખાતે બેઠક કરી હતી.
- તેમણે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી સાથે પણ મુલાકાત કરી હતી.
- ફ્રાંસ – રાજધાની – પેરિસ, રાષ્ટ્રપતિ– ઇમાનુઅલ મેક્રો

Vivekanand Academy Gandhinagar

પ્રશ્નો :

૧ વિશ્વની ૧૦૦ સૌથી મોટી શસ્ત્રો ઉત્પાદક કંપનીમાં કુલ કેટલી ભારતીય કંપની સમાવેશ છે ?

– ચાર

૨ રાજસ્થાનના નવા મુખ્યમંત્રીનું નામ જણાવો ?

– અશોક ગેહલોત

૩ રાજસ્થાનના રાજ્યપાલ જણાવો ?

– કલ્યાણસિંહ

૪ નેપાળમાં કઈ એકમાત્ર ભારતીય ચલણી નોટ ચાલશે ?

– રૂા. ૧૦૦ની

૫ ૨૦૧૮માં કયા વ્યક્તિને જ્ઞાનપીઠ પુરસ્કાર માટે પસંદ કરવામાં આવ્યા છે ?

– અમિતાભ ઘોષ

૬ તાજેતરમાં કઇ કંપનીનજે બેસ્ટ પર્ફોમન્સ ઇન્ટિગ્રેટેડ સ્ટીલ પ્લાન્ટ' માટે પ્રધાનમંત્રી પુરસ્કાર એનાયત કરવામાં આવ્યો ?

– ટાટા સ્ટીલને

૭ FTII ના નવા અધ્યક્ષ જણાવો ?

– બ્રિજેન્દ્ર પાલ સિંહ

૮ ફ્રાંસની રાજધાની જણાવો ?

– પેરિસ

## 16. December 2018

**(૧) કેવડિયામાં વિશ્વકક્ષાના રેલવે સ્ટેશનનું ભૂમિપૂજન :**

– કેવડિયા કોલોની ખાતે સ્ટેચ્યૂ ઓફ યુનિટીની મુલાકાત લેવા આવતા પર્યટકોની સુવિધા માટે રેલવે તંત્ર દ્વારા ડભોઇથી કેવડિયા કોલોની સુધી નવી બ્રોડગેજ લાઇન નાખવામાં આવશે.

– તેના ભાગરૂપે કેવડિયા કોલોની ખાતે લગભગ ૨૦ કરોડ રૂપિયાના ખર્ચે અત્યાધુનિક સુવિધા ધરાવતું રેલવે સ્ટેશન તૈયાર કરવામાં આવશે.

– આ નવા તૈયાર થનારા રેલવે સ્ટેશનનું રાષ્ટ્રપતિ રામનાથ કોવિંદના હસ્તે ભૂમિ ભૂજન કરવામાં આવ્યું.

**(૨) વિશ્વની ત્રીજી અને દેશની પ્રથમ રેલવે યુનિ.નું લોકાર્પણ :**

– વડોદરા ખાતે નિર્મિત વિશ્વની ત્રીજી અને દેશની પ્રથમ રેલવે યુનિવર્સિટીનું મુખ્યમંત્રી વિજય રૂપાણી દ્વારા લોકાર્પણ કરવામાં આવ્યું.

– આ પ્રસંગે કેન્દ્રિય રેલ મંત્રી પીયૂષ ગોયલ ખાસ ઉપસ્થિત રહ્યા હતા.

– નેશનલ એકેડમી ઓફ ઇન્ડિયન રેલવે (NAIR) અને રેલવે યુનિવર્સિટી તેમજ બુલેટ ટ્રેન ટ્રેનિંગ સેન્ટરનો લાભ મળે તે માટે આગામી વર્ષે ઇન્ટિગ્રેટેડ કેમ્પસ બનાવી વધુ પાંચ કોર્સ શરૂ કરવા આવશે.

**(૩) જીવિત પશુઓની નિકાસ પર પ્રતિબંધ :**

– રાજ્ય સરકારે રાજ્યના કોઇપણ પોર્ટ પરથી જીવિત પશુઓની નિકાસ ઉપર પ્રતિબંધ મૂક્યો છે.

– કેન્દ્ર સરકાર અને એનિમલ વેલ્ફેર બોર્ડ ઓફ ઇન્ડિયાની ગાઇડલાઇન પ્રમાણે પશુઓની નિકાસ થઇ શકશે નહીં.

**કચ્છ સહિતના અછતગ્રસ્ત વિસ્તારોમાં પશુ લાવવા પર પ્રતિબંધ :**

– કચ્છમાં બહારથી કોઇ પશુ દાખલ ન થઇ શકે તે માટે જાહેરનામું બહાર પાડીને સમગ્ર કચ્છ જિલ્લા સહિત અછતગ્રસ્ત ૯૬ જિલ્લામાં બહારથી કોઇ પશુ નહીં લાવવાનો પ્રતિબંધ મૂકાયો છે.

**(૪) મુખ્યમંત્રીએ ૮ માં વિશ્વ આયુર્વેદ મહાસંમેલનનું ઉદ્‌ઘાટન કર્યું.**

– ગુજરાત યુનિવર્સિટીના કન્વેન્શન એન્ડ એક્ઝિબિશન સેન્ટરમાં મુખ્યમંત્રી વિજય રૂપાણીના હસ્તે આઠમાં વિશ્વ આયુર્વેદ મહાસંમેલન અને આરોગ્ય એક્સ્પોનું ઉદ્‌ઘાટન કરવામાં આવ્યું.

– આ મેગા ઇવેન્ટનું આયોજન આયુષ મંત્રાલય અને ગુજરાત સરકારના સહયોગથી વર્લ્ડ આયુર્વેદ ફાઉન્ડેશન દ્વારા કરવામાં આવ્યું છે.

**(૫) હોરર ફિલ્મોના બાદશાહ તુલસી રામસેનું નિધન :**

– બોલીવુડમાં હોરર ફિલ્મોના દિગ્દર્શક તુલસી રામસેનું ૧૪ ડિસેમ્બર ૨૦૧૮ના રોજ મુંબઇમાં નિધન થયું હતું.

– સીતેર અને એંશીના દાયકામાં તેમણે દો ગજ જમીન કે નીચે, દરવાજા, પુરાના મંદિર, વીરાના જેવી હોરર ફિલ્મોનું દિગ્દર્શન કર્યું હતું.

– તેમનો જન્મ ૨૯ જુલાઇ ૧૯૪૪ના રોજ પાકિસ્તાનના કરાચી ખાતે થયો હતો.

**(૬) શ્રી ઝવેરચંદ મેઘાણી લોકસાહિત્ય કેન્દ્ર દ્વારા સાહિત્યમાં પુરસ્કાર**

– સૌરાષ્ટ્ર યુનિ. ના શ્રી ઝવેરચંદ મેઘાણી લોકસાહિત્ય કેન્દ્ર દ્વારા દર વર્ષે સાહિત્યમાં યોગદાન બદલ પુરસ્કાર આપવામાં આવે છે.

– ઝવેરચંદ મેઘાણી એવોર્ડ માટે આ વર્ષે દક્ષિણ ગુજરાતના આદિવાસી વિસ્તારના લોકસાહિત્યના જ્ઞાત એવા પ્રો. જયાનંદ ભાઇ જોશીની પસંદગી કરવામાં આવી છે.

– લોકગાયક હેમુગઢવી એવોર્ડ માટે સુરેન્દ્રનગર પંથકના જાણીતા લોકવાર્તાકાર લાભુભાઇ ભાંસળીયાની પસંદગી કરવામાં આવી છે.

– આ બંને સાહિત્યકારો પૂ. મોરારી બાપુના હસ્તે યુનિ. ખાતે રૂા. એક લાખની ધનરાશિ સાથે અવોર્ડ અર્પણ કરાશે.

**(૭) આંતરરાષ્ટ્રીય કેરલ ફિલ્મ ફેસ્ટિવલ :**

– કેરલ ખાતે યોજાયેલ ૨૩માં આંતરરાષ્ટ્રીય કેરલ ફિલ્મ ફેસ્ટિવલ પૂર્ણ થયો.

– અંતિમ ચરણમાં રાજ્યના મુખ્યમંત્રી પીનારાઇ વિજયન દ્વારા વિવિધ પુરસ્કાર એનાયત કરવામાં આવ્યા.

– આંતરરાષ્ટ્રીય કેરલ ફિલ્મ ફેસ્ટિવલની શરૂઆત વર્ષ ૧૯૯૬ માં થઇ હતી.

– જેનું આયોજન કેરલા રાજ્ય ફિલ્મ એકેડમી દ્વારા દર વર્ષે કેરલની રાજધાની થિરૂવનંતપુરમ ખાતે કરવામાં આવે છે.

– આ ફેસ્ટિવલમાં એશિયા, આફ્રિકા અને લેટિન અમેરિકાની ફિલ્મો ભાગ લે છે.

| **પુરસ્કાર** | **વિજેતા ફિલ્મ** |
|---|---|
| સુવર્ણ ચક્રમ | ધ ડાર્ક રૂમ |

Vivekanand Academy Gandhinagar

| | |
|---|---|
| રજત ચક્રમ | લીજો જોસ પેલેસરી |
| સર્વશ્રેષ્ઠ ફિલ્મ ઓડિયન્સ પોલ એવોર્ડ | મલયાલમ ફોઓમ ઇ.એમ.યુ |
| ડેબ્યુ નિર્દેશક રજત ચક્રમ | અનામિકા હકસાર (ટેકિંગ ધ હોર્સ ટુ ઇટ જલેબી– ફિલ્મ માટે) |
| સ્પે. જૂરી મેંશન એવોર્ડ | ધ સાઇલેન્સ |
| કે.આર. મોહનન એડોમેંટ એવોર્ડ | મનોહર એન્ડ આઇ (બંગાળી ફિલ્મ) |

પ્રશ્નો :

૧ કેવડિયા કોલોનીમાં રેલવે સ્ટેશનનું ભૂમિપૂજન કોના હસ્તે કરવામાં આવ્યું હતું ?
– રામનાથ કોવિંદ
૨ દેશની પ્રથમ રેલવે યુનિવર્સિટીની સ્થાપના કયાં કરવામાં આવી છે ?
– વડોદરા
૩ દેશની પ્રથમ રેલવે યુનિ.નું લોકાર્પણ કોના હસ્તક કરવામાં આવ્યું હતું ?
– વિજયભાઇ રૂપાણી
૪ કેન્દ્રીય વાણિજ્ય મંત્રીનું નામ જણાવો ?
– સુરેશ પ્રભુ
૫ તાજેતરમાં કેટલામાં વિશ્વ આયુર્વેદ મહાસંમેલનનું આયોજન થયું હતું ?
– ૮માં
૬ શ્રી ઝવેરચંદ મેઘાણી લોકસાહિત્ય કેન્દ્ર દ્વારા કયા બે સાહિત્યકારને પુરસ્કાર એનાયત થશે ?
– જયાનંદ જોશી, લાભુભાઇ ભાંસળીયા
૭ આંતરરાષ્ટ્રીય કેરલ ફિલ્મ ફેસ્ટિવલની શરૂઆત કયા વર્ષમાં થઇ હતી. ?
– ૧૯૯૬
૮ કેરલ ફિલ્મ ફેસ્ટિવલમાં 'ધ ડાર્ક રૂમ' ફિલ્મને કયો પુરસ્કાર એનાયત થયો ?
– સુવર્ણ ચંક્રમ

## 17. December 2018

**(૧) પી.વી. સિંધુ વર્લ્ડ ટુર ટાઇટલ જીતનારી પ્રથમ ભારતીય :**
– પીવી સિંધુ બેડમિન્ટન વર્લ્ડ ટુર ટાઇટલ જીતનારી પ્રથમ ભારતીય ખેલાડી બની ગઇ છે.
– સિંધુએ જાપાનની ઓકુહારાને હરાવી હતી.
– ૧૫ મહિનામાં સતત ૭ અને ૨૦૧૮માં ૫ ફાઇનલ હાર્યા પછી સિંધુએ તે પ્રથમ ખિતાબ જીત્યો છે.
– સુપર સિરિઝ વિજેતા તરીકે સિંધુને ૮૬ લાખ રૂપિયાનું ઇનામ મળશે. તેના કેરિયરનું આ ૧૪ મું ટાઇટલ છે.
– સિંધુની આ ત્રીજી વર્લ્ડ ટૂર ફાઇનલ મેચ હતી.
– ૨૦૧૬માં સેમિફાઇનલમાં, ગત વર્ષે ફાઇનલમાં હારી ગઇ હતી અને હવે ખિતાબ જીત્યો છે.

**(૨) હોકી વિશ્વકપ – ૨૦૧૮**
– ઓડિશાના ભુવનેશ્વર ખાતે યોજાયેલ ૧૪માં હોકી વિશ્વકપમાં બેલ્જિયમ વિજેતા બન્યું.
– આ તેનું પ્રથમ હોકી વિશ્વકપ ટાઇટલ છે.
– વિશ્વકપની ફાઇનલમાં બેલ્જિયમે નેધરલેન્ડને હરાવી આ જીત મેળવી.
– આ વિશ્વકપમાં ૧૬ દેશોની ટીમે ભાગ લીધો હતો.
– હોકી વિશ્વકપ –૨૦૧૮નું એંથમ સોંગ 'જય હિન્દ, જય ઇન્ડિયા' એ.આર.રહેમાન દ્વારા તૈયાર કરવામાં આવ્યું હતું.
– વિશ્વકપ ૨૦૧૮ના મેસકોર્ટ તરીકે કાચબાને સ્થાન મળ્યું હતું.

**(૩) કોહલીની ૧૨૭ ટેસ્ટ ઇનિંગ્સમાં ૨૫ મી સદી :**
– કોહલીએ ઓસ્ટ્રેલિયાની સામે બીજી ટેસ્ટમાં ૧૨૩ રન બનાવ્યા. ૧૨૭ ટેસ્ટ ઇનિંગ્સમાં આ તેની ૨૫ મી સદી છે.
– ભારતમાં સૌથી ઝડપી સચિને ૧૩૦ ઇનિંગ્સમાં આ સિદ્ધિ મેળવી હતી.
– કોહલી બ્રેડમેન (૬૮ ઇનિંગ્સ) પછી વિશ્વના બીજા નંબરે છે.
– ટેસ્ટ, વન ડે, ટી–૨૦ને મિલાવી કોહલી ૬૩ સદી ફટકારી સંગાકારા સાથે સંયુક્ત ત્રીજા નંબરે છે.
– સચિન (૧૦૦ સદી) પ્રથમ અને પોન્ટિંગ (૭૧) બીજા નંબરે છે.
– કોહલીની ઓસ્ટ્રેલિયામાં છઠ્ઠી સદી છે. કોહલીએ ૧૯ ઇનિંગ્સમાં આ સિદ્ધિ મેળવી.
– કેપ્ટન તરીકે કોહલીની ૩૪મી સદી છે. તે આ મામલે બીજા નંબરે છે. કોહલીએ ટેસ્ટમાં ૧૮, વન–ડેમાં ૧૬ સદી ફટકારી છે.
– ઓસ્ટ્રેલિયાનો રિકી પોન્ટિંગ કેપ્ટન તરીકે ૪૧ સદીઓ સાથે નંબર વન પર છે.

**(૪) રામફલ પવાર – રાષ્ટ્રીય ક્રાઇમ રેકોર્ડ બ્યુરોના ડિરેક્ટર :**
– પશ્ચિમ બંગાળ કેડર – ૧૯૮૮ બેચના આઇપીએસ અધિકારી રામફલ પવારને રાષ્ટ્રીય ક્રાઇમ રેકોર્ડ બ્યૂરોના ડિરેક્ટર તરીકે નિયુક્ત કર્યા છે.
– રાષ્ટ્રીય ક્રાઇમ રેકોર્ડ બ્યુરોની સ્થાપના ૧૧ માર્ચ, ૧૯૮૬ના રોજ થઇ હતી.
– તેનું મુખ્યમથક નવી દિલ્હી ખાતે આવેલ છે.

**(૫) વિક્રમસિંઘ શ્રીલંકાના નવા વડાપ્રધાન :**
– શ્રીલંકાના વડાપ્રધાન તરીકે યુનાઇટેડ નેશનલ પાર્ટીના વડા રાનીલ વિક્રમસિંઘે શપથ લીધા.
– થોડા સમય અગાઉ વિવાદિત નિર્ણયોને લઇ રાષ્ટ્રપતિ મૈત્રીપાલ સિરિસેનાએ તમને પદભ્રષ્ટ કર્યા હતા.
– તેઓએ પાંચમી વખત વડાપ્રધાન પદ માટે શપથ લીધા.

પ્રશ્નો :

૧ બેડમિન્ટન વર્લ્ડ ટૂર ફાઇનલ જીતનાર પ્રથમ ભારતીય ખેલાડી જણાવો ?
– પી.વી.સિંધુ
૨ હોકી વિશ્વકપ–૨૦૧૮નું આયોજન કયાં થયું હતું ?
– ઓડિશાના ભુવનેશ્વર ખાતે
૩ ૧૪માં હોકી વિશ્વકપમાં વિજેતા જણાવો ?
– બેલ્જિયમ

૪ હોકી વિશ્વકપ–૨૦૧૮ના મેસકોર્ટ તરીકે શું હતું ?
– કાચબો
૫ રાષ્ટ્રીય ક્રાઇમ રેકોર્ડ બ્યુરોના નવા ડિરેક્ટર જણાવો ?
– રામફલ પવાર
૬ શ્રીલંકાના નવા વડાપ્રધાનનું નામ જણાવો ?
– રાનીલ વિક્રમસિંઘ

## 18. December 2018

**(૧) માલદીવના રાષ્ટ્રપતિનો ભારત પ્રવાસ :**

– માલદીવના રાષ્ટ્રપતિ સોલિહ પોતાના પહેલા વિદેશપ્રવાસ પર ભારત આવ્યા છે.
– તેમણે વડાપ્રધાન મોદી સાથે બેઠક કરી હતી જેમાં મોદીએ માલદીવને ૧૦ હજાર ૬૬ કરોડ રૂા.ની મદદ કરવાની જાહેરાત કરી છે.
– બંને નેતાઓએ ચાર સમજૂતી પર પણ મહોર લગાવી. તેમાં મહત્વપૂર્ણ સમજૂતી વિઝા અંગે પણ છે.
– સોલિહના શપથગ્રહણમાં પીએમ મોદી પણ પહોંચ્યા હતા.

**(૨) ભૂપેશ બઘેલ – છત્તીસગઢ મુખ્યમંત્રી :**

– છત્તીસગઢના કોંગ્રેસી નેતા ભૂપેશ બઘેલ ૧૭ ડિસેમ્બર, ૨૦૧૮ના રોજ રાજ્યના મુખ્યમંત્રી તરીકે શપથ લીધા.
– રાજ્યપાલ આનંદીબેન પટેલે ભૂપેશ બઘેલને ગુપ્તાની શપથ લેવડાવ્યા.
– તેમનો જન્મ છત્તીસગઢના દુર્ગ જિલ્લાના પાટણ તાલુકામાં ૨૩ ઓગસ્ટ, ૧૯૬૧ના રોજ થયો હતો.
– તેઓ સૌપ્રથમ ૧૯૯૩ માં ધારાસભ્ય બન્યા હતા.
– છત્તીસગઢની વિધાનસભાની ૯૦ બેઠકોની ચૂંટણીમાં કોંગ્રેસે ૬૮ બેઠક જીતી અને સ્પષ્ટ બહુમતી પ્રાપ્ત કરી હતી.
– છત્તીસગઢ : રાજધાની – રાયપુર– રાજ્યપાલ– આનંદીબેન પટેલ

**(3) કમલનાથે મધ્યપ્રદેશના ૧૮ મુખ્યમંત્રી**

– મધ્યપ્રદેશ કોંગ્રેસ નેતા કમલ નાથે મધ્યપ્રદેશના ૧૮માં મુખ્યમંત્રી તરીકે શપથ લીધા.
– રાજ્યપાલ આનંદીબેન પટેલે કમલનાથને ગુપ્તતાની શપથ લેવડાવ્યા.
– કમલ નાથનો જન્મ ૧૮ નવેમ્બર, ૧૯૪૬ના રોજ કાનપુર, યુપીમાં થયો હતો.
– વર્ષ ૧૯૮૦ માં તેઓ પ્રથમ વખત લોકસભાના સભ્ય તરીકે ચૂંટાયા હતા.
– તેઓ જૂન ૧૯૯૧ માં કેન્દ્રિય કેબિનેટમાં પર્યાવરણ અને વન રાજ્યપ્રધાન બન્યા.
– મધ્યપ્રદેશ વિધાનસભાની ૨૩૦ બેઠકોની ચૂંટણીમાં કોંગ્રેસ ૧૧૪ બેઠકો સાથે સૌથી મોટી પાર્ટી તરીકે ઊભરી આવી હતી.
– મધ્યપ્રદેશ : રાજધાની – ભોપાલ, રાજ્યપાલ– આનંદીબેન પટેલ

**(૪) મિસ યુનિવર્સ – ૨૦૧૮ :**

– મિસ ફિલિપાઇન્સ કેટરિઓના ઇલિસાગ્રેએ મિસ યુનિવર્સ ૨૦૧૮નો ખિતાબ જીત્યો.
– તેણી આ ખિતાબ પ્રાપ્ત કરવા માટે ચોથી ફિલિપાઇન મહિલા છે.
– મિસ યુનિવર્સ ૨૦૧૭ ડેમી લે નેલ – પીટર્સે તેને તાજ પહેરાવ્યો હતો.
– દક્ષિણ આફ્રિકાની ટેમરિન ગ્રીન ફર્સ્ટ રનર– અપ અને વેનેઝુએલાની સ્ટેફની ગુટરેઝ સેકન્ડ રનર અપ બની છે.
– મિસ યુનિવર્સ સ્પર્ધામાં ૯૩ દેશોની સુંદરીઓએ ભાગ લીધો હતો.
– મિસ યુનિવર્સ સંસ્થા દ્વારા યોજાયેલી વાર્ષિક આંતરરાષ્ટ્રીય સૌંદર્ય સ્પર્ધા છે.
– મિસ યુનિવર્સ વિશ્વની ચાર મુખ્ય સુંદરતા સ્પર્ધાઓમાંની એક છે, જેમાં મિસ વર્લ્ડ, મિસ ઇન્ટરનેશનલ અને મિસ અર્થનો પણ સમાવેશ થાય છે.
– આ સ્પર્ધાની શરૂઆત ૧૯૫૨ માં કેલિફોર્નિયામાં યુએસ યોજાઇ હતી.

**(૫) ભારતને વર્લ્ડ ટીમ સ્નૂકર ચેમ્પિયનશિપમાં ત્રણ મેડલ :**

– ભારતે વર્લ્ડ ટીમ સ્નુકર ચેમ્પિયનશિપમાં ત્રણ મેડલ જીત્યા છે.
– ભારતની એમી કમાની અને વિધ્યા પિલ્લઇએ મહિલા ટીમ ઇવેન્ટમાં સિલ્વર મેડલ જીત્યા છે.
– આલોક કુમાર અને રફત હબીબે માસ્ટર્સ કેટેગરીમાં સિલ્વર મેડલ જીત્યો છે. જ્યારે દિવ્ય શર્મા અને આયુષ કુમારે પુરૂષ ડબલ્સમાં કાંસ્ય પદક જીત્યો છે.
– ભારતીય ખેલાડીઓએ ચેમ્પિયનશીપમાં ત્રણ કેટેગરીમાં ભાગ લીધો હતો અને ત્રણેયમાં મેડલ જીત્યા છે.

**(૬) અપૂર્વા ચૌધરી – અલ્ટ્રા મેરેથોન :**

– અલ્ટ્રા મેરેથોન દોડ વીર અપૂર્વા ચૌધરીએ ૨૪ કલાકમાં ૧૭૬.૮ કિ.મી.નું અંતર કાપી રાષ્ટ્રીય વિક્રમ નોંધાવ્યો.
– તેણે એથ્લેટિક્સ ફેડરેશન ઑફ ઇન્ડિયાના દ્વારા આયોજિત એનબીબી ૨૪ અવર સ્ટેડિયમ રનમાં રાષ્ટ્રીય રેકોર્ડ બનાવ્યો હતો.
– બિજનૌરની ૨૮ વર્ષની અપૂર્વાએ મિનલ કોટકનો ૧૭૫.૪ કિ.મી.નો રેકોર્ડ તોડ્યો છે.

પ્રશ્નો :

૧ માલદીવના રાષ્ટ્રપતિનું નામ જણાવો ?
– સોલિહ
૨ છત્તિસગઢના નવા મુખ્યમંત્રી જણાવો ?
– ભૂપેશ બઘેલ
૩ છત્તીસગઢની રાજધાની જણાવો ?
– રાયપુર
૪ મધ્યપ્રદેશના ૧૮માં મુખ્યમંત્રી નું નામ જણાવો ?
– કમલ નાથે
૫ મધ્યપ્રદેશના રાજ્યપાલનું નામ જણાવો ?
– આનંદીબેન પટેલ
૬ મિસ યુનિવર્સ –૨૦૧૮નો ખિતાબ કોણે જીત્યો ?
– કેટરિઓના ઇલિસાગ્રેએ
૭ કુલ કેટલી ભારતીય મહિલાએ મિસ યુનિવર્સ ખિતાબ જીત્યો છે ?
– ૨ (બે)

૮ વિશ્વ પિલ્લઇ કઇ રમત સાથો સંકળાયેલ છે ?
– સ્નુકર

## 19. December 2018

**(૧) ડિસેમ્બર–૧૮ : આંતરરાષ્ટ્રીય પ્રવાસી દિવસ :**
– દર વર્ષે ૧૮ ડિસેમ્બરના રોજ આંતરરાષ્ટ્રીય પ્રવાસી દિવસ મનાવવામાં આવે છે.
– આ વર્ષની થીમ – Migration with Dignity
– ૪ ડિસેમ્બર, ૨૦૦૦ના રોજ, યુનાઇટેડ નેશન્સની મહાસભાએ સમગ્ર વિશ્વમાં ૧૮ ડિસેમ્બરના રોજ આંતરરાષ્ટ્રીય પ્રવાસી દિવસ તરીકે ઉજવવાનું નક્કી કર્યું.

**(૨) ગોવા મુક્તિ દિવસ :**
– ભારતીય સેનાએ ૧૯ ડિસેમ્બર, ૧૯૬૧ના રોજ ગોવા, દમણ અને દીવમાં પ્રવેશ કરી તેને પોર્ટુગલ શાસનમાંથી આઝાદ કર્યા હતા.
– ત્યારથી દર વર્ષે ૧૯ મી ડિસેમ્બરના રોજ 'ગોવા મુક્તિ દિવસ' ઉજવવામાં આવે છે.
– આ ત્રણેય વિસ્તાર પર ૪૫૦ વર્ષથી પોર્ટુગલ શાસન હતું.
– ભારત સરકાર દ્વારા ઓપરેશન વિજય થી ૪૦ કલાકની લડાઇ બાદ તેને આઝાદ કરવામાં આવ્યા હતા અને ભારતનો એક ભાગ જાહેર કરવામાં આવ્યો.
– ૩૦ મે ૧૯૮૭ના રોજ ગોવાને રાજ્યનો દરજ્જો આપવામાં આવ્યો જ્યારે દમણ અને દીવ કેન્દ્રશાસિત પ્રદેશ રહ્યા.
– ગોવા ભારતનું ર૬મું રાજ્ય છે.

**(૩) આંતરરાષ્ટ્રીય પતંગ મહોત્સવ કેવડિયામાં યોજાશે :**
– રાજ્યમાં અત્યાર સુધી સાબરમતીના રીવરફ્રન્ટ ખાતે યોજાતા આંતરરાષ્ટ્રીય પતંગ મહોત્સવનું સ્થળ બદલાયું છે.
– ૨૦૧૯નો પતંગ મહોત્સવ ૮ જાન્યુઆરીએ કેવડીયામાં યોજાશે.
– જેનું મુખ્યમંત્રી વિજય રૂપાણીના હસ્તે ઉદ્‌ઘાટન કરવામાં આવશે.
– ત્રણ દિવસ સુધી ચાલનારા મહોત્સવમાં દેશ તથા વિદેશના પતંગબાજો ભાગ લેશે.

**(૪) વિશ્વનો સૌથી નાનો પાર્ક :**
– પોર્ટલેન્ડ ની રાજધાની ઓરેગોનમાં ૪૫૨ સ્કવેર ઇંચ જગ્યામાં બનેલો મિલ્સ એન્ડ્રસ પાર્ક વિશ્વનો સૌથી નાનો પાર્ક છે.
– તેમાં માત્ર એક વૃક્ષ છે અને તે પણ ક્રિસમસ ટ્રી.
– પાર્ક ગિનીસ બુક ઑફ વર્લ્ડ રેકોર્ડ્સમાં પણ સામેલ છે.

પ્રશ્નો :
૧ આંતરરાષ્ટ્રીય પ્રવાસી દિવસ ક્યારે ઉજવાય છે ?
– ૧૮ ડિસેમ્બર
૨ ગોવા મુક્તિ દિવસ ક્યારે ઉજવાય છે ?
– ૧૯ ડિસેમ્બર
૩ ભારત સરકાર દ્વારા કયા ઓપરેશન અંતર્ગત ગોવાને મુક્ત કરવામાં આવ્યું હતું ?
– ઓપરેશન વિજય
૪ આંતરરાષ્ટ્રીય પતંગ મહોત્સવ–૨૦૧૯ કયાં યોજાશે ?
– કેવડીયા
૫ વિશ્વના સૌથી નાના પાર્કનું નામ જણાવો ?
– મિલ્સ એન્ડ્સ પાર્ક
૬ પોર્ટલેન્ડની રાજધાની જણાવો ?
– ઓરેગોન

## 20. December 2018

**(૧) અરૂણ ભાદુરી – નિધન :**
– ભારતના પ્રસિદ્ધ શાસ્ત્રીય ગાયક અરૂણ ભાદુરીનું ૧૮ ડિસેમ્બર, ૨૦૧૮ના રોજ નિધન થયું.
– અરૂણ ભાદૂરીનો જન્મ પશ્ચિમ બંગાળના મુર્શિદાબાદમાં ૭ ઓક્ટોબર ૧૯૪૩ ના રોજ થયો હતો.
– તેઓ હિન્દુસ્તાની શાસ્ત્રીય સંગીત અને અર્ધ શાસ્ત્રીય સંગીતથી જોડાયેલ હતા.
– તેઓ કિરાના અને રામપુર ઘરાનાના વિશેષજ્ઞ હતા.
– સંગીતના ક્ષેત્રે તેમના યોગદાન બદલ તેમને ૨૦૧૪માં પશ્ચિમ બંગાળ રાજ્યનો સર્વોચ્ચ નાગરિક પુરસ્કાર બંગાબીભુષણ એનાયત થયો હતો.

**(૨) જીસેટ–૭ :**
– આંધ્રપ્રદેશના શ્રી હરિકોટાના સતીશ ધવન અવકાશ કેન્દ્ર ખાતેથી સંદેશાવ્યવહાર ઉપગ્રહ જીસેટ–૭ ને સફળતાપૂર્વક લોન્ચ કર્યો.
– GSLV-F-11 રોકેટથી આ ઉપગ્રહને લોન્ચ કરવામાં આવ્યો હતો.
– શ્રી હરીકોટાથી આ ચાલુ વર્ષે સાતમું અને છેલ્લું લોન્ચિંગ કરવામાં આવ્યું હતું.
– આ ઉપગ્રહ એરફોર્સની કમ્યુનિકેશન સિસ્ટમને વધુ મજબૂત બનાવશે.
– આ ઉપગ્રહમાં ગ્રિગોરિયન એન્ટેના લગાવાયું છે, જેનો ઉપયોગ સિવિલિયન અને મિલિટરી બંને કમ્યુનિકેશન માટે થઇ શકશે.
– જીસેટ –૭ નું વજન,૨,૨૫૦ કિગ્રા છે.
– ૩૫ દિવસમાં શ્રી હરિ કોટાથી ઇસરોનું આ ત્રીજું સફળ પ્રક્ષેપણ હતું.
– GSLVનું આ સતત છઠ્ઠું સફળ મિશન હતું.
– આવતા વર્ષે એફ–૧૦ અને એફ–૧૨ લોન્ચ કરવામાં આવશે.

**(૩) વર્લ્ડ ઇકોનોમિક ફોરમ – જેન્ડર ગેપ ઇન્ડેક્સ – ૨૦૧૮**
– તાજેતરમાં વર્લ્ડ ઇકોનોમિક ફોરમ દ્વારા વર્ષ –૨૦૧૮નો જેન્ડર ગેપ રિપોર્ટ જાહેર કરવામાં આવ્યો.
– આ રિપોર્ટમાં ભારતે ૧૦૮ મું સ્થાન મેળવ્યું છે.
– વર્ષ ૨૦૧૭ માં ભારત ૧૦૮માં ક્રમે જ હતું, જ્યારે ૨૦૧૬માં તે ૮૭ માં સ્થાને હતું.
– ૧૪૯ દેશોમાં થયેલ સર્વેક્ષણમાં પાકિસ્તાનનો ક્રમ ૧૪૮ છે, જ્યારે યમન ૧૪૯ સ્થાને છે.
– આ રિપોર્ટમાં છેલ્લા દસ વર્ષથી આઇસલેન્ડ પ્રથમ સ્થાને છે.
– અનુક્રમે બીજું અને ત્રીજું સ્થાન નોર્વે અને સ્વીડનનું છે.

**(૪) અનુપકુમારની કબડ્ડીમાંથી નિવૃત્તિ**

- ભારતીય કબડ્ડી ટીમના પુર્વ સુકાની અને બોનસના બાદશાહ તરીકે જાણીતા સ્ટાર ખેલાડી અનુપ કુમારે કબડ્ડીમાંથી નિવૃત્તિની જાહેરાત કરી.
- અનુપ કુમાર હાલ પ્રો. કબડ્ડી લીગમાં જયપુર પિંક પૈંથર્સ ટીમમાં સુકાની છે.
- અનુપ કુમારે ૨૦૦૬માં આંતરરાષ્ટ્રીય કબડ્ડીમાં સા.એશિયન ગેમ્સથી ડેબ્યુ કર્યું હતું.
- તેઓ હરિયાણા રાજ્યના વતની છે.

**અનુપ કુમારની સિદ્ધિઓ :**

- ભારતીય કબડ્ડી ટીમે સાઉથ એશિયન ગેમ્સ–૨૦૦૬માં ગોલ્ડ મેડલ જીત્યો હતો.
- આ સમયે અનુપ કુમાર ભારતીય ટીમનો ભાગ હતા.
- ૨૦૧૦ અને ૨૦૧૪માં એશિયન ગેમ્સમાં ગોલ્ડ મેડલ જીતનારી ભારતીય ટીમમાં તેણે મહત્વનો ભાગ ભજવ્યો હતો.
- અમદાવાદમાં યોજાયેલ કબડ્ડી વર્લ્ડ કપ –૨૦૧૬માં અનુપ કુમારની આગેવાનીમાં ભારતીય ટીમ ચેમ્પિયન બની હતી.
- અનુપ કુમારને ૨૦૧૨માં અર્જુન એવોર્ડથી સન્માનિત કરાયો હતો.
- અનુપ કુમારની આગેવાનીમાં પ્રો.કબડ્ડી લીગની બીજી સિઝનમાં યુ. મુંબા ટીમને ચેમ્પિયન બની હતી.
- તે પીકેએલમાં એક માત્ર સુકાની છે કે જેણે પહેલી ત્રણ સિઝનમાં સુકાની તરીકે ટીમ તરફથી ફાઇનલ મેચ રમી હતી.
- ૨૦૧૪માં પ્રો કબડ્ડી લીગમાં તેને સૌથી મુલ્યવાન ખેલાડીનો એવોર્ડ મળ્યો હતો.

**(૨) 'ચેન્જિંગ ઇન્ડિયા'**

- ભૂતપૂર્વ વડા પ્રધાન મનમોહન સિંહ દ્વારા લખાયેલ 'ચેન્જિંગ ઇન્ડિયા' પુસ્તકનું દિલ્હી ખાતે વિમોચન કરવામાં આવ્યું.
- આ પુસ્તક ભારતના આર્થિક અને રાજકીય પાસાંઓને પ્રકાશિત કરે છે.
- 'ચેન્જિંગ ઇન્ડિયા' પુસ્તકમાં તેમના બાળપણ, શિક્ષણ, અર્થશાસ્ત્રી અને વડા પ્રધાન તરીકેનું જીવન દર્શાવવામાં આવ્યું છે.

**મનમોહનસિંઘની મુખ્યમાહિતી :**

- મનમોહન સિંઘનો જન્મ બ્રિટિશ ભારતના પંજાબ પ્રાંત (હાલ પાકિસ્તાન) માં ૨૬ સપ્ટેમ્બર ૧૯૩૨ના રોજ થયો હતો.
- તેમણે પંજાબ યુનિવર્સિટીમાંથી સ્નાતક અને અનુસ્નાતક સ્તર અભ્યાસ પૂર્ણ કર્યા.
- તેઓ કેમ્બ્રિજ યુનિવર્સિટી પી.એચ.ડી.કે. થયા છે.
- તેઓએ પંજાબ યુનિવર્સિટી અને દિલ્હી સ્કૂલ ઑફ ઇકોનોમિક્સના પ્રોફેસર તરીકે સેવા આપી છે.
- તેઓ ૧૯૮૭ અને ૧૯૯૦ દરમ્યાન જીનીવામાં દક્ષિણ કમિશનમાં સચિવ પણ હતા.
- તેઓ રિઝર્વ બેન્કના ગવર્નર, આયોજન પંચના ઉપાધ્યક્ષ, વડા પ્રધાનના આર્થિક સલાહકાર અને યુનિવર્સિટી ગ્રાન્ટર્સ કમિશનના અધ્યક્ષ તરીકે પણ રહી ચૂક્યા છે.
- તેઓએ દેશના ૧૩માં વડાપ્રધાન તરીકે વર્ષ ૨૦૦૪ થી ૨૦૧૪ સુધી કાર્ય કર્યું છે.

પ્રશ્નો :

૧ અરૂણ ભાદુરીનો જન્મ કયાં થયો હતો ?
- પશ્ચિમ બંગાળ, મુર્શિદાબાદ

૨ પશ્ચિમ બંગાળ રાજ્યનાં સર્વોચ્ચ નાગરિક પુરસ્કાર જણાવો?
- બંગાબીભુષણ

૩ G SAT-7 કયા રોકેટ દ્વારા લોન્ચ કરવામાં આવ્યો ?
- GSLV-F-11

૪ G SAT-7 નું વજન કેટલું છે ?
- ૨૨૫૦ કિ.ગ્રા.

૫ ગ્લોબલ જેન્ડર ગેપ ઇન્ડેક્સ– ૨૦૧૮માં ભારતનો ક્રમા જણાવો ?
- ૧૦૮ મું

૬ અનુપકુમાર કયા રાજ્યના વતની છે ?
- હરિયાણા

૭ અનુપ કુમારને અર્જુન એવોર્ડ ક્યારે એનાયત થયો હતો ?
- ૨૦૧૨માં

૮ 'ચેન્જિંગ ઇન્ડિયા' પુસ્તક કોનું છે ?
- મનમોહન સિંહ

૯ મનમોહન સિંહ કેટલામાં વડાપ્રધાન તરીકે કેટલા વર્ષ સુધી આ પદ પર કાર્ય કર્યું ?
- ૧૩ માં, ૨૦૦૪ થી ૨૦૧૪

## 21. December 2018

**(૧) DIPP રેન્કિંગ : સ્ટાર્ટઅપ માટે ગુજરાત સૌથી અનુકૂળ રાજ્ય :**

- દેશમાં ઉભરતા ઉદ્યોગપતિઓ (સ્ટાર્ટઅપ) ને પ્રોત્સાહન આપવા અનુકુળ વાતાવરણ ઉપલબ્ધ કરાવવામાં ગુજરાત દેશમાં સૌથી આગળ છે.
- ત્યારબાદ ટોપ પરફોર્મર રાજ્યોમાં રાજસ્થાન, ઓડિશા, કર્ણાટક અને કેરળના નામો છે.
- ઔદ્યોગિક નીતિ અને સંવર્ધન વિભાગએ આ રેન્કિંગ બહાર પાડ્યું હતું.
- તેમાં રાજ્યો દ્વારા લેવાયેલા પગલાંના આધારે તેમને લીડર્સ અને એસ્પાયરિંગ લીડર્સ સહિત ૬ શ્રેણીમાં વહેંચવામાં આવ્યાં છે જે ૭ મુખ્ય માપદંડો પર આધારિત છે.
- રેન્કિંગની આ પ્રક્રિયામાં ૨૭ રાજ્યો અને ત્રણ કેન્દ્રશાસિત પ્રદેશોએ ભાગ લીધો છે.

**૭ માપદંડ :**

- પ્રોત્સાહન આપવા નીતિનો અમલ
- ઇન્ક્યુ બેશનની સ્થાપના
- પ્રારંભિક મૂડીની વ્યવસ્થા કરવી
- ઇનોવેશનને પ્રોત્સાહન આપવું
- નિયમો સરળ બનાવવા
- ખરીદ પ્રક્રિયા

**(૨) જમ્મુ અને કાશ્મીરમાં રાષ્ટ્રપતિ શાસન :**

- જમ્મુ અને કાશ્મીરમાં છ મહિનાના રાજ્યપાલ શાસન બાદ ૧૯ ડિસેમ્બર ૨૦૧૮ થી રાષ્ટ્રપતિ શાસનનો અમલ થયો.
- રાજ્યના રાજ્યપાલ સત્યપાલ મલિકની દરખાસ્ત બાદ કેન્દ્ર સરકારે રાજ્યમાં રાષ્ટ્રપતિ શાસનનો અમલ કર્યો છે.
- હવે જમ્મુ અને કાશ્મીરમાં કોઇપણ મુખ્ય નીતિના નિર્ણય માટે રાજ્યપાલને સૌ પ્રથમ કેન્દ્રમાંથી પરવાનગી લેવી આવશ્યક બનશે.
- જૂન –૨૦૧૮માં ભારતીય જનતા પક્ષે પીડીપીથી ટેકો પાછો ખેંચી લીધો હતો, જેના કારણે જમ્મુ અને કાશ્મીરમાં મહબૂબા મુફ્તીની આગેવાની હેઠળની પીડીપી સરકાર હટાવી રાજ્યપાલ શાસન અમલમાં આવ્યું હતું.
- જમ્મુ અને કાશ્મીરમાં ૨૨ વર્ષ પછી રાષ્ટ્રપતિ શાસન અમલમાં આવ્યું છે. તે પહેલાં રાષ્ટ્રપતિ શાસન ૧૯૯૦ થી ૧૯૯૬ સુધી લાગુ થયું હતું.

**રાષ્ટ્રપતિ શાસન :**

- જો કોઇ રાજ્યમાં બંધારણીય તંત્ર નિષ્ફળ જાય ત્યારે બંધારણના અનુચ્છેદ ૩૫૬ અંતર્ગત રાષ્ટ્રપતિ શાસન લાગે છે.

**(૩) હર્ષવર્ધન અમેરિકાના અને રિવા બાંગ્લાદેશના રાજદૂત**

- હર્ષવર્ધન શ્રૃંગલાની અમેરિકામાં ભારત ખાતેના નવા રાજદૂત તરીકે નિમણૂક કરવામાં આવી.
- ૧૯૮૪ની બેચના વિદેશ સેવાના અધિકારી શ્રૃંગલા નવતેજ શરણનું સ્તથાન લેશે.
- શ્રૃંગલા હાલમાં બાંગ્લાદેશના રાજદૂત છે.
- બાંગ્લાદેશમાં તેમના સ્થાને ૧૯૮૬ ની બેચના વિદેશ સેવાના અધિકારી રિવા ગાંગુલી દાસની નિમણૂંક કરાઇ છે.

**(૪) ડબ્લ્યુ વી. રમન – ભારતીય મહિલા ક્રિકેટ ટીમ કોચ :**

- ભારત ભૂતપૂર્વ ટેસ્ટ ઓપનર ડબલ્યુ વી. રમનને ભારતીય મહિલા ક્રિકેટ ટીમના કોચ તરીકે નિમવામાં આવ્યા છે.
- કોચ પસંદગી માટે રચાયેલી એડહોક સમિતિએ વી. રમનના નામની ભલામણ બાદ બીસીસીઆઇ દ્વારા તેમની નિમણૂક કરવામાં આવી.
- તેઓએ રમેશ પવારનું સ્થાન લીધું.
- ડબલ્યુ. વી. રમન હાલમાં રાષ્ટ્રીય ક્રિકેટ એકેડેમી ઓફ બેંગલુરૂમાં બેટિંગ કન્સલ્ટન્ટ છે.
- એડહોક સમિતિમાં ભૂતપૂર્વ કેપ્ટન કપિલ દેવ, ભૂતપૂર્વ ઓપનર અંશુમાન ગાયકવાડ અને મહિલા ક્રિકેટ ટીમના ભૂતપૂર્વ કેપ્ટન શાંતા રંગાસ્વામીનો સમાવેશ થાય છે.
- તેમણે અગાઉ રણજી ટ્રોફીમાં તમિલનાડુ અને બંગાળ ક્રિકેટ ટીમનાના કોચ તરીકેની ભૂમિકા ભજવી છે.
- આ ઉપરાંત તેઓ ભારત અંડર–૧૯ ક્રિકેટ ટીમના પણ કોચ રહી ચૂક્યા છે.
- ડબલ્યુ. વી. રમનનો જન્મ ચેન્નાઇમાં થયો હતો.
- તેણે પોતાની કારકિર્દી સ્પિનર તરીકે શરૂઆત કરી હતી.
- તેઓ ભારત તરફથી ૧૯૮૮ અને ૧૯૯૭ દરમ્યાન ૧૧ ટેસ્ટ અને ૨૭ વન ડે મેચો રમી ચૂક્યા છે.
- ૧૯૮૮ માં વેસ્ટ ઇન્ડિઝ સામેની વનડે માં તેમણે ડેબ્યું કર્યો હતો.
- તેઓ દક્ષિણ આફ્રિકા વિરૂદ્ધ વનડે માં સદી ફટકારનાર પ્રથમ ભારતીય બેટ્સમેન હતા.
- તેમણે ૧૯૯૭માં દક્ષિણ આફ્રિકાના કેપ ટાઉનમાં સચિન તેંડુલકરની કપ્તાન શીપમાં છેલ્લી ટેસ્ટ મેચ રમી હતી.

**(૫) એશિયાઇ સિંહ સંરક્ષણ પ્રોજેક્ટ**

- કેન્દ્રિય પર્યાવરણ, વન અને જલવાયુ પરિવર્તન મંત્રાલયે તાજેતરમાં એશિયાઇ સિંહ સંરક્ષણ પ્રોજેક્ટ લોન્ચ કર્યો.
- આ પ્રોજેક્ટનો હેતુ એશિયાઇ સિંહની સંખ્યામાં વધારો કરવાનો છે.
- આ પ્રોજેક્ટ ૩ વર્ષ સુધી ચલાવવામાં આવશે.
- પ્રોજેક્ટ અંતર્ગત એશિયાઇ સિંહોમાં સંરક્ષણ માટે સિંહના રોગો અને તેના સ્વાસ્થ્યને નિયંત્રણ કરવામાં આવશે.
- IUCN (ઇન્ટરનેશનલ યુનિયન ફોર્સ કંસર્વેશન ઓફ નેચર) દ્વારા એશિયન સિંહને 'સંકટગ્રસ્ત' જીવોની સૂચિમાં રાખવામાં આવ્યા છે.
- ભારતમાં એશિયાઇ સિંહ ગુજરાતમાં જોવા મળે છે.

પ્રશ્નો :

૧ DIPP રેન્કિંગમાં સ્ટાર્ટઅપ માટે સૌથી અનુકૂળ રાજ્ય કયું છે ?
– ગુજરાત
૨ તાજેતરમાં કયાં રાજ્યમાં રાષ્ટ્રપતિ શાસન લાગ્યું ?
– જમ્મુ અને કાશ્મીર
૩ જમ્મુ અને કાશ્મીરમાં કયા અનુચ્છેદ અંતર્ગત રાષ્ટ્રપતિ શાસન લાગ્યું ?
– A-356
૪ તાજેતરમાં અમેરિકામાં ભારત ખાતેના નવા રાજદુત તરીકે કોની વરણી કરવામાં આવી ?
– હર્ષવર્ધન શ્રૃંગલા
૫ ભારતીય મહિલા ક્રિકેટ ટીમના નવા કોચ જણાવો ?
– ડબ્લ્યુ વી. રમન
૬ IUCN નું પુરૂનામ જણાવો ?
– ઇન્ટરનેશનલ યુનિયન ફોર કંઝર્વેશન ઓફ નેચર

## 22. December 2018

**(૧) રાષ્ટ્રીય ગણિત દિવસ :**

- દર વર્ષે ૨૨ ડિસેમ્બરે રાષ્ટ્રીય ગણિત દિવસની ઉજવણી ગણિતશાસ્ત્રી શ્રીનિવાસ રામાનુજનની યાદમાં કરવામાં આવે છે.
- પ્રથમ ઉજવણી વર્ષ ૨૦૧૨ માં કરવામાં આવી હતી.
- આ દિવસની ઉજવણી અંગેની જાહેરાત ભારતના ભૂતપૂર્વ વડાપ્રધાન ડૉ. મનમોહન સિંહ દ્વારા શ્રીનિવાસ રામાનુજનની ૧૨૫મી જન્મ જયંતિ નિમિત્તે કરવામાં આવી હતી.
- શ્રીનિવાસ રામાનુજનનો જન્મ ૨૨ ડિસેમ્બર ૧૮૮૭ના રોજ થયો હતો.
- વર્ષ ૨૦૧૨ને રાષ્ટ્રીય ગણિત વર્ષ તરીકે ઉજવવામાં આવ્યું હતું.

**(૨) દેશના ટોપ–૧૦ પોલીસ સ્ટેશનો :**

- તાજેતરમાં ગૃહમંત્રી રાજનાથસિંહે દેશના ટોપ–૧૦ પોલીસ સ્ટેશનોની યાદી બહાર પાડી હતી.
- ગૃહમંત્રી રાજનાથ સિંહે એક કાર્યક્રમમાં આ ટોચના ૩ પોલીસ સ્ટેશનના પોલીસ અધિકારીઓને ટ્રોફી પણ પ્રદાન કરી હતી.
- આ યાદીમાં રાજસ્થાનના બિકાનેર નું કાલુ પોલીસ સ્ટેશન પ્રથમ સ્થાને છે.
- જ્યારે અંદામાન અને નિકોબાર ટાપુઓમાં આવેલ કેમ્પબેલ બે પોલીસ સ્ટેશન બીજા સ્થાને છે.
- આ યાદી ઇન્ટેલિજન્સ બ્યુરો દ્વારા તૈયાર કરવામાં આવી છે.
- આ રેન્કિંગનો હેતુ પોલીસની ગુણવત્તા સુધારવા અને તેને નાગરિક મૈત્રીપૂર્ણ બનાવવાનો છે.

**ટોપ– ૧૦ પોલીસ સ્ટેશનોની યાદી**

(૧) કાલુ (રાજસ્થાન)
(૨) કેમ્પબેલ બે (આંદામાન અને નિકોબાર ટાપુઓ)
(૩) ફરક્કા (પશ્ચિમ બંગાળ)
(૪) નેત્તાપક્કમ (પૉંડિચેરી)
(૫) ગુડેરી (કર્ણાટક)
(૬) ચૌપા (એચપી)
(૭) લખેરી (રાજસ્થાન)
(૮) પેરિયાકુલમ (ટીએન)
(૯) મુનસ્યારી (ઉત્તરાખંડ)
(૧૦) ચૂર્ોરમ (ગોવા)

**(૩) રાષ્ટ્રપતિના હસ્તે અમુલના એમડી ને 'લાઇફ ટાઇમ અચિવમેન્ટ એવોર્ડ'**

- રાષ્ટ્રપતિ રામનાથ કોવિંદ અને ફુડ પ્રોસેસિંગ ઇન્ડ. મંત્રી હરસિમરત કૌર દ્વારા અમૂલના MD આર.એસ. સોઢીને ઓલ ઇન્ડિયા ફૂડ પ્રોસેસર્સ એસો. દ્વારા 'લાઇફ ટાઇમ એચિવમેન્ટ એવોર્ડ' એનાયત કરવામાં આવ્યો છે.
- એગ્રો. ફૂડ ક્ષેત્રના વૈજ્ઞાનિક પદ્ધતિથી સંચાલન માટે ટેકનિકલ અને સંચાલકીય માર્ગ દર્શિકાના હેતુથી ૧૯૪૩માં ધ ઓલ ઇન્ડિયા ફૂડ પ્રોસેસર્સ એસો. ની સ્થાપના કરાઇ છે.

**(૪) ફોન અને કમ્પ્યુટર ડેટા તપાસવા માટે એજન્સીઓને મંજૂરી :**

- કેન્દ્ર સરકારે રાષ્ટ્રીય સુરક્ષાના સંદર્ભમાં કોઇપણ વ્યક્તિના ટેલિફોન અને કમ્પ્યુટર ડેટાની તપાસ કરવા માટે ૧૦ તપાસ એજન્સીઓને અધિકાર આપ્યો.
- તેમાં કમ્પ્યુટર આધારિત કૉલ્સ અને ફોન ડેટા સામેલ છે.
- આઇટી એક્ટની કલમ – ૬૯ (૧) હેઠળ એજન્સીઓને આ અધિકાર આપવામાં આવ્યો છે.
- દેશની સુરક્ષા, અખંડતા અન્ય દેશો સાથે મૈત્રીપૂર્ણ સંબંધો જાળવવા હેતુથી આ નિર્ણય લેવામાં આવ્યો છે.
- ગૃહસચિવ રાજીવ ગૌબાએ જારી કરેલા આદેશ મુજબ જાસૂસી– સુરક્ષા એજન્સીઓ કોઇપણ વ્યક્તિના કમ્પ્યુટરમાં જનરેટ, ટ્રાનસમિટ, રિસીવ અને સ્ટોર કરાયેલા કોઇપણ દસ્તાવેજ જોઇ શકે છે.

**કઇ ૧૦ એજન્સી દેખરેખ રાખશે.**

(૧) ઇન્ટેલિજન્સ બ્યૂરો (આઇબી)
(૨) નાર્કોટિક્સ કન્ટ્રોલ બ્યૂરો (એનસીબી)
(૩) એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ (ઇડી)
(૪) સેન્ટ્રલ બોર્ડ ઓફ ડાયરેક્ટ ટેક્સ
(૫) ડિરેક્ટોરેટ ઓફ રેવન્યુ ઇન્ટેલિજન્સ
(૬) સીબીઆઇ
(૭) એનઆઇએ
(૮) કેબિનેટ સેક્રેટેરિએટ (રૉ)
(૯) ડિરેક્ટોરેટ ઓફ સિગ્નલ ઇન્ટોલિજન્સ
(૧૦) દિલ્હી પોલીસ કમિશનર

**(૫) વડાપ્રધાન મોદીનો કેવડીયા પ્રવાસ :**

- ઓલ ઇન્ડિયા વાર્ષિક DG કોન્ફરન્સમાં ભાગ લેવા માટે પીએમ મોદી કેવડિયા ખાતે પહોંચ્યા હતા.
- કોન્ફરન્સમાં મોદી દેશના તમામ રાજ્યોના DGને સંબોધન કર્યું હતું.
- કોન્ફરન્સમાં ગૃહમંત્રી રાજનાથસિંહ ગૃહ રાજ્ય મંત્રી, હંસરાજ આહીર અને કિરણ રિજિજુ હાજર રહ્યા હતા
- દર વર્ષે યોજાતી આ કોન્ફરન્સ વર્ષ ૨૦૧૬માં કચ્છના ધોરડો ટેન્ટસિટી ખાતે યોજાય હતી.

પ્રશ્નો :

૧ રાષ્ટ્રીય ગણિત દિવસ ક્યારે ઉજવાય છે ?
– ૨૨ ડિસેમ્બર
૨ કયા વર્ષને રાષ્ટ્રીય ગણિત વર્ષ તરીકે ઉજવવામાં આવ્યું હતું ?
– ૨૦૧૨
૩ રાષ્ટ્રીય ગણિત દિવસ કોની યાદમાં ઉજવાય છે ?
– શ્રીનિવાસ રામાનુજન
૪ દેશના ટોપ–૧૦ પોલીસ સ્ટેશનોમાં પ્રથમ ક્રમે કયું પોલીસ સ્ટેશન છે ?
– રાજસ્થાનના બિકાનેરનું કાલુ પોલીસ સ્ટેશન
૫ તાજેતરમાં અમુલના એમડી આર.એસ. સોઢીને રાષ્ટ્રપતિ દ્વારા કર્યા એવોર્ડ એનાયત થયો ?
– લાઇફ ટાઇમ અચિવમેન્ટ એવોર્ડ
૬ તાજેતરમાં કઇ કલમ અંતર્ગત ફોન અને કમ્પ્યુટર ડેટા તપાસવા માટે એજન્સીઓએ મંજુરી મળી છે ?
– કલમ– ૬૯ (૧)
૭ ઓલ ઇન્ડિયા વાર્ષિક DG કોન્ફરન્સ – ૨૦૧૮ કયાં યોજાઇ હતી ?
– કેવડિયા

## 23. December 2018

**(૧) રાષ્ટ્રીય કિશાન દિવસ :**

- દર વર્ષે ૨૩ ડિસેમ્બરના રોજ ભારતભરમાં રાષ્ટ્રીય કિશાન દિવસ મનાવવામાં આવે છે.
- આ દિવસની ઉજવણી ભારતના ભુતપૂર્વ વડાપ્રધાન શ્રી ચૌધરી ચરણસિંહના જન્મદિવસ નિમિત્તે કરવામાં આવે છે.
- તેમનો જન્મ પંજાબના નુરપુર ખાતે થયો હતો.
- જમીનદારી નાબૂદી ધારાને ઘડવામાં અને તેના અમલમાં ચૌધરી ચરણસિંહનો અમૂલ્ય ફાળો હતો.

- તેમનું પુસ્તક 'શિષ્ટાચાર' ખુબ જ પ્રખ્યાત છે.
- ચૌધરી ચરણસિંહનું અવસાન ૨૯ મે ૧૯૮૭ના રોજ થયું હતું.

**(૨) જીએસટી કાઉન્સિલની ૩૧ મી બેઠક :**

- જીએસટી કાઉન્સિલ દ્વારા સામાન્ય લોકોના વપરાશની વધુ ૧૭ વસ્તુઓ અને ૬ સેવાઓ પરનો જીએસટી દર ઘટાડવામાં આવ્યા.
- કાઉન્સિલે કુલ ૭ વસ્તુઓને ૨૮ ટકાના સ્લેબમાંથી બહાર કાઢી છે.
- તેમાં ૩૨ ઇંચ સુધીના મોનિટર અને ટીવી સિનેમાની ટિકિટ, ટાયર, વાહનોના કેટલાક ભાગ, લિથિયમ આયર્નવાળી પાવર બેન્ક, વીડિયો ગેમ વગેરેનો સમાવેશ થાય છે.
- હવે આ સ્લેબમાં ૨૮ ચીજવસ્તુઓ બચી છે.
- નવા દર ૧ જાન્યુઆરીથી અમલી બનશે.

**જીએસટી મુખ્યમાહિતી :**

- GST - Goods and services Tax
- જીએસટી લાગુ કરવાનો મુખ્ય હેતુ એક દેશ – એક કર છે.
- ભારતમાં GST લાગુ – ૧ જુલાઇ ૨૦૧૭
- વિશ્વમાં GST લાગુ કરનાર પ્રથમ દેશ – ફ્રાંસ
- GST બિલ રાષ્ટ્રપતિની મંજૂરી – ૮ સપ્ટેમ્બર – ૨૦૧૬
- GST નંબર કુલ ૧૫ સંખ્યામાં હોય છે.
- GST કાઉન્સિલ અધ્યક્ષ – નાણામંત્રી
- GST કાઉન્સિલ મુખ્યમુથક – નવી દિલ્હી
- GST દિવસ – ૧ જુલાઇ
- GST લાગુ કરનાર ભારતનું પ્રથમ રાજ્ય – આસામ
- GST લાગુ કરનાર ભારતનું અંતિમ રાજ્ય – જમ્મુ કાશ્મીર
- GST ના ત્રણ ભાગો – CGST, SGST, IGST
- GST બ્રાન્ડ એમ્બેસેડર – અમિતાભ બચ્ચન(૨૦૧૯ સ્થિતિએ)

**(3) સરકારી બેન્કોના વિલયને મંત્રીજૂથ દ્વારા લીલીઝંડી :**

- નાણાં મંત્રી અરૂણ જેટલીના નેતૃત્વ હેઠળની મંત્રીઓની સમિતિ દ્વારા બેન્ક ઓફ બરોડા, વિજ્યા બેન્ક અને દેના બેન્કના મર્જરને મંજૂરી આપી છે.
- જે મુજબ દેના બેન્ક અને વિજ્યા બેન્કનું બેન્ક ઓફ બરોડામાં વિનિમય થશે.
- ગત ૧૭ સપ્ટેમ્બરના વિશ્વ સ્તરની બેન્ક બનાવવા માટે ૩ બેન્કોના મર્જર પર વિચાર રજૂ કર્યો હતો.
- મર્જર બાદ આ દેશની ત્રીજા નંબરની મોટી બેન્ક હશે.
- ટોચની બે બેન્કો માં સ્ટેટ બેન્ક ઓફ ઇન્ડિયા અને એચડીએફસી બેન્કનો સમાવેશ થાય છે.
- મર્જર બાદ તમામ બેન્કના કર્મચારીઓ પણ જળવાઇ રહેશે.
- બેન્કોના મર્જરથી ગ્રાહકોને ખાસ કોઇ અસર નહીં થાય. બેન્કનું નામ બદલાશે, પાસબુક અને ચેકબુક બદલાશે.
- બેંક ઓફ બરોડા– સ્થાપના – ૧૯૦૮, મુખ્યમથક – વડોદરા
- વિજય બેંક – સ્થાપના –૧૯૩૧, મુખ્યમથક – બેંગલુરૂ
- દેના બેંક – સ્થાપના – ૧૯૩૮, મુખ્યમથક – મુંબઇ

**(૪) ૧ થી ૧૦ કરોડમાં એઇમ્સનો વોર્ડ કે બ્લોક દત્તક મળશે :**

- કેન્દ્ર સરકારે એઇમ્સના વોર્ડ અને બ્લોક ખાનગી વ્યક્તિઓ અથવા કંપનીઓને દત્તક આપવાની દરખાસ્તને મંજૂરી આપી છે.
- દિલ્હી સિવાય દેશના અન્ય ભાગોમાં સંચાલિત એઇમ્સમાં પણ આ વ્યવસ્થા લાગુ થઇ શકશે.
- બદલામાં તે વ્યક્તિને તે બ્લોક અથવા વોર્ડ ૧૦ થી ૧૫ વર્ષ માટે દત્તક લેવાનો રહેશે.
- સેન્ટ્રલ ઇન્સ્ટિટ્યૂટ બોડીમાં પાસ થયેલી દરખાસ્તમાં વોર્ડ અથવા બ્લોક પર એકથી ૧૦ કરોડ રૂપિયા સુધીનો ખર્ચ કરવો પડી શકે છે.
- તાજેતરમાં કેન્દ્રિય કેબિનેટે તમિલનાડુ અને તેલંગાણામાં એઇમ્સ સંસ્થાની સ્થાપના ને મંજૂરી આપી છે.

**(૫) ટાઇમ મેગેઝિનના ૨૫ પ્રભાવશાળી યુવાઓમાં ત્રણ ભારતીય મૂળના વિદ્યાર્થીઓ :**

- તાજેતરમાં ટાઇમ મેગેઝીન દ્વારા ૨૦૧૮માં વિવિધ ક્ષેત્રોમાં ઉત્તમ કાર્ય કરનાર ટોપ–૨૫ યુવાઓની યાદી બહાર પાડવામાં આવી.
- આ યાદીમાં ત્રણ ભારતીય મૂળના યુવાઓને સ્થાન મળ્યું.
- જેમાં યુ.એસ. માં અભ્યાસ કરતા કાવ્યા કોપ્પારાપુ, ઋષભ જૈન અને અમિકા જ્યોર્જનો સમાવેશ થાય છે.
- ટાઇમ અમેરિકાનું સાપ્તાહિક મેગેઝિન છે, જે ન્યુયોર્ક સિટીથી પ્રકાશિત થાય છે.
- તેની સ્થાપના ૧૯૨૩માં થઇ હતી.

પ્રશ્નો :

૧ રાષ્ટ્રીય કિશાન દિવસ ક્યારે ઉજવાય છે ?
– ૨૩ ડિસેમ્બર

૨ 'શિષ્ટાચાર' પુસ્તક કોનું છે ?
– ચૌધરી ચરણસિંહ

૩ રાષ્ટ્રીય કિશાન દિવસ કોની યાદમાં ઉજવાય છે ?
– ચૌધરી ચરણસિંહ

૪ તાજેતરમાં GSTની કેટલામી કાઉન્સિલની બેઠક મળી હતી ?
– ૩૧ મી

૫ વિશ્વમાં GST લાગુ કરનાર પ્રથમ દેશ જણાવો ?
– ફ્રાંસ

૬ GST નંબર કુલ કેટલી સંખ્યામાં હોય છે ?
– ૧૫

૭ GST લાગુ કરનાર ભારતનું પ્રમથ અને અંતિમ રાજ્ય ?
– પ્રથમ આસામ, અંતિમ જમ્મુ કશ્મીર

૮ GST ના બ્રાન્ડ એમ્બેસેડર જણાવો ?
– અમિતાભ બચ્ચન

૯ દેના બેંકનું મુખ્યમથક કયાં આવેલ છે ?

Vivekanand Academy Gandhinagar

– મુંબઇ

## 24. December 2018

**(૧) રાષ્ટ્રીય ગ્રાહક અધિકાર દિન :**

– દર વર્ષે ભારતમાં ૨૪ ડિસેમ્બરના રોજ ગ્રાહક સુરક્ષા દિવસ મનાવવામાં આવે છે.

– ૨૪ ડિસેમ્બર ૧૯૮૬ના રોજ રાષ્ટ્રપતિ દ્વારા ગ્રાહક સુરક્ષા કાયદાને ૧૯૮૬ને મંજૂરી આપવામાં આવી હતી.

– ૨૦૧૮ થીમ : Timely Disposal of Consumer Complaints 'ગ્રાહકની ફરિયાદોને સમયસર નિકાલ'

– ૧૫ માર્ચના રોજ વિશ્વ ગ્રાહક અધિકાર દિવસ મનવવામાં આવે છે.

– સ્ટેટ કન્ઝ્યુમર હેલ્પલાન નંબર– ૧૮૦૦૨–૨૩૩–૦૨૨૨

**(૨) જસદણનો જનાદેશ :**

– જસદણ–૭૨ની વિધાનસભાની પેટા ચૂંટણીમાં ભાજપના ઉમેદવાર કુંવરજી બાવળિયાનો ૧૯૯૮૫ મતની લીડથી વિજય થયો.

– તેઓએ કોંગ્રેસના ઉમેદવાર અવસર નાકિયાને પરાજીત કર્યા.

– તેઓ હાલ ગુજરાત સરકારના કેબિનેટ મંત્રી છે.

– તેથી હવે શાસક પક્ષ ભાજપની ગુજરાત વિધાનસભાની બેઠક ૧૦૦ થઇ છે.

– વર્ષ ૨૦૧૭માં યોજાયેલી વિધાનસભાની ચૂંટણીઓમાં બાવળિયાએ કોંગ્રેસના ઉમેદવાર તરીકે જસદણની બેઠક જીતી હતી.

– બાદમાં તેઓ પક્ષ પલટો કરી ભાજપમાં જોડતા આ બેઠક પર પેટા ચૂંટણી યોજાઇ હતી.

– હાલ વડોદરાની રાવપુરા બેઠક પરથી ચુંટાયેલા ધારાસભ્ય રાજેન્દ્ર ત્રિવેદી ગુજરાત વિધાનસભાના ૧૮મા અધ્યક્ષ છે.

– વિધાનસભાની રચના અનુચ્છેદ ૧૭૦ અંતર્ગત કરવામાં આવે છે.

**(૩) પદ્મશ્રી નાના ચુડાસમાનું નિધન :**

– મુંબઇના માજી શેરિફ પદ્મશ્રી નાના ચુડાસમાનું ૨૩ ડિસેમ્બરના રોજ નિધન થયું હતથું.

– તેઓ ભાજપનાં નેતા અને ફેશન ડિઝાઇનર શાયના અનેસીના પિતા હતા.

– ચુડાસમા જાયન્ટ ઇન્ટરનેશનલના સ્થાપક હતા.

– તેઓ ગોંડલના વતની હતા.

– દેશવિદેશની મહત્વની ઘટનાઓ પર માર્મિક શબ્દોમાં ટિપ્પણી કરતા મરીન ડ્રાઇવ પરનાં તેમનાં બેનરો માટે પણ તેઓ જાણીતા હતા.

– તેમણે શેરિફ તરીકે બે ટર્મ પૂરી કરી હતી.

– તેમના પિતા માનસિંહ ચુડાસમા મુંબઇના પોલીસ કમિશનર હતા.

**(૪) વેદાંગી કુલકર્ણી – સાઇક્લિસ્ટ :**

– ભારતની વેદાંગી કુલકર્ણી સાઇકલથી દુનિયાનું ચક્કર લગાવનારી એશિયાની સૌથી ઝડપી સાઇક્લિસ્ટ બની ગઇ છે.

– ૨૦ વર્ષની વેદાંગીએ ૧૫૯ દિવસમાં ૨૯ હજાર કિ.મી. સાઇક્લિંગ કર્યું.

– આ દરમિયાન તેણે ૧૪ દેશ કવર કર્યા.

– પૂણેની સાઇક્લિસ્ટે કોલકાત્તામાં સાઇક્લિંગ કરી ૨૯ હજાર કિ.મી.નું માપદંડ પુરું કર્યું હતું.

– હવે તે પર્થ (ઓસ્ટ્રેલિયા) જઇ સત્તાવાર રીતે રેસ પૂરી કરશે.

– વેદાંગીએ જુલાઇ ૨૦૧૮માં પર્થ થી રેસ શરૂ કરી હતી.

– વેદાંગી બ્રિટનની યુનિવર્સિટી ઓફ બોર્ન માઉથમાં સ્પોર્ટ્સ મેનેજમેન્ટનો અભ્યાસ કરે છે.

– બ્રિટનની જેની ગ્રેહામના નામે સૌથી ઓછા સમયમાં દુનિયાનું ચક્કર લગાવવાનો મહિલા વર્ગમાં વર્લ્ડ રેકોર્ડ છે.

– જેનીએ આ વર્ષે ૧૨૪ દિવસમાં આ પ્રવાસ કર્યો હતો.

– ઇટાલીની પાઓલા જિયાનોટી (૧૧૪ દિવસ) બીજા નંબરે છે.

**(૫) અગ્નિ–૪ નું સફળ પરીક્ષણ :**

– ભારતે પરમાણુ શસ્રોનું વહન કરવા સક્ષમ મિસાઇલ અગ્નિ–૪નું ઓડિશાના દરિયાકાંઠેથી સફળ પરીક્ષણ કર્યું.

– અગ્નિ–૪ મિસાઇલનું આ સાતમું પરીક્ષણ હતું. મિસાઇલને ડીઆરડીઓ દ્વારા ડિઝાઇન કરવામાં આવી છે.

– અગ્નિ–૪ મધ્યવર્તી રેન્જ બેલિસ્ટિક મિસાઇલ છે. તે ૪૦૦૦ કિ.મી. દૂર સુધીનું નિશાન પાર પાડવા સક્ષમ છે.

– અગ્નિ–૪ મિસાઇલ ૨૦ મીટર લાંબી છે અને તેનું વજન ૧૭ ટન છે. તે તેની સાથે એક કિલોગ્રામ સુધીની વિસ્ફોટક લઇ શકે છે.

– અગ્નિ–૪ મિસાઇલમાં ફિફથ જનરેશન કમ્પ્યુટર્સ ઇન્સ્ટોલ કરવામાં આવ્યા છે.

પ્રશ્નો :

૧ રાષ્ટ્રીય ગ્રાહક અધિકાર દિન ક્યારે ઉજવાય છે ?

– ૨૪ ડિસેમ્બર

૨ રાષ્ટ્રીય ગ્રાહક અધિકાર દિન–૨૦૧૮ની થીમ જણાવો ?

– ગ્રાહકની ફરિયાદનો સમયસર નિકાલ

૩ વિશ્વ ગ્રાહક દિન ક્યારે ઉજવાય છે ?

– ૧૫ માર્ચ

૪ જસદણ–૭૨ વિધાનસભાની પેટા ચુંટણીમાં કોનો વિજય થયો ?

– કુંવરજી બાવળિયા

૫ વિધાનસભાની રચના કયા અનુચ્છેદ અંતર્ગત કરવામાં આવે છે ?

– ૧૭૦

૬ સાઇકલથી દુનિયાનું સૌથી ઝડપી ચક્કર લગાવનાર એશિયન મહિલા જણાવો ?

– ભારતની વેદાંગી કુલકર્ણી

૭ અગ્નિ–૪ ની રેન્જ જણાવો ?

– ૪૦૦૦ કિ.મી.

૮ અગ્નિ–૪માં કઇ પેટીના કમ્પ્યુટર ઇન્સ્ટોલ કરવામાં આવ્યા છે ?

– પાંચમી પેઢી

## 25. December 2018

**(૧) રાષ્ટ્રીય સુશાસન દિવસ :**

- ભારતના પૂર્વ વડાપ્રધાન ભારત રત્નશ્રી અટલ બિહારી વાજપાયીના જન્મદિવસ ભારતભરમાં રાષ્ટ્રીય સુશાસન દિવસ મનાવવામાં આવે છે.
- આ દિવસની પ્રથમ ઉજવણી વર્ષ ૨૦૧૪ માં કરવામાં આવી હતી.
- તેમનો જન્મ મધ્યપ્રદેશના ગ્વાલિયરમાં ૨૫ ડિસેમ્બર ૧૯૨૪ના રોજ થયો હતો.
- તેમનું નવી દિલ્હી એઇમ્સ હોસ્પિટલમાં ૧૬ ઓગસ્ટ ૨૦૧૮ના રોજ નિધન થયું હતું.
- તેઓ ૧૯૯૬ માં પહેલીવાર વડાપ્રધાન બન્યા હતા.
- તેઓ પ્રજાસત્તાક ભારતના ૧૦ માં વડાપ્રધાન તરીકે અલગ અલગ ત્રણ વખત સેવા આપી.
- તાજેતરમાં ભારત સરકારે સ્વ. અટલ બિહારી વાજપાયીના જન્મની વર્ષગાંઠ નિમિતે ૧૦૦ રૂપિયાનો સ્મારક સિક્કો બનાવવાની મંજૂરી આપી.
- સિક્કાના મધ્યમાં ત્રણ સિંહવાળો અશોક સ્તંભ હશે જેના નીચે સત્યમેવ જયતે અંકિત કરેલું હશે.
- ઉપર ડાબી બાજુ હિનદીમાં 'ભારત' શબ્દ અને ઉપર જમણી બાજુ અંગ્રેજીમાં 'ઇન્ડિયા' શબ્દ અંકિત કરેલો હશે.
- આ સિક્કાનો આકાર ગોળ છે અને તેનું કદ ૪૪mm, કુલ વજન ૩૫ ગ્રામ છે. ધાતુમાં ૫૦ ટકા ચાંદી, ૪૦ ટકા કોપર, ૫ ટકા નિકલ, ૫ ટકા ઝીંક હશે.
- તેની બાહ્ય તરફ ૨૦૦ કરકરિયાની દાંતી હશે. નીચેની બાજુ મધ્યમાં અટલજીનું મુખનું ચિત્ર હશે.

ઠન ગઇ ! મૌત સે ઠન ગઇ !
મૌત કી ઉમર કયા હૈ ? દો પલ ભી નહીં,
જિંદગી સિલસિલા, આજકલ કી નહીં
મૈ જી ભર જીયા, મૈ મન સે મરું
લૌટકર આઉંગા, કૂચ સે ક્યોં ડરું...
– અટલ બિહારી વાજપેયી

**(૨) ઓડિશામાં ૧૪,૦૦૦ કરોડ રૂ.ની યોજનાનો શિલાન્યાસ**

- વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ઓડિશામાં ૧૪ હજાર કરોડ રૂપિયાના પ્રોજેક્ટસ્નો શિલાન્યાસ કર્યો.
- તેમણે ૧૨૬૦ કરોડ રૂપિયાના ખર્ચે બનેલા આઇઆઇટી– ભુવનેશ્વરના નવા કેમ્પસનું ઉદ્દઘાટન પણ કર્યું.
- આ પ્રોજેક્ટ આરોગ્ય, રસ્તા અને હાઇવે, ઉચ્ચ શિક્ષણ અને સંસ્કૃતિ સાથે સંબંધિત છે.
- ઓડિશા – રાજધાની – ભુવનેશ્વર, મુખ્ય પ્રધાન – નવીન પટનાયક, રાજ્યપાલ – ગણેશીલાલ

**(3) સશસ્ત્ર સીમા દળની ૫૫ મી વર્ષગાંઠ :**

- ૨૪ ડિસેમ્બર ૨૦૧૮ના રોજ સશસ્ત્ર સીમા દળની ૫૫મી વર્ષગાંઠ મનાવવામાં આવી.
- તેની ઉજવણીના ભાગરૂપે રાજધાની નવી દિલ્લી ખાતે એક કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું, આ કાર્યક્રમમાં કેન્દ્રિય ગૃહરાજ્ય મંત્રી મુખ્ય અતિથિ તરીકે હાજર રહ્યા હતા.
- કાર્યક્રમમાં પ્રેસિડેન્ટ પોલીસ મેડલ તેમજ ઇન્ડિયન પોલીસ મેડલ આપવામાં આવ્યા.
- સશસ્ત્ર સીમા દળ કેન્દ્રિય સશસ્ત્ર પોલીસ દળનું એક અંગ છે જેની સ્થાપના ૧૯૬૩માં ભારત– ચીન યુદ્ધ બાદ કરવામાં આવી હતી.
- તેનું મુખ્યાલય નવી દિલ્લી ખાતે આવેલ છે.

**(૪) કેવડીયા કોલોની ખાતે હેલિકોપ્ટર સુવિધા :**

- 'સ્ટેચ્યૂ ઓફ યુનિટી' ના મુલાકાતીઓ માટે હેલિકોપ્ટર સુવિધા શરૂ કરવામાં આવી છે.
- પ્રવાસીઓ 'સ્ટેચ્યૂ ઓફ યુનિટી' વધુ સારી રીતે અને રિયલ વ્યૂથી જોઇ શકે તે માટે ગુજરાત સરકાર અને પ્રવાસન વિભાગ દ્વારા હેલિકોપ્ટર સેવા શરૂ કરવામાં આવી રહી છે.
- દિલ્હીની હેરિટેજ એવિએશન કંપની દ્વારા ડેમ વિસ્તારમાં હેલીપેડ પરથી હેલિકોપ્ટરની રાઇડ શરૂ કરવામાં આવી છે.
- જેમાં પ્રવાસીઓને હેલિકોપ્ટરમાં ૧૦ મિનિટનો એક રાઉન્ડ ફેરવવામાં આવે છે. જેની ટીકિટ ૨,૯૦૦ રૂપિયા છે.
- વ્યુઇંગ ગેલેરીમાંથી સરદાર સરોવર નર્મદા ડેમ તેમજ સાતપુડા વિંધ્યાચળની પહાડીઓની નજારો જોઇ શકાય છે.

**(૫) દિવ્યાંગજન માટે રાજ્યની પ્રથમ મોબાઇલ કોર્ટ :**

- રાજ્ય સરકાર દ્વારા દિવ્યાંગ લોકોની માટે રાજ્યમાં સૌ પ્રથમ મોબાઇલ કોર્ટનું આયોજન કરવામાં આવ્યું છે.
- નર્મદા, ભરૂચ, અને છોટાઉદેપુર જિલ્લાના દિવ્યાંજનો માટે ભરૂચ ખાતે આ કોર્ટનું આયોજન કરવામાં આવ્યું છે.
- ભારત સરકારના ડીસીબિલિટી વિભાગ અંતર્ગત આ કોર્ટનું આયોજન થાય છે.

પ્રશ્નો :

૧ રાષ્ટ્રીય સુશાસન દિવસ ક્યારે ઉજવાય છે ?
– ૨૫ ડિસેમ્બર
૨ રાષ્ટ્રીય સુશાસન દિવસ કોની યાદમાં ઉજવાય છે ?
– અટલ બિહારી વાજપાયી
૩ ભારત સરકારે અટલજીની યાદમાં કેટલા રૂપિયાની સ્મારક સિક્કો બનાવવાની મંજુરી આપી ?
– ૧૦૦
૪ તાજેતરમાં સશસ્ત્ર સીમા દળની કેટલામી વર્ષગાંઠ ઉજવાય ?
– ૫૫ મી
૫ સ્ટેચ્યૂ ઓફ યુનિટીના વ્યુઇંગ ગેલેરીમાંથી કઇ પર્વતમાળા જોઇ શકાય છે ?
– સાતપુડા વિંધ્યાચળ પર્વતમાળા
૬ દિવ્યાંગજન માટે રાજયની પ્રથમ મોબાઇલ કોર્ટ નું આયોનજન કયા થયું ?
– ભરૂચ

## 26. December 2018

**(૧) બોગીબિલ બ્રિજનું ઉદ્દઘાટન :**

- ભારતના વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આસામના દિબ્રુગઢ જિલ્લામાં બ્રહ્મપુત્ર નદી પર દેશના સૌથી લાંબા ડબલડેકર બ્રિજનું ઉદ્દઘાટન કર્યું.

- આ બ્રિજ ૪.૯ કિલોમીટર લાંબો છે. આ બ્રિજ ભારત – ચીન સરહદ વિસ્તારમાં ખૂબ જ મહત્વપૂર્ણ ભૂમિકા ભજવશે.
- આ બ્રિજનું નામ બોગીબિલ રાખવામાં આવ્યું છે.
- આ બ્રિજનું નિર્માણ હિન્દુસ્તાન કન્સ્ટ્રક્શન કોર્પોરેશન દ્વારા કરવામાં આવ્યું છે.
- ૨૨ જાન્યુઆરી ૧૯૯૭ના રોજ તત્કાલીન પ્રધાનમંત્રી એચ ડી દેવગૌડાએ આ પ્રોજેક્ટનો પાયો નાખ્યો હતો.
- ૨૧ એપ્રિલ ૨૦૦૨ ના રોજ તત્કાલીન પ્રધાનમંત્રી અટલ બિહારી વાજપેયીના કાર્યકાળમાં આ બ્રિજનું કામ શરૂ થયું હતું.
- આ બ્રિજને ૨૦૦૭માં રાષ્ટ્રીય મહત્વની યોજના જાહેર કરવામાં આવી.

**બોગીબિલ બ્રિજની વિશેષતા :**

- બ્રિજભૂકંપ અસરગ્રસ્ત વિસ્તારમાં આવેલ છે માટે આ બ્રિજ ૭ થી વધુ તીવ્રતાના ભૂકંપને પણ સહી શકશે.
- પુલ અરૂણાચલ પ્રદેશમાં ભારત– ચીન સરહદે સૈનિકો અને સૈન્ય ઉપકરણોની મુવમેન્ટ માટે પણ મહત્વપૂર્ણ છે.
- બોગીબિલ બ્રિજનું આયુષ્ય ૧૨૦ વર્ષ છે.
- બ્રિજના નીચેના પુલમાં બે રેલવે ટ્રેક છે ઉપરના ભાગમાં ત્રણ લેનનો રોડ છે.
- રોડનું નિર્માણ એવી રીતે કરવામાં આવ્યું છે કે ઇમરજન્સીના સમયમાં ફાઇટર જેટ પણ તેની પર લેન્ડ કરી શકશે.
- દિબ્રુગઢ અને ધેમાજી જિલ્લાને જોડતો આ ભારતનો એકમાત્ર વેલ્ડેડ પુલ છે.
- તેમજ એશિયાનો બીજો સૌથી લાંબો રેલ રોડ પુલ છે.

**(૨) અમદાવાદના ઐતિહાસિક સ્થળોની મુલાકાત માટે વિશેષ બસ સેવા :**

- અમદાવાદના તમામ ઐતિહાસિક સ્થળોની લોકો મુલાકાત લઇ શકે તે માટે અમદાવદ મ્યુનિ. અને ગુજરાત ટુરિઝમે હોપ ઓન –હોપ ઓફ બસ સેવા શરૂ કરી.
- આ બસ સેવાનું ઉદ્ઘાટન મુખ્યમંત્રીએ કર્યું.
- આ બસ સેવામાં શહેરના ૩૨ થી વધારે ઐતિહાસિક સ્થળોની મુલાકાત લઇ શકાશે.

**(૩) વડોદરામાં થીમ પાર્કનું ઉદ્ઘાટન :**

- વડોદરા ખાતે બનેલ આજવા લેન્ડ થીમ પાર્કનું મુખ્યમંત્રી વિજય રૂપાણી દ્વારા લોકાર્પણ કરવામાં આવ્યું.
- આ થીમ પાર્કના મુખ્ય પ્રવેશદ્વારને ડિઝનીલેન્ડ થીમ પર તૈયાર કરવામાં આવ્યો છે.
- થીમ પાર્કમાં ૪૦ રાઇડ્સ આવેલી છે.
- આ દુનિયાનું એકમાત્ર થીમ પાર્ક છે કે જે સરોવરના કિનારે તૈયાર થયું હોય.
- આ થીમ પાર્કનું નામ આતાપી રખાયું છે. આતાપીએ પાલિ ભાષાનો શબ્દ છે. આધ્યાત્મિક દ્રષ્ટિ એ તેનો અર્થ સંતુલિત રહેવું થાય છે.

**(૪) મયંક ભારતીય ટેસ્ટ ટીમનો ૨૯૫ મો ખેલાડી :**

- મયંક અગ્રવાલ ટીમ ઈન્ડિયાનો ૨૯૫ મો ખેલાડી બન્યો.
- મેલબોર્ને ક્રિકેટ ગ્રાઉન્ડમાં ડેબ્યુ કરનાર મયંક અગ્રવાલે ઓસ્ટ્રેલિયા સામે ૭૬ રન ફટકાર્યા હતા.
- આ સાથે જ ઓસ્ટ્રેલિયામાં ટેસ્ટ ડેબ્યૂમાં મયંક સૌથી વધારે રન કરનાર ભારતીય બેટ્સમેન બન્યો.
- મયંક અગ્રવાલ બેંગલોરનો વતની છે.
- મયંક અગ્રવાલે ૨૦૧૩માં કર્ણાટક માટે રમી પોતાનું રણજી ડેબ્યૂ કર્યું હતું.
- ઓસ્ટ્રેલિયન ધરતી પર ડેબ્યૂ કરનાર મયંક બીજો ક્રિકેટર બન્યો છે.
- આ પહેલા ૧૯૪૭–૪૮માં સિડની ક્રિકેટ સ્ટેડિયમમાં અમીર ઇલાહીએ ટીમ ઇન્ડિયા તરફથી ડેબ્યૂ કર્યું હતું. ઇલાહી ભારતનો ૪૦ મો ટેસ્ટ ક્રિકેટર બન્યો હતો.

**(૫) ૨૦ રૂપિયાની નોટ :**

- રિઝર્વ બેન્ક ઓફ ઈન્ડિયા (આરબીઆઇ) ટૂંક સમયમાં ૨૦ રૂપિયાની નવી નોટ જાહેર કરશે.
- જૂની સીરિજની નોટ ચાલુ રહેશે.
- આરબીઆઇએ અગાઉ ૧૦,૫૦,૧૦૦ અને ૫૦૦ રૂપિયાની નવી નોટ જારી છે.
- આ સિવાય ૨૦૦ અને ૨,૦૦૦ રૂપિયાના નોટ પણ જારી કરવામાં આવી છે.
- ૨૦ રૂપિયાની આ નવી નોટ નોટબંધી બાદ જાહેર થનારી સાતમી નોટ હશે.
- વીસ રૂપિયાની આ નવી નોટ મહાત્મા ગાંધી સીરિઝમાં રજૂ કરવામાં આવશે.
- આ નવી નોટમાં રિઝર્વ બેંકના ગવર્નરના હસ્તાક્ષર હશે.

**(૬) જય નારાયણ પ્રસાદ – નિધન :**

- ભૂતપૂર્વ કેન્દ્રિય પ્રધાન કેપ્ટન જય નારાયણ નિષાદ ૨૪ ડિસેમ્બર ૨૦૧૮ના રોજ અવસાન પામ્યા.
- તેમણે બિહારના લોકસભાની મુઝફ્ફરપુર સંસદીય મતદારક્ષેત્રનું પ્રતિનિધિત્વ કર્યું હતું.
- ૧૮ નવેમ્બર, ૧૯૩૦ના રોજ જન્મેલા જય નારાયણ પ્રસાદ નિષાદ ૧૯૯૬ માં પ્રથમ વખત ૧૧ મી લોકસભામાં ચૂંટાયા હતા.
- ૧૯૯૬–૯૭ દરમિયાન તેમણે રાજ્ય, પર્યાવરણ અને વન મંત્રી તરીકે સેવા આપી હતી.

પ્રશ્નો :

૧ બોગીબિલ બ્રિજ કઇ નદી પર આવેલ છે ?
- બ્રહ્મપુત્રા

૨ બોગીબિલ બ્રિજ કયા રાજ્યમાં આવેલ છે ?
- આસામના દિબ્રુગઢમાં

૩ બોગીબિલ બ્રિજનું કામ કયા વડાપ્રધાનના સમયમાં શરૂ થયું ?
- એચ ડી. દેવગૌડા

૪ અમદાવાદના ઐતિહાસિક સ્થળોની મુલાકાત માટે કઇ બસ સેવા શરૂ કરી ?
- હોપ ઓન હોપ ઓફ

૫ વડોદરામાં આવેલ થીમ પાર્કનું નામ જણાવો ?
- આતાપી

૬ આતાપી કઇ ભાષાનો શબ્દ છે ? અર્થ જણાવો ?

– પાલિ ભાષા – અર્થ – સંતુલિત રહેવું
૭ મયંક અગ્રવાલ કયાનો વતની છે ?
– બેંગલોર, કર્ણાટક
૮ તાજેતરમાં RBI દ્વારા જાહેરાત મુજબ ઇક નવી નોટ જાહેર કરશે ?
– રૂા. ૨૦

## 27. December 2018

**(૧) રાત્રે ૧૧ થી સવારે ૬ વાગ્યા સુધીમાં પ્રવાસ બસ પર પ્રતિબંધ :**

– વધતાં જતાં અકસ્માતને પગલે રાજ્ય સરકારે ચોક્કસ નિયમો નક્કી કરીને અકસ્માત રોકવા માટેના પ્રયાસ કર્યા છે.
– નાયબ મુખ્યમંત્રી નીતિન પટેલ દ્વારા કરવામાં આવેલ જાહેરાત મુજબ શાળાઓએ પ્રવાસ દરમિયાન બસ રાત્રે ૧૧ થી સાંજે છ કલાક દરમિયાન ચલાવવાની રહેશે નહીં.
– આમ છતાં શાળાઓ નિયમનો ભંગ કરશે તો તેમની સામે ગંભીર બેદરકારી બદલ પગલા ભરાશે.
– શાળાઓએ પ્રવાસ દરમિયાન ખાસ તો નિયત સંખ્યા કરતા વધારે બાળકોની સંખ્યા લઇ જવાની રહેશે નહીં.
– રાજ્ય સરકારની કેબિનેટની બેઠકમાં આ નિર્ણય લેવામાં આવ્યો છે.

**(૨) કેન્દ્રિય પ્રવાસન મંત્રી કે.જે. આલ્ફોન્સ સ્ટેચ્યૂ ઓફ યુનિટિની મુલાકાતે :**

– કેવડિયા ખાતે સ્ટેચ્યુ ઓફ યુનિટીની મુલાકાતે આવેલાં કેન્દ્રિય પ્રવાસન મંત્રી કે.જે. આલ્ફોન્સે સ્ટેચ્યૂના વિકાસ માટે કેન્દ્રિય પ્રવાસન વિભાગમાંથી સ્પેશિયલ ગ્રાન્ટ ફાળવવાની જાહેરાત કરી હતી.
– પ્રવાસન વિભાગના સચિવ જેનુ દેવને રાજયના ૪ પ્રવાસન સ્થળોએ જેમાં નર્મદા ડેમ, શેત્રુંજય, ધરોઇ અને અમદાવાદ રીવર ફ્રન્ટ ખાતે સી પ્લેનની સુવિધાની જાહેરાત કરી હતી.

**(3) પોઇન્ટિંગ હોલ ઓફ ફેમમાં જોડાનાર ૨૫ મો ઓસ્ટ્રેલિયાનો ક્રિકેટર :**

– પૂર્વ ઓસ્ટ્રેલિયાના સુકાની રિકી પોઇન્ટિંગે આઇસીસી હોલ ઓફ ફેમમાં સ્થાન મળ્યું છે.
– તેને ભારત – ઓસ્ટ્રેલિયા ત્રીજી ટેસ્ટના દરમ્યાન હોલ ઓફ ફેમમાં સમાવેશ કર્યો હતો. ગ્લેન મેકગ્રાથે સ્મૃતિ ચિન્હ તરીકે ટોપી આપી હતી.
– પોઇન્ટિંગ હોલ ઓફ ફેમમાં સમાવેશ થનાર ઓસ્ટ્રેલિયાનો ૨૫ મો ખેલાડી બન્યો છે.
– આ વર્ષ ડબલિનમાં જુલાઇમાં આયોજિત આઇસીસીની વાર્ષિક કોન્ફરન્સમાં રાહુલ દ્રવિડ અને ઇંગ્લેન્ડની મહિલા વિકેટકીપર ક્લેયર ટેલરની સાથે હોલ ઓફ ફેમમાં સમાવેશ કરવાની જાહેરાત કરવામાં આવી હતી.
– પોઇન્ટિંગે ૨૦૧૨માં આંતરરાષ્ટ્રીય ક્રિકેટથી સન્યાસ લઇ લીધો હતો.
– તેણે ૧૬૮ ટેસ્ટમાં ૪૧ સદીની મદદથી ૧૩૩૭૮ રન કર્યા છે. જ્યારે ૩૭૫ વન–ડેમાં ૩૦ સદીની મદદથી ૧૩૭૦૪ રન કર્યા છે.

**(૪) સદૈવ અટલ :**

– ભારતના પૂર્વ પ્રધાનમંત્રી શ્રી અટલ બિહારી વાજપાઇના સમાધિ સ્થળ ‘સદૈવ અટલ’ ને રાષ્ટ્ર માટે સમર્પિત કરવામાં આવ્યું.
– રાષ્ટ્રપતિ રામનાથ કોવિંદ અને વડાપ્રધાન નરેન્દ્ર મોદી અટલ બિહારી વાજપાયીના જન્મદિવસ નિમિત્તે ૨૫ ડિસેમ્બર ૨૦૧૮ના રોજ ‘સદૈવ અટલ’ રાષ્ટ્રને સમર્પિત કર્યું.
– આ સમાધિ સ્થળ તે જગ્યા પર બનાવવામાં આવ્યું છે. જયાં ૧૭ ઓગસ્ટના રોજ, અટલ બિહારી વાજપેયીના મૃત્યુ પછી તેમની અંતિમવિધિ કરવામાં આવી હતી.
– આ સ્મારકનું સંચાલન લોકસભા અધ્યક્ષની અધ્યક્ષતા હેઠળ એક ટ્રસ્ટ દ્વારા કરવામાં આવશે.
– આ સ્મારક આશરે ૧.૫ એકરના વિસ્તારમાં ફેલાય છે.
– તેનું બાંધકામ કેન્દ્રિય લોક નિર્માણ વિભાગ દ્વારા કરવામાં આવ્યું છે.

**પ્રશ્નો :**

૧ રાજ્ય સરકારે પ્રવાસ બસ પર કેટલાથી કેટલા વાગ્યા સુધી પ્રતિબંધ કર્યો છે ?
– રાત્રે ૧૧ થી સવારે ૬ વાગ્યા.
૨ કેન્દ્રિય પ્રવાસન મંત્રીનું નામ જણાવો ?
– કે.જે. આલ્ફોન્સ
૩ રિકી પોન્ટિંગનું કાર્યક્ષેત્ર જણાવો ?
– ઓસ્ટ્રેલિયા
૪ અટલ બિહારી વાજપાયીના સમાધિ સ્થળનું નામ જણાવો ?
– સદૈય અટલ

## 28. December 2018

**(૧) ‘મોહમ્મદ રફી પુરસ્કાર’ :**

– સ્વ. સંગીતકાર લક્ષ્મીકાંત શાંતરામ કુલદલકર અને પ્લેબેક સિંગર ઉષા ટીમોથીને ‘મોહમ્મદ રફી પુરસ્કાર’ એનાયત કરવામાં આવ્યો.
– લક્ષ્મીકાંત શાંતરામ કુલદલકરને ‘મોહમ્મદ રફી લાઇફટાઇમ એચિવમેન્ટ’ થી સન્માનીત કરાવમાં આવ્યા.
– ‘મોહમ્મદ રફી પુરસ્કાર’ ની શરૂઆત મુંબઇ ભાજપાના પ્રમુખ આશિષ શેલરના એનજીઓ ‘સ્પંદન આર્ટસ’ દ્વારા કરવામાં આવી છે.
– સંગીતકાર લક્ષ્મીકાંત શાંતરામ કુલદલકર વતી તેમની દીકરીએ આ એવોર્ડ સ્વીકાર્યો હતો.
– લક્ષ્મીકાંત શાંતરામ કુદલકરનો જન્મ ૦3 નવેમ્બર, ૧૯૩૭ના રોજ મુંબઇમાં થયો હતો.
– લક્ષ્મીકાંતે પોતાના કેરિયરની શરૂઆત પુંડલિક (૧૯૪૯) અને આંખે (૧૯૫૦) ફિલ્મથી બાળ અભિનેતા તરીકે કરી હતી.
– લક્ષ્મીકાંત શાંતરામ કુદલકરે ‘બિંદિયા ચમકેગી’ ‘મે શાયર તો નહીં’ જેવા ગીતોમાં પોતાનો અવાજ આપ્યો છે.
– ઉષા ટીમોથીનો જન્મ નાગપુર, મહારાષ્ટ્રમાં થયો હતો. તેમણે હિન્દી, મલયાલમ, પંજાબી, ભોજપુર, અને મરાઠીમાં એક હજાર કરતા વધારે ગીતોને અવાજ આપ્યો.

- તેમણે હિમાલયની ગોડમાઈન ફિલ્મમાં તેમની કારકિર્દીની શરૂઆત કરી.
- ૧૧ વર્ષની વયે તેણે ઓલ ઈન્ડિયા રેડિયો પર ‘કેદ મે હૈ બુલબુલ’ ગીત ગાયું હતું.

**(૨) મૂળ ભારતીય રાજેશ સુબ્રમણ્યમ ફેડેક્સના સીઇઓ બન્યા.**

- ભારતીય મૂળના રાજેશ સુબ્રમણ્યમ કુરિયર કંપની ફેડેક્સના સીઇઓ તરીકે નિમાયા.
- હાલમાં તેઓ ફેડેક્સના એક્ઝિક્યુટિવ વાઇસ પ્રેસિડેન્ટ અને ચીફ માર્કેટીંગ એન્ડ કોમ્યુનિકેશન ઓફિસર છે.
- તેઓ ૧ જાન્યુઆરી ૨૦૧૯થી તેમનો હોદ્દો સંભાળશે.
- તેમનો જન્મ તિરુંવનંતપુરમમાં થયો હતો.
- તેઓએ ઈન્ડિયન ઈન્સ્ટિટ્યૂટ ઓફ ટેકનોલોજી, બોમ્બે ખાતે અભ્યાસ કર્યો છે.

**(૩) મહત્વકાંક્ષી જિલ્લા કાર્યક્રમ – બીજું ડેલ્ટા રેન્કિંગ :**

- નીતિ આયોગે મહત્વકાંક્ષી જિલ્લા કાર્યક્રમ નું બીજું ડેલ્ટા રેન્કિંગ જાહેર કર્યું.
- નીતિ આયોગના સીઇઓ અમિતાભ કાન્તે આ રેન્કિંગ જાહેર કર્યું.
- આ રેન્કિંગ ૧ જૂન ૨૦૧૮ થી ૩૧ ઑક્ટોબર ૨૦૧૮ દરમ્યાન જિલ્લા દ્વારા કરવામાં આવેલ વિકાસ આધારિત જાહેર કરવામાં આવ્યું છે.
- રેન્કિંગમાં તામિલનાડુના વિરૂદ્ધનગર, ઓડિશાના નૌપાડા અને યુપીના સિદ્ધાર્થનગરને આકાંક્ષી જિલ્લાઓની રેન્કિંગમાં ટોચનું સ્થાન મળ્યું છે.
- ઝારખંડના પાકુડ અને ચત્ર તથા આસામનું હિલ્લાકાંડી સૌથી ઓછા સુધારાવાળા આંકાક્ષી જિલ્લા બન્યા છે.
- જિલ્લાઓને આરોગ્ય, પોષણ, શિક્ષણ, કૃષિ અને જળ સંસાધનો, નાણાકીય સમાવેશ અને કૌશલ્ય વિકાસ અને આંતરમાળખાકીય ધોરણો પર પારદર્શિતાના આધારે વર્ગીકૃત કરવામાં આવ્યા છે.
- મહત્વકાંક્ષી જિલ્લા કાર્યક્રમ :
- આ કાર્યક્રમની શરૂઆત ૫ જાન્યુઆરી ૨૦૧૮ના રોજ વડાપ્રધાન નરેન્દ્ર મોદી દ્વારા કરવામાં આવી હતી.
- મહત્વકાંક્ષી જિલ્લાઓનું પ્રથમ ડેલ્ટા રેન્કિંગ જૂન ૨૦૧૮ માં રજૂ કરાવમાં આવ્યું હતું.
- National Institution for Transforming India
- સ્થાપના : ૧ જાન્યુઆરી ૨૦૧૫
- અધ્યક્ષ : વડાપ્રધાન નરેન્દ્ર મોદી : (હોદ્દાનીરૂએ)

**(૪) લોકસભાની ટ્રીપલ તલાક બિલ પસાર :**

- લોકસભામાં ટ્રીપલ તલાક બિલ પસાર થયું.
- આ તરફેણમાં ૨૪૫ મત થાય, બિલના વિરૂદ્ધમાં ૧૧ મતો થયા હતા.
- ટ્રિપલ તલાકને હવે રાજ્યસભામાં મંજૂરી માટે રજૂ કરવામાં આવશે.
- સુપ્રીમ કોર્ટ દ્વારા ટ્રિપલ તલાકને ગેરબંધારણીય ગણાવી સરકારે કાયદો બનાવવા માટે આદેશ આપ્યા હતા.

**ટ્રીપલ તલાક બિલ અંગેના પ્રસ્તાવ :**

- પીડિત સ્ત્રીની તેને અદાલતમાં પડકારી શકે છે. અને પોતાની કાનૂની રક્ષા માંગી શકે છે.
- કોઈપણ પ્રકારના છૂટાછેડા (બોલીને, લેખિત, ઇમેઈલ દ્વારા, એસએમએસ દ્વારા અને વોટ્સઅપ દ્વારા) ગેરકાયદેસર રહેશે.

**ટ્રીપલ તલાક શું છે ?**

- ટ્રીપલ તલાક મુસ્લિમ સમાજમાં છૂટાછેડા આપવાનો એક માર્ગ છે જે અંતર્ગત એક મુસ્લિમ પુરૂષ ત્રણ વખત તલાક શબ્દ બોલી તેમની પત્નીને છૂટાછેડા આપી શકે છે.
- ટ્રીપલ તલાક મુસ્લિમ પર્સનલ લૉ મુજબ કાયદેસર છે.
- વિશ્વમાં ૨૨ દેશો એવા છે, જ્યાં ટ્રીપલ તલાક પર સંપૂર્ણપણે પ્રતિબંધ છે.
- ટ્રીપલ તલાક પર વિશ્વમાં પ્રથમ પ્રતિબંધ લગાવનાર દેશ ઇજીપ્ત છે.
- પાકિસ્તાનમાં વર્ષ ૧૯૫૬ થી ટ્રીપલ તલાક પર પ્રતિબંધ મૂકાયો હતો.

**(૫) ABVPનું ૬૪ મું અધિવેશન :**

- ગુજરાતના અમદાવાદ ખાતે અખિલ ભારતીય વિદ્યાર્થી પરિષદ (એબીવીપી) ના ૬૪માં રાષ્ટ્રીય અધિવેશનનું આયોજન થયું.
- ABVP ના ૬૪માં અધિવેશને ગુજરાતના મુખ્યમંત્રી વિજય રૂપાણીએ ખુલ્લુ મૂક્યું.
- ૬૪મું અધિવેશન ‘ભારત ગર્વ’ થીમ પર યોજાયું છે.
- ABVP ની સ્થાપના ૯ જુલાઇ ૧૯૪૯ના રોજ આરએસએસ કાર્યકર્તા બલરાજ માધોક દ્વારા કરવામાં આવી હતી.
- એક વિદ્યાર્થી સંગઠન છે જેનું મુખ્યાલય મુંબઇ ખાતે આવેલ છે.
- ABVP નો મોટો જ્ઞાન, શીલ, એકતા છે.

**(૬) પંચમહોત્સવ – ૨૦૧૮**

- પંચમહાલ જિલ્લામાં પાવાગઢ નજીક ચાંપાનેર ખાતે યોજાયેલ પંચમહોત્સવ – ૨૦૧૮નું સમાપન થયું.
- મહોત્સવ ૨૩ ડિસેમ્બર થી ૨૭ ડિસેમ્બર સુધી યોજાયો હતો.
- આ મહોત્સવનો પ્રારંભ પર્યાવરણ રાજ્ય મંત્રી જયદ્રથસિંહે કર્યું હતું.
- કાર્યક્રમના પ્રારંભમાં વિવિધ શાળાના તેજસ્વી તારલાઓનું જિલ્લા ક્લેક્ટર દ્વારા સન્માન કરવામાં આવ્યું.
- પંચમહોત્સવ–૨૦૧૮ના અંતિમ દિવસે જાણીતા ગાયક કૈલાશ ખેરે પોતાના સૂરોની સરવાણી કરી હતી.
- આ મહોત્સવનું આયોજન દર વર્ષે ગુજરાત ટુરિઝમ દ્વારા કરવામાં આવે છે.

Vivekanand Academy Gandhinagar

- ચાંપાનેર યુનેસ્કો દ્વારા વર્ષ ૨૦૦૪ માં જાહેર કરવામાં આવેલ ગુજરાતની પહેલી વર્લ્ડ હેરિટેજ સાઇટ છે.

**(૬) ટ્રેન્ટ બોલ્ટે ૧૧ બોલના અંતરાલમાં ૫ વિકેટ ઝડપી :**

- ન્યુઝિલેન્ડના ફાસ્ટ બોલર ટ્રેન્ટ બોલ્ડે શ્રીલંકા સામે બીજી ટેસ્ટમાં નવો વર્લ્ડ રેકોર્ડ નોંધાવ્યો છે.
- બોલ્ટે ૧૧ બોલમાં ૫ વિકેટ ઝડપી હતી. આ ટેસ્ટ ક્રિકેટમાં નવો રેકોર્ડ છે.
- આ પહેલા ૧૨ બોલમાં ૫ વિકેટનો રેકોર્ડ બન્યો હતો.
- મોન્ટીએ ૧૧૬ વર્ષ પહેલાં ૧૨ બોલના ગેપમાં ૫ વિકેટ ઝડપીને રેકોર્ડ બનાવ્યો હતો.

**(૭) શૂટિંગ – મનુ ભાકર :**

- મનુ ભાકરે શુટીંગની નેશનલ પસંદગી ટ્રાયલ્સમાં મહિલા અને જુનિયર ૧૦ મી એર પિસ્ટલ ઇવેન્ટમાં ગોલ્ડ મેડલ જીત્યો છે.
- યુથ ઓલિમ્પિક, વર્લ્ડ કપ અને કોમનવેલ્થ ગેમ્સની ચેમ્પિયન મનુએ મહિલા કેટેગરીમાં ૨૪૨.૧નો સ્કોર કર્યો હતો.
- એસા સિંહ (૨૪૦.૪) બીજા અને અનુરાધા (૨૧૯.૩) ત્રીજા નંબર પર રહી હતી.
- પૂર્વ વર્લ્ડ નંબર ૧ અને ક્વોલિફિકેશનમાં વર્લ્ડ રેકોર્ડ બનાવનાર હીમા સિદ્ધુએ ૧૯૭.૩ ના સ્કોર સાથે ચોથા ક્રમે રહી હતી.

પ્રશ્નો :

(૧) લક્ષ્મીકાંત શાંતરામ કુ દલકર અને ઉષા ટીમો થી ને કયો પુરસ્કાર એનાયત કરવામાં આવ્યો ?
- મોહમ્મદ રફી પુરસ્કાર

૨ લક્ષીકાંત કુદલકરનો જન્મ કયાં થયો હતો ?
- મુંબઇ, મહારાષ્ટ્ર

૩ મહાત્વકાંક્ષી જિલ્લા કાર્યક્રમની શરૂઆત કોના દ્વારા કરવામાં આવી હતી ?
- નરેન્દ્ર મોદી

૪ મહત્વકાંક્ષી જિલ્લાકાર્યક્રમના બીજા ડેલ્ટા રેન્કિંગ અંતર્ગત ટોચના જિલ્લા જણાવો ?
- તામિલનાડુના વિરૂદ્ધનગર, ઓડિશાના નૌપાડા અને યુપીના સિધ્ધાર્થનગર

૫ વિશ્વ કુલ કેટલા દેશોમાં ટ્રીપલ તલાક પર પ્રતિબંધ છે ?
- ૨૨ દેશ

૬ પંચમહોત્સવ–૨૦૧૮નું આયોજન કયાં થયું હતું ?
- ચાંપાનેર, પંચમહાલ

૭ મનુભાકર કઇ રમત સાથે સંકળાયેલ છે ?
- શૂટિંગ

## 29. December 2018

**(૧) ભૂતાનના વડાપ્રધાનની ભારત મુલાકાત :**

- ભૂતાનના વડાપ્રધાન લોટે શેરિંગ પોતાના ત્રણ દિવસીય ભારત પ્રવાસ પર આવ્યા.
- પ્રવાસ દરમ્યાન તેમણે વડાપ્રધાન મોદી સાથે પ્રતિનિધિમંડળ સ્તરની બેઠક કરી હતી.
- વડાપ્રધાન મોદીએ ભૂતાનના વડાપ્રધાન લોટે શેરિંગ સાથે બેઠક બાદ પાડોશી ભૂતાનને ૧૨ મી પંચવર્ષીય યોજના માટે ૪,૫૦૦ કરોડ રૂપિયાની મદદ કરવાની જાહેરાત કરી હતી.
- ભૂતાનની નવી પંચવર્ષીય યોજના ચાલુ વર્ષે શરૂ થશે અને ૨૦૨૨ સુધી ચાલશે.
- ભારત અને ભૂતાન વચ્ચે રાજકીય સંબંધો ૧૯૬૮ થી શરૂ થયા હતા.
- ભારતે વર્ષ ૧૯૬૮માં ભૂતાનની રાજધાની થિમ્ફુ ખાતે એક વિશેષ કાર્યાલયની શરૂઆત કરી હતી.
- ભારત અને ભૂતાનના રાજકીય સંબંધોને ૨૦૧૮માં ૫૦ વર્ષ પૂર્ણ થાય છે.
- ભૂતાનમાં ગત મહિને ચૂંટણીમાં પોતાની પાર્ટીના વિજય બાદ શેરિંગ વડાપ્રધાન બન્યા હતા.

**(૨) ભારતના ઇતિહાસનું સૌથી મોટું કન્સાઇન્મેન્ટ અદાણી પોર્ટ પર આયાત થયું.**

- મુન્દ્રા સ્થિત અદાણી પોર્ટ એન્ડ સ્પેશિયલ ઇકોનોમિક ઝોનમાં અમેરિકાથી ઉત્પાદિત અને આયાત કરાયેલા ભારતીય રેલવેના ૫૦ જનરલ ઇલેક્ટ્રીક ટ્રાન્સપોર્ટેશન લોકોમેટીવ્સ ઉતર્યા હતા.
- ભારતીય રેલવે માટે આયાત થયેલા તમામ લોકોમેટિવ્સ (એન્જીન)નું ઉત્પાદન અમેરિકામાં કરવામાં આવ્યું છે.
- ભારતના ઇતિહાસનું સૌથી મોટું કન્સાઇન્ટમેન્ટ અદાણી પોર્ટ પર આયાત થયું હતું.
- ભારતીય શોપિંગ અને લોજિસ્ટીક ક્ષેત્રે પ્રથમવાર બન્યો છે.
- મુન્દ્રા પોર્ટ વિકાસ અને સંરક્ષણની કામગીરી માટેના વિવિધ કન્સાઇન્ટમેન્ટ હેન્ડલ કરવાની અનોખી વિશેષતા ધરાવે છે.
- પોર્ટ દ્વારા વેગન્સ અને વિવિધ મેટ્રો પ્રોજેક્ટસના લોજિસ્ટીકમાં મહત્વની દેશવ્યાપી કામગીરી બજાવી છે.
- જેમાં ૨૪૦ મેટ્રિક ટન ક્ષમતાના માઇનિંગ ડમ્પ ટ્રક અને હેવી ડ્યુટી એરક્રેન (હેલીકૉપ્ટરનો સમાવેશ થાય છે.)

**(૩) ગગનયાન પ્રોજેક્ટ :**

- કેન્દ્રિય કેબિનેટે દેશના પ્રથમ અંતરિક્ષ માનવ મિશન ગગન યાનને મંજૂરી આપી દીધી.

Vivekanand Academy Gandhinagar

- આ મિશન હેઠળ ત્રણ ભારતીય યાત્રીને ૭ દિવસ માટે અંતરિક્ષમાં પૃથ્વીની નીચલી કક્ષામાં મોકલવામાં આવશે.
- ૨૦૨૨ની શરૂઆત સુધી ઇસરો માનવ મિશન અંતરિક્ષમાં મોકલશે.
- તેનો કુલ ખર્ચ ૧૦ હજાર કરોડ રૂપિયા થશે.
- યાત્રીઓ, જનારા મોડ્યુલ અને અન્ય તમામ ઉપકરણોને જીએસએલવી એમ કે -૩ યાન લઇ જશે.
- વડાપ્રધાન મોદીએ ૧૫ ઓગસ્ટ ૨૦૧૮ના રોજ લાલ કિલ્લા પરથી ૨૦૨૨ સુધી દેશના પ્રથમ માનવ મિશનની જાહેરાત કરી હતી.

**(૪) બુમરાહે વર્ષમાં ૪૫ વિકેટ લઇને વિક્રમ સર્જ્યો**

- ભારતીય બોલર જસપ્રીત બુમરાહે એક વર્ષમાં ૪૫ વિકેટ લઇને વિક્રમ સર્જ્યો છે.
- તેણે ડાબોડી સ્પિનર દિલીપ દોશીના ૩૯ વર્ષ જૂના ૩૯ વિકેટ લેવાનો વિક્રમ તોડ્યો છે.
- ત્રીજી ટેસ્ટની પહેલી ઇનિંગમાં બુમરાહે ૩૩ રન આપી ૬ વિકેટ લીધી હતી.
- જસપ્રીત બુમરાહ (૬/૩૩)ની કારકિર્દીનું શ્રેષ્ઠ પ્રદર્શન તેણે ઓસ્ટ્રેલિયા સામે કર્યું છે.
- બુમરાહે આ વર્ષે અત્યાર સુધી દેશની બહાર ૯ મેચમાં ૪૫ વિકેટ લઇ ચુક્યો છે. આ કોઇપણ ભારતીય બોલરનું સર્વશ્રેષ્ઠ પ્રદર્શન છે.
- ફાસ્ટ બોલર શમીએ આ વર્ષે ૪૩ વિકેટ ઝડપી છે. તે બીજા નંબર પર છે.
- આ પહેલા ૨૦૦૬માં અનિલ કુંબલે એ સૌથી વધુ ૪૩ વિકેટ ઝડપી હતી.
- બુમરાહે ૨૦૧૮માં પોતાની ટેસ્ટ કારકિર્દીની શરૂઆત કરી હતી. તે ભારત તરફથી ટેસ્ટમાં ડેબ્યુ કરનાર વર્ષમાં સૌથી વધુ વિકેટ લેનાર બોલર બની ગયો છે.
- આ પહેલા ૧૯૭૯માં સ્પિનર દિલીપ જોષીએ ડેબ્યૂ વરમાં ૪૦ વિકેટ ઝડપી હતી.
- બુમરાહે એક જ વર્ષમાં ઇંગ્લેન્ડ, દ.આફ્રિકા અને ઓસ્ટ્રેલિયામાં ૧ ઇનિંગમાં ૫ વિકેટ લેનાર પહેલો એશિયન બન્યો છે.

**(૬) પોક્સો અધિનિયમમાં સુધારાને મંજૂરી :**

- વડાપ્રધાન મોદીની અધ્યક્ષતામાં મળેલી કેબિનેટે બાળકો સામેના લૈંગિક ગુનાઓ માટેના દંડને વધુ કઠોર બનાવવા બાળ યૌન અપરાધ સંરક્ષણ (પોક્સો) અધિનિયમમાં સુધારાને મંજૂરી આપી.

**પોક્સો અધિનિયમ :**

- આ અધિનિયમ ૧૮ વર્ષથી ઓછી ઉંમરના વ્યક્તિના રૂપમાં પરિભાષિત કરે છે.
- બાળકોને શારીરિક, ભાવનાત્મક, બૌદ્ધિ અને સામાજિક વિકાસની ખાતરી સાથે બાળકોના હિતો અને કલ્યાણનું સન્માન કરે છે.
- જાતિય હુમલો, જાતીય સતામણી અને પોર્નોગ્રાફી સામે રક્ષણ કલ્યાણ મન બાળકોના હિત અને સુરક્ષા પૂરી પાડવા માટે કરવામાં આવી હતી. આ અધિનિયમમાં લિંગ ભેદભાવ નથી.
- આ અધિનિયમ અંતર્ગત નાબાલિક બાળકો સાથે થનાર જાતીય ગુનાઓ અને છૂટાછેડાના કેસોમાં પગલાં લેવામાં આવે છે.
- આ કાયદા હેઠળ જુદા જુદા ગુનાઓ માટે અલગ સજા નક્કી કરવામાં આવી છે.

પ્રશ્નો :

૧ ભૂટાનના વડાપ્રધાન જણાવો ?
- લોટે શેરિંગ

૨ ભૂટાનની રાજધાની જણાવો ?
- થિમ્ફુ

૩ દેશનું પ્રથમ અંતરિક્ષ માનવ મિશનનું નામ જણાવો ?
- ગગનયાન પ્રોજેક્ટ

૪ જસપ્રિત બુમરાહનું કાર્યક્ષેત્ર જણાવો ?
- ક્રિકેટ

૫ બાળ યૌન અપરાધ સંરક્ષણ અધિનિયમનું ટુંકુનામ જણાવો ?
- પોક્સો

## 30. December 2018

**(૧) કનૈયાલાલ મુનશી :**

- ગુજરાતી ભાષાના સાહિત્યકાર અને સ્વતંત્રતા સૈનિક કનૈયાલાલ મુનશીનો આજે જન્મદિવસ છે.
- તેમનો જન્મ ૩૦ ડિસેમ્બર ૧૮૮૭ ના રોજ ભરૂચમાં થયો હતો.
- તેઓ ગાંધીજીના પ્રભાવમાં આવ્યા બાદ આઝાદીના આંદોલનમાં જોડાયા હતા.
- વર્ષ ૧૯૩૯ માં તેમણે મુંબઇ સરકારમાં મંત્રી તરીકે સેવા આપી હતી.
- તેમણે બંધારણ સભાના સભ્ય, ઉત્તરપ્રદેશના રાજ્યપાલ અને કેન્દ્ર સરકારમાં પ્રધાન જેવા હોદ્દાઓ પણ શોભાવ્યાં છે.
- તેઓએ સરદાર વલ્લભભાઇ પટેલ સાથે હૈદરાબાદ વિલિનીકરણમાં મહત્વની ભૂમિકા ભજવી હતી.
- કનૈયાલાલ વર્ષ ૧૯૩૭, ૧૯૪૯ અને ૧૯૫૫ માં ગુજરાતી સાહિત્ય પરિષદના પ્રમુખ પણ રહ્યા હતા.
- વર્ષ ૧૯૮૮માં ભારત સરકારે તેમની પ્રવૃતિના માન આપી ટપાલ ટિકિટ જાહેર કરી હતી.

**તેમની પ્રખ્યાત કૃતિઓ :**

- ગુજરાતનો નાથ

Vivekanand Academy Gandhinagar

- રાજાધિરાજ
- પાટણની પ્રભુતા
- કાકાની શીશી
- કૃષ્ણઅવતાર
- ગુજરાતની અસ્મિતા
- લોપામુદ્રા તપસ્વિની

**(૨) ભારત ૧૫૦ ટેસ્ટ મેચ જીતનાર પાંચમો દેશ :**

- ભારતીય ટીમએ ઑસ્ટ્રેલિયાને ૧૩૭ રનથી પરાજય આપ્યો.
- આ સાથે જ મેલબોર્ન ક્રિકેટ સ્ટેડિયમ ખાતે ૩૭ વર્ષ પછી પ્રથમ ટેસ્ટ મેચ પર જીત મેળવી.
- ટેસ્ટ ક્રિકેટના ઇતિહાસમાં ૧૫૦ ટેસ્ટ મેચ જીતનાર ભારત પાંચમો દેશ બન્યો.
- ૧૯૩૨ થી હાલ સુધી ભારતે ૫૩૨ ટેસ્ટ મેચ રમી છે, જેમાંથી ૧૫૦ પર જીત મેળવી છે જ્યારે ૧૬૫ મેચ ગુમાવી છે.
- ભારત સિવાય, ઓસ્ટ્રેલિયા (૩૮૪), ઇંગ્લેન્ડ (૩૬૪) વેસ્ટ ઇન્ડિઝ (૧૭૧) અને દક્ષિણ આફ્રિકા (૧૬૨) એ આ સિદ્ધિ પ્રાપ્ત કરી છે.
- વિરાટ કોહલીની કપ્તાનીમાં ભારતે વિદેશી ધરતી પર ૧૧ મી જીત મેળવી.

| ટીમ | મેચ | જીત | હાર | ડ્રો | |
|---|---|---|---|---|---|
| ઑસ્ટ્રેલિયા | ૮૧૭ | ૩૮૪ | ૨૨૨ | ૨૦૯ | |
| ઇંગ્લેન્ડ | ૧૦૦૭ | ૩૬૪ | ૨૯૮ | ૩૪૫ | |
| વેસ્ટ ઇન્ડિઝ | ૫૩૯ | ૧૭૧ | ૧૯૨ | ૧૭૫ | |
| દક્ષિણ આફ્રિકા | ૪૨૮ | ૧૬૨ | ૧૪૨ | ૧૨૪ | |
| ભારત | | ૫૩૨ | ૧૫૦ | ૧૬૫ | ૨૧૬ |
| પાકિસ્તાન | ૪૨૧ | ૧૩૬ | ૧૨૬ | ૧૫૯ | |

**(૪) ફિલ્મ નિર્માતા મૃણાલ સેનનું નિધન :**

- જાણીતા ફિલ્મ નિર્માતા મૃણાલ સેનનું નિધન થયું.
- તેમની મોટાભાગની ફિલ્મો બંગાળીમાં હતી.
- તેમનો જન્મ ૧૪ મે ૧૯૨૩ના રોજ બંગાળ પ્રેસિડેન્સીના ફરીદપુર (હાલ – બાંગ્લાદેશ) માં થયો હતો.
- તેઓને ૧૯૮૩માં પદ્મભૂષણથી સન્માનીત કરાવમાં આવ્યા હતા.

પ્રશ્નો :

(૧) કનૈયાલાલ મુનશીનો જન્મ ક્યાં થયો હતો ?
- ભરૂચ

(૨) 'ગુજરાતનો નાથ' કૃતિના કર્તા જણાવો ?
- કનૈયાલાલ મુનશી

(૩) ટેસ્ટ ક્રિકેટના ઇતિહાસમાં ૧૫૦ ટેસ્ટ મેચ જીતનાર પાંચમો દેશ જણાવો ?
- ભારત

(૪) મૃણાલ સેન નું કાર્યક્ષેત્ર જણાવો ?
- ફિલ્મ નિર્માતા

## 31. December 2018

**(૧) આંદમાનના ત્રણ ટાપુનું નામ બદલવાની જાહેરાત :**

- વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ બ્લેયર ખાતે ૩૦ ડિસેમ્બર ૧૯૪૩ના રોજ ભારતીય ભૂમિ પર નેતાજી સુભાષ ચંદ્ર બોસ દ્વારા ફરકાવવામાં આવેલ તિરંગાની ૭૫ મી વર્ષગાંઢ નિમિત્તે સભા સંબોધી હતી.
- વડાપ્રધાને મરિના પાર્ક ખાતે ૧૫૦ ફૂટ ઊંચો રાષ્ટ્રીય ધ્વજ ફરકાવ્યો.
- વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આંદમાનના ત્રણ ટાપુ રોસ, નીલ અને હવેલૉકના નામ બદલવાની જાહેરાત કરી.
- આ પ્રસંગે તેમણે એક ટપાલ ટિકિટ અને ૭૫ રૂપિયાનો સિક્કો પણ બહાર પાડ્યા.
- આ ઉપરાંત તેમણે સુભાષ ચંદ્ર બોઝના નામ પર યુનિવર્સિટીની સ્થાપનાની જાહેરાત કરી.

**ટાપુઓ માટે નવા નામ :**

| જૂનું નામ | નવા નામો |
|---|---|
| રોસ ટાપુ | નેતાજી સુભાષ ચંદ્ર બોસ ટાપુ |
| નીલ ટાપુ | શહીદ ટાપુ |
| હવેલૉક ટાપુ | સ્વરાજ ટાપુ |

**(૨) ૫૧ મી મન કી બાતો :**

- ભારતીય વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ૫૧મી મન કી બાત સંબોધી.
- દર મહિનાના છેલ્લા રવિવારે વડાપ્રધાન મોદી રેડિયો દ્વારા દેશની જનતાને સંબોધે છે.
- વડાપ્રધાન મોદીએ પ્રથમ વખત ૩ ઓક્ટોબર ૨૦૧૪ના રોજ મન કી બાત થી દેશનું સંબોધન કર્યું હતું.
- આ કાર્યક્રમ ઓલ ઇન્ડિયા રેડિયો (AIR) અને દૂરદર્શન પર પ્રસારિત કરવામાં આવે છે.

**મન કી બાતના મહત્વના અંશો :**

- પીએમ મોદીએ કેન્દ્ર સરકાર દ્વારા વર્ષ ૨૦૧૮માં હાથ ધરાવમાં આવેલી મોટી પહેલની અંગે ચર્ચા કરી અને તેની સિદ્ધિઓની જાણકારી આપી હતી.
- વડાપ્રધાન મોદીએ ૨૦૧૮ની સીમાચિન્હ સિદ્ધિઓ પૈકી, સરદાર વલ્લભભાઇ પટેલની યાદમાં એકતાના સ્ટેચ્યુ ઓફ યુનિટીની વિશ્વનછી સૌથી ઊંચી મૂર્તિનું અનાવરણ અને આઝાદ હિન્દ સરકારની રચનાની ૭૫મી વર્ષગાંઠની ઉજવણીનો ઉલ્લેખ કર્યો.

Vivekanand Academy Gandhinagar

- વડાપ્રધાને વર્ષ ૨૦૧૮માં રમત ક્ષેત્રે સફળતા મેળવનાર મહિલા ખેલાડીઓને અભિનંદન પાઠવ્યા હતા.
- તેમણે ત્રણ મહિલા ખેલાડીઓનો ઉલ્લેખ કરતા કહ્યું – આ દીકરીઓની ઉપલબ્ધિઓ અમને ઉર્જા આપે છે. તેમની મહેનત બતાવે છે કે પરિસ્થિતિઓ ગમે તેટલી વિપરીત કેમ ના હાય કાંઇક કરવાનું જૂનૂન હમેશા જીતે છે.
- આ ત્રણ યુવતીઓ પાણીપતની રજની, દક્ષિણ કાશ્મીરની હનાયા અને પૂણેની વેદાંગીની છે.

**(૩) કુંવરજી બાવળિયાએ ગાંધીનગર ખાતે શપથ લીધા :**

- જસદણ વિધાનસભા –૭૨ મતવિસ્તારની પેટા ચુંટણીમાં ભાજપના જીતેલા ઉમેદવાર કુંવરજીભાઇ બાવળીયા ધારાસભ્ય તરીકે શપથ લીધા.
- તેઓ હાલ પશુપાલન, ગ્રામ, ગૃહ નિર્માણ અને પાણી પુરવઠા મંત્રી છે.
- કુંવરજીએ ગાંધીનગર ખાતે વિધાનસભાના અધ્યક્ષ રાજેન્દ્રભાઇ ત્રિવેદીની હાજરીમાં ધારાસભ્ય તરીકે શપથ લીધા.

**(૪) રાષ્ટ્રપતિ રામનાથ કોવિંદની પ્રથમ વખત સાસણ ગીર મુલાકાત :**

- રાષ્ટ્રપતિ રામનાથ કોવિંદ બે દિવસીય સૌરાષ્ટ્ર કચ્છની મુલાકાતે આવ્યા.
- રાષ્ટ્રપતિ રામનાથ કોવિંદે સાસણગીરની મુલાકાત લીધી હતી.
- આ સાથે તેમણે સોમનાથ મહાદેવને શીશ નમાવ્યું હતું.
- સાસણ ગીરની મુલાકાત દરમિયાન રાષ્ટ્રપતિએ ડેડકડી રેન્જ અને કેરંભા રાઉન્ડ સહિત પાંચ વિસ્તારમાં સિંહ નિહાળ્યાં હતાં.
- તેમણે સાસણ સિંહ સદનમાં ઓડિટોરીયમ ખાતે છંદ–દુહા, રાસ અને સીદી બાદશાહોનું ધમાલ નૃત્ય સહિતનાં કાર્યક્રમોધ નિહાળ્યાં હતાં.
- રાષ્ટ્રપતિ કોવિંદ સાસણગીરના પ્રવાસે પ્રથમ વખત આવ્યા હતાં.

પ્રશ્નો :

(૧) આંદામાનના રોસ ટાપુનું નવું નામ જણાવો ?
- નેતાજી સુભાષચંદ્ર બોઝ

૨ ડિસેમ્બર–૨૦૧૮માં નરેન્દ્ર મોદીએ કેટલામી મન કી બાત સંબોધી હતી ?
- ૫૧ મી

૩ ગુજરાત વિધાનસભાના અધ્યક્ષ જણાવો ?
- રાજેન્દ્રભાઇ ત્રિવેદી

૪ ભારતના રાષ્ટ્રપતિ તાજેતરમાં કયા ગુજરાતના જિલ્લાની મુલાકાતે આવ્યા હતાં.
- સૌરાષ્ટ્ર, કચ્છ

૫ નીલ ટાપુનું નવું નામ જણાવો ?
- શહીદ ટાપુ

૬ હેવલોક ટાપુનું નવું નામ જણાવો ?
- સ્વરાજ ટાપુ

Vivekanand Academy Gandhinagar